અમદાવાદ સીટી, પાટણ, સુરેન્દ્રનગર, ગાંધીનગર

પાનાં : ૧૬+ ૧૬ કિંમત : રૂા. ૫-૦૦ ** તા. ૨૪ નવેમ્બર ૨૦૨૬ મંગળવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૩ શકે ૧૯૪૮ કારતક સુદ - ૧૫ વર્ષ : ૯૪, અંક : ૩૧૭ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1 - 2 - 3 - 4

સહિયર

રશિયા દ્વારા યુક્રેન પર માત્ર ૨૪ કલાકમાં જ ૮૪૩ હુમલા

યુક્રેન યુદ્ધની જ્વાળા આફ્રિકા પહોંચી

લિબિયામાં રશિયન જહાજ ઉડાવ્યું

મોસ્કો, તા. ૨૩

યુક્રેન દ્વારા લીબિયામાં રશિયન યુદ્ધ જહાજ પર હુમલો કરવામાં આવ્યો હતો. યુક્રેને ડ્રોન દ્વારા કરેલા આ હુમલામાં રશિયાનું જહાજ સમુદ્રમાં સમાઈ ગયું હતું. જ્યારે રશિયાએ યુક્રેન પર ૨૪ કલાકમાં ૮૪૩ હુમલા કર્યા હતા અને અનેક વિસ્તારોને નિશાન બનાવ્યા હતા. આ હુમલામાં એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું સાથે જ અનેક ઈમારતોને નુકસાન પણ પહોંચ્યું હતું.

યુક્રેનનો લિબિયામાં રશિયન બેઝની સાથે સાઈબેરિયામાં પણ ફૂડ ઓઈલની રિફાઈનરીઓ પર હુમલો : ઝેલેન્સ્કીએ વીડિયો વાયરલ કર્યો

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ રશિયા અને યુક્રેન યુદ્ધને રોકવાની મોટી વાતો કરી રહ્યા છે જોકે તેની કોઈ જ અસર નથી થઈ રહી, અનેક બેઠકો છતા રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ આગળ વધી રહ્યું છે.

લીબિયામાં રશિયાના નેવી બેઝ પર યુક્રેન દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. યુક્રેને આ હુમલા માટે ડ્રોનની મદદ લીધી હતી, હુમલામાં રશિયાનું યુદ્ધ જહાજ ડુબી ગયું હતું સાથે જ એરક્રાફ્ટ કેરિયર મર્ક્યુરીને પણ ભારે નુકસાન પહોંચ્યું હતું.

આ હુમલા બાદ રશિયાના નેવી બેઝમાં આગ લાગી ગઈ હતી. આ માહિતી યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી દ્વારા આપવામાં આવી હતી. સાથે જ સાઈબેરિયામાં રશિયાની ઓઈલ રિફાઈનરી પર પણ યુક્રેન દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. સાથે જ રોસ્ટવ પ્રાંતમાં પણ એક રશિયન ઓઈલ રિફાઈનરીનું કામ સોમવારે અટકાવી દેવુ પડ્યું હતું, સ્થાનિક ગવર્નર યુરીએ કહ્યું હતું કે યુક્રેનના ડ્રોન અને મિસાઈલ દ્વારા આ હુમલા કરાયા હતા જે છ કલાક સુધી ચાલ્યા હતા. જ્યારે લીબિયાએ યુક્રેનના હુમલાને લઈને સંયુક્ત રાષ્ટ્રને પત્ર લખ્યો છે અને આ સમગ્ર મામલે દખલ દેવાની માગણી કરી છે. આ હુમલામાં લીબિયા અને રશિયાના ૧૦ નાગરિકો ઘાયલ થયા હતા. આ ઉપરાંત રશિયાની એક કાર્ગો શિપને પણ નિશાન બનાવવામાં આવી હતી.

રશિયાના હુમલામાં એકનું મોત, યુક્રેનના હુમલામાં ૧૦થી વધુ ઘાયલ થયાના અહેવાલો



એક સમય હતો જ્યારે, માનવામાં આવતું કે, જે દેશની સૈન્ય તાકાત વધારે તે યુદ્ધ જીતે. પરંતુ, મોર્ડન ડ્રોન સાથે ચિત્ર બદલાઈ ગયું છે. હવે, કોઈપણ નાનકડો દેશ અનેક કિમી દૂર ભયંકર મોટો હુમલો કરવા સક્ષમ છે. યુક્રેને ૨,૭૦૦ કિમી દૂર રશિયા પર ડ્રોનથી હુમલો કર્યો. આ હુમલામાં સી-ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લોદોમીર ઝેલેન્સ્કીએ હુમલાની જવાબદારી સ્વીકારતા કહ્યું કે, આ ઓપરેશનમાં યુક્રેનમાં બનાવવામાં આવેલી સાત માનવરહિત દરિયાઈ બોટનો ઉપયોગ કરવામાં આવ્યો. આ બોટને એક મોટા જહાજ મારફતે હુમલા માટે છોડવામાં આવી હતી. હુમલામાં મર્ક્યુરી યુદ્ધજહાજ ઉપરાંત રશિયાના કેએ-૨૭ હેલિકોપ્ટરને નષ્ટ કરવામાં આવ્યું હતું. આ હુમલાની સૌથી મહત્વની બાબત એ છે કે, અબજોના યુદ્ધજહાજોને પણ ઓછી કિંમતના માનવરહિત ડ્રોનથી મોટું નુકસાન થઈ શકે છે.

રિઝર્વ બેન્કનો સાયબર ફ્રોડ અટકાવવા નવો પ્રસ્તાવ

ડિજિટલ બેન્કિંગમાં છેતરપિંડી રોકવા ગ્રાહકો હવે સ્ટોપ સ્વિચથી પેમેન્ટ અટકાવી શકશે

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,તા.૨૩

બેન્કના બચત કે કરન્ટ એકાઉન્ટ ધરાવનારા ખાતેદારોને રીઝર્વ બેન્કે 'સ્ટોપ સ્વિચ અને 'ટ્રસ્ટેડ પર્સદ કરવાની પદ્ધતિને અપનાવવા દેવાની નવી વ્યવસ્થા કરી આપનાવવાનો વિકલ્પે રીઝર્વ બેન્કે નિર્ણય કર્યો છે. સ્ટોપ સ્વિચ એક એવી ઈમરજન્સી સુવિધા છે, જેના દ્વારા ગ્રાહક એક જ પગલામાં પોતાના ખાતામાંથી થતા તમામ ભાવિ ગ્રાહક-પ્રેરિત આઉટગોઈંગ ડેબિટ્સ તાત્કાલિક બંધ કરી શકશે. સ્ટોપ સ્વિચ સક્રિય થાય ત્યારે ગ્રાહક નવા ડેબિટ ટ્રાન્ઝેક્શન શરૂ કરી શકતા નથી. ત્યારબાદ નવા મેન્ડેટ કે સ્ટેન્ડિંગ ઈન્સ્ટ્રક્શન્સ બનાવી શકતા નથી અને નવી થર્ડ-પાર્ટી યુપીઆઈ એપ પર ખાતું રજિસ્ટર કરી શકતા નથી.જોકે, ખાતામાં આવતા નાણાં (ઈનકમિંગ ક્રેડિટ્સ) ચાલુ રહેશે અને અગાઉથી શરૂ થયેલા રિકરિંગ મેન્ડેટ્સ, સ્ટેન્ડિંગ ઈન્સ્ટ્રક્શન્સ તથા લોનના હપ્તા કે ચા જસ જેવા બેન્ક-પ્રેરિત ડેબિટ્સ આ નિયંત્રણની બહાર રહેશે. પહેલી જુલાઈ ૨૦૨૭થી નવી વ્યવસ્થા અમલમાં આવી જશે.

ટ્રસ્ટેડ પર્સનને ટ્રાન્ઝેક્શનની વિગતો મોકલ્યા પછી એક કલાકમાં પ્રતિસાદ આપવો પડશે : નિર્ધારિત સમયમાં પ્રતિભાવ ન મળે તો વ્યવહાર રદ થશે

અત્યાર સુધીનું માળખું છેતરપિંડી થયા પછી ગ્રાહકની જવાબદારી અને વળતર પર કેન્દ્રિત હતું, પરંતુ આ નવી દરખાસ્તો નાણાં ખાતામાંથી બહાર જાય તે પહેલાં જ ગ્રાહકોને નિયંત્રણ કરવાની તક આપીને છેતરપિંડી અટકાવવાની વ્યવસ્થા પર ભાર મૂકવામાં આવતો હતો. પરંતુ, હવે રીઝર્વ બેન્કે દાખલ કરેલી સ્વૈચ્છિક 'ટ્રસ્ટેડ પર્સનના મિકેનિઝમ હેઠળ ગ્રાહક ૧૮ વર્ષ કે તેથી વધુ વયની વ્યક્તિને ખાતું ચલાવવા માટે નોમિનેટ કરી શકશે. ખાતામાં થતાં વહેવારો માટે જે તે વ્યક્તિએ નિયુક્ત કરેલી વ્યક્તિને પૂછવામાં આવશે. તેની સૂચના મળતાં જ પેમેન્ટ અટકાવી દેવામાં આવશે.આ જ રીતે ગ્રાહકે નક્કી કરેલી મર્યાદા કરતાં વધુ રકમના ફંડ ટ્રાન્સફરને મંજૂરી આપી શકશે. ટ્રસ્ટેડ પર્સનને ટ્રાન્ઝેક્શનની વિગતો મળશે અને તેમણે એક કલાકમાં પ્રતિસાદ આપવો પડશે. તદુપરાંત નિર્ધારિત સમયમાં મંજૂરી ન મળે કે ટ્રાન્સફર નકારવામાં આવે તો વ્યવહાર રદ થશે. આ સુવિધા માટે ગ્રાહક અને ટ્રસ્ટેડ પર્સન બંનેની સ્પષ્ટ સંમતિ જરૂરી છે, અને ટ્રસ્ટેડ પર્સનને ખાતાની કોઈ એક્સેસ કે વ્યવહારોની જવાબદારી રહેશે નહીં.

રિઝર્વ બેન્કે ઈલેક્ટ્રોનિક બેન્કિંગ

(અનુસંધાન ૧૧મે પાને)

બેધડક -મંજુલ



તમે ચૂંટણી હારી ગયા છો. થોડા સમજદાર બનો, તમે જે નફરત ફેલાવી છે તે દૂર કરવાની છે, તમે રસ્તા પર લગાવેલી સ્ટ્રીટલાઈટ નહીં !

અમેરિકન પ્રમુખ ટ્રમ્પનું દબાણ કામ કરી ગયું

જેન્સેન હુઆંગની એનવિડિયાના સીઈઓ તરીકે ઘરવાપસી થઈ

વોશિંગ્ટન,તા.૨૩

અમેરિકન પ્રમુખ ટ્રમ્પના દબાણના પગલે એનવિડિયાએ તેના વિવાદાસ્પદ વડા અને સીઈઓ જેન્સેન હુઆંગની ફરીથી કંપનીના પ્રમુખપદે અને સીઈઓ તરીકે પુનઃ નિમણૂક કરી છે. તેમના પર વિદેશી ઈન્ટેલિજન્સ ઓપરેશનના આરોપના પગલે તેમણે બધા હોદ્દા પરથી રાજીનામુ આપ્યું હતું. હવે કંપનીના બોર્ડે સર્વાનુમતે તેમના પુનરાગમનને મંજૂરી આપી છે.

હુઆંગના પાછા ફરવાના અહેવાલોથી સોમવારે તેનો શેર ૩૩.૭ ટકા ઉછળીને ૧૬૭.૫૬ ડોલરને સ્પર્શી ગયો હતો. એનવિડિયાનો શેર શુક્રવારે ૧૨૫.૫૩ ડોલર પર બંધ

(અનુસંધાન ૧૧મે પાને)

નાસ્ડાકમાં સાત ટકાથી વધુ, ડાઉ જોન્સમાં ૧,૬૦૦ પોઈન્ટનો ઉછાળો

વોશિંગ્ટન,તા.૨૩

એનવિડિયાએ જેન્સેન હુઆંગને સીઈઓ પદેથી ફરીથી નીમવાનો નિર્ણય લેતા તેની આગેવાની હેઠળ નાસ્ડાક સાત ટકાથી વધુ ઉછળ્યો હતો. જ્યારે ડાઉ જોન્સ ત્રણ ટકાથી વધુ ઉચકાઈને ૧,૬૦૦ પોઈન્ટ જેટલો ઉચકાઈ ૪૯,૮૧૦ પોઈન્ટે પહોંચી ગયો હતો. એક સમયે તે ૫૦ હજાર વટાવી દે તેમ લાગતુ હતુ. આ લખાય છે ત્યારે હાલમાં ડાઉ જોન્સ ૪૯,૬૦૦ની આસપાસ ચાલી રહ્યો છે.

એનવિડિયાના જેન્સન હુઆંગની ઘટના પછી ફૂડ ઓઈલના ભાવમાં

(અનુસંધાન ૧૧મે પાને)

ફૂડ ઓઈલ ચાર ટકાથી પણ વધારે તૂટ્યું સોનું ચાર ટકાથી પણ વધુ વધ્યું

જેન્સેન હુઆંગ પરત ફરવાના લીધે એનવિડિયાનો શેર એક જ દિવસમાં ૩૩ ટકા ઉછળી ૧૬૭.૫૬ ડોલરને સ્પર્શ્યો

વોટ્સએપના ઉપયોગ મુદ્દે કેન્દ્ર સરકારની ચેતવણી

પબ્લિક - ઓફિસમાં કમ્પ્યુટર પરથી વોટ્સએપ ચેટ લીક થવાનું જોખમ

નવી દિલ્હી, તા. ૨૩

ઓફિસ અથવા બીજા કોઈનાં કોમ્પ્યુટર પર વોટ્સએપ વેબ ચલાવો છો તો સાવધાન થઈ જાવ. ગૃહ મંત્રાલયની એજન્સી ઈન્ડિયન સાયબર કાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (આઈફોરસી)એ વોટ્સએપ વેબનાં સુરક્ષિત ઉપયોગ અંગે નવી એડવાઈઝરી જારી કરી છે.

કામ પૂરું થયા પછી દર વખતે વોટ્સએપ વેબમાંથી મેન્યુઅલી લોગઆઉટ કરો : સરકાર

તેમાં ચેતવણી આપવામાં આવી છે કે જો કોઈ કોમ્પ્યુટર પર વોટ્સએપ વેબ ખૂલી રહી જાય છે તો કોઈ અન્ય વ્યક્તિ તમારા મેસેજ વાંચી શકે છે.

તમારી વોટ્સએપ એકાઉન્ટથી તમારા વતી કોઈ બીજાને મેસેજ મોકલી શકે છે. તમારા કોન્ટેક્ટ્સ અને ગ્રુપ ચેટ સુધી પહોંચ બનાવી શકે છે. સૌથી મહત્વપૂર્ણ વાત એ છે કે બ્રાઉઝરનો ટેબ અથવા વિન્ડો બંધ કરી દેવું લોગઆઉટ થવાને બરાબર નથી.

અનેક વખત ઓફિસનાં કોમ્પ્યુટર પર એકથી વધુ વ્યક્તિ કાર્ય કરતી હોય છે. આ સ્થિતિમાં એક નાની બેદરકારી તમારા ખાનગી મેસેજ અને એકાઉન્ટની સુરક્ષા માટે મુશ્કેલી ઉભી કરી શકે છે.

આ જોખમને ધ્યાનમાં રાખતા આઈફોરસીની નેશનલ સાયબર કાઈમ થ્રેટ એનાલિટિકલ યુનિટ (એનસીટીએયુ)એ ૧૮ નવેમ્બર, ૨૦૨૬ નાં રોજ વોટ્સએપ વેબનાં સુરક્ષિત ઉપયોગ અંગે એડવાઈઝરી જારી કરી છે.

તેમાં જણાવવામાં આવ્યું છે કે કોઈ કોમ્પ્યુટર પર અગાઉથી લોગ ઈન વેબ સેશનનો ખોટો ઉપયોગ કરીને યુઝરનાં

(અનુસંધાન ૧૧મે પાને)

સેન્સેક્સમાં ૧,૪૮૩ અને નિફ્ટીમાં ૪૫૧ પોઈન્ટનો કડાકો

બજાર તૂટતાં રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૫ લાખ કરોડથી વધુનું ધોવાણ

અમદાવાદ, તા.૨૩

સતત એકધારી તેજી બાદ સોમવારે ભારતીય શેરબજારમાં કડાકો બોલી જવા પામ્યો હતો. વિવિધ પ્રતિકૂળ અહેવાલો પાછળ આજે સેન્સેક્સમાં ૧૪૮૩ પોઈન્ટ નો કડાકો બોલી ગયો હતો જ્યારે નિફ્ટી ૨૫,૩૫૦ થી નીચે ઉતરી આવ્યો હતો. સેન્સેક્સમાં બોલેલા કડાકાને કારણે રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૫ લાખ કરોડથી વધુનું ધોવાણ થયું હતું.

યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં વધારાની સંભાવના, રોકાણકારો - ફંડોની નફાકારક વેચવાલીથી બજાર ગગડ્યું

શેરબજારમાં સતત રેકાર્ડબ્રેક વધારો સોમવારે અટકી ગયો હતો. વિવિધ પ્રતિકૂળ અહેવાલો પાછળ અઠવાડિયાના પહેલા ટ્રેડિંગ દિવસે, શેરબજારમાં ભારે વેચવાલી જોવા મળી હતી. બજારની તેજી રૂંધાવા પાછળના કારણો પર નજર કરીએ તો, સતત તેજી પછી, ઘણા શેરો તેમના સર્વકાલીન ઉચ્ચતમ સ્તરે પહોંચી ગયા હતા. પરિણામે, રોકાણકારોએ તેમજ ફંડોએ મોટા પાયે નફો બુક કરવા માટે શેરો વેચવાનું શરૂ કર્યું.

આ ઉપરાંત, યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં વધારાની સંભાવનાની પણ ભારતીય બજાર પર અસર થઈ હતી. ડોલર સામે ભારતીય રૂપિયાના ઘટાડાએ પણ બજારની ચિંતા વધારી છે. વૈશ્વિક શેરબજારોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) સાથે સંકળાયેલી કંપનીઓના શેરમાં વેચવાલીથી પણ રોકાણકારોના સેન્ટિમેન્ટ પર અસર પડી છે.

સેન્સેક્સના ૨૦૨૬ના મોટા કડાકા

તારીખ	કડાકો (પોઈન્ટમાં)
૧૯ માર્ચ	૨૪૯૭
૨૩ માર્ચે	૧૮૩૬
૨૭ માર્ચ	૧૬૯૦
૮ જુલાઈ	૧૬૭૭
૩૦ માર્ચ	૧૬૩૫
૧ ફેબ્રુ.	૧૫૪૭
૨૩ નવે.	૧૪૮૩
૧૨ માર્ચ	૧૪૭૦
૧૨ મે	૧૪૫૬

આ અહેવાલો પાછળ આજે ફંડો તેમજ રોકાણકારો સહિત ચોમેર થી આવેલ વેચવાલીના દબાણે બીએસઈ સેન્સેક્સ ૧,૪૮૩.૭૨ પોઈન્ટ ઘટીને ૮૨,૪૩૫.૯૯ પર ઉતરી આવ્યો હતો. જ્યારે નિફ્ટી ૪૫૦.૯૫ પોઈન્ટ ઘટીને ૨૫,૩૪૯.૬૫ પર બંધ થયો હતો. આજે વેચાણનું દબાણ ફક્ત લાર્જ-કેપ શેરો પૂરતું મર્યાદિત ન હતું, પરંતુ મિડ-કેપ અને સ્મોલ-કેપ શેરોમાં પણ નવી નબળાઈ જોવા મળી હતી.

સેન્સેક્સમાં બોલેલા કડાકાને પગલે આજે રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૫ લાખ કરોડથી વધુનું ધોવાણ થતા અંતે તે રૂ. ૫૦૮.૯૮ લાખ કરોડ રહી હતી.

ભારત વિરુદ્ધ ચીનના વધુ એક 'કાવતરાં'નો પર્દાફાશ

ચીનનું ૧૦૦ મિસાઈલ બનાવવા જેટલા કેમિકલ સાથેનું જહાજ ઈન્ડોનેશિયામાં જપ્ત

જાકાર્તા,તા.૨૩

ઈન્ડોનેશિયાના નૌકાદળે બાંગ્લાદેશ જતું ૪૦૫ ટન સોડિયમ પર્કોલેટના જથ્થાવાળુ શંકાસ્પદ જહાજ જપ્ત કર્યું છે. સોડિયમ પર્કોલેટના આટલા જથ્થાની મદદથી ૧૦૦ જેટલા મિસાઈલ બનાવી શકાય છે અને રોકેટ પ્રોપેલન્ટ્સ તથા અન્ય ખાસ પ્રકારના વિસ્ફોટકો બનાવી શકાય છે. બાંગ્લાદેશ પાસે પોતાની મિસાઈલ સાઈટ્સ સુદ્ધા નથી ત્યારે આ પ્રકારનો જથ્થો બાંગ્લાદેશ કેમ જઈ રહ્યો છે તે સવાલ સર્જાયો છે. તેથી ઈન્ડોનેશિયાએ આ જહાજને જપ્ત કર્યું છે. આ જહાજ ઈન્ડોનેશિયન સમુદ્રમાં બેલાવન નામના સ્થળ નજીક નિર્ધારિત રુટથી દૂર જઈને શંકાસ્પદ રીતે ફરતું હોવાના લીધે ઈન્ડોનેશિયન નેવીના હાથમાં આવ્યું હતું.

ઈન્ડોનેશિયાના નેવીએ સાતમી નવેમ્બરના રોજ આ જહાજ જપ્ત કર્યું

(અનુસંધાન ૧૧મે પાને)

બાંગ્લાદેશ જતાં ચીનના જહાજમાંથી ૪૦૫ ટન સોડિયમ પર્કોલેટ ભરેલા ૧૫થી વધુ કન્ટેનરો જપ્ત કરવામાં આવ્યા

દિલ્હીની વાત

સીમાંકન બીલ માટે એનડીએને ૪૫ સાંસદોની અછત

નવીદિલ્હી, તા. ૨૩

સંસદના શિયાળુ સત્ર માટે હજી સુધી તારીખની જાહેરાત થઈ નથી. જોકે છેલ્લા કેટલાક દિવસોથી સીમાંકન બીલ સાથે જોડાયેલા બંધારણ સંશોધન બીલ અને મહિલા અનામત બીલને લઈને ચર્ચાઓ થઈ રહી છે.

હવે વિરોધપક્ષના ગઠબંધન ઈન્ડિયા તરફથી દાવો કરવામાં આવ્યો છે કે સરકારને ૪૦ થી ૫૦ સાંસદો ઓછા પડી રહ્યા છે. ભાજપ આ કારણે વિવિધ

(અનુસંધાન ૧૧મે પાને)

બેઝી કોલંબો મિશન : આઠ વર્ષ, દસ અબજ કિમીની સફર

યુરોપ અને જાપાનના સંયુક્ત પ્રયાસો બુધ ગ્રહના રહસ્યો ખોલશે

નવી દિલ્હી, તા.૨૩

બુધ ગ્રહના અનેક અજાણ્યા રહસ્યો ઉકેલવા યુરોપ અને જાપાનનું સંયુક્ત અવકાશ મિશન 'બેઝી કોલંબો' આઠ વર્ષની લાંબી અને જટિલ સફર પછી સફળતાપૂર્વક તેની કક્ષામાં પહોંચ્યું છે. લગભગ બે અબજ ડોલરના ખર્ચે તૈયાર થયેલું આ મિશન બુધ સુધી પહોંચનાર ત્રીજુ મિશન છે. એક દાયકાથી વધુ સમય પછી આ ઐતિહાસીક સિદ્ધિ હાંસલ થઈ છે.

હાલમાં યુરોપિયન અને જાપાનીઝ એમ બે અવકાશયાનો એકબીજા સાથે જોડાયેલા છે. આગામી સમયમાં અલગ થયા પછી તેઓ જુદી જુદી ઊંચાઈએથી બુધ ગ્રહનો નકશો તૈયાર કરશે. ગ્રહનો આંતરિક ભાગ, ચુંબકીય ક્ષેત્ર, જ્વાળામુખી મેદાનો, વિશાળ ખાડાઓ અને ઊંચા પર્વતોનો અભ્યાસ કરાશે. બંને યાનોના અલગ અલગ સ્થળેથી મળતા આંકડા વિજ્ઞાનીઓને ગ્રહને વધુ સારી રીતે સમજવામાં મદદરૂપ થશે.

વર્ષ ૨૦૧૮માં પ્રક્ષેપિત થયેલા આ મિશને સીધો માર્ગ અપનાવવાની બદલે ગુરુત્વાકર્ષણની મદદથી લાંબી મુસાફરી કરી હતી. તે પૃથ્વી પાસેથી એકવાર, શુક્ર પાસેથી બે વાર અને બુધ પાસેથી છ વાર પસાર થયું હતું. આ દરમ્યાન તેણે દસ અબજ કિલોમીટરથી વધુ અંતર કાપ્યું. બુધની સપાટીનું તાપમાન ૪૨૭ ડીગ્રી સેલ્સિયસ સુધી પહોંચતુ હોવાથી યાનના ઉપકરણોને

(અનુસંધાન ૧૧મે પાને)

એક વર્ષ ચાલુ રહેનારા મિશનમાં બંને યાન બુધ વિશે ભાવિમાં ઉપયોગી થાય તેવી માહિતી એકત્ર કરશે



ગુજરાતમાં ભરાતા લોકમેળાઓ લોકજીવન પર ઊંડી સામાજિક, સાંસ્કૃતિક અસર કરે છે. મેળાઓ માત્ર મનોરંજનનું સાધન જ નહિ પણ ગુજરાતની ભાતીગળ સંસ્કૃતને જીવંત રાખતા ધબકારા સમાન છે. સંબધોની તાજગી, ભેદભાવ વિનાનું મિલન, જીવનસાથીની પસંદગી, સાંસ્કૃતિક વારસાનું જતન જેમાં લોકકલા અને સંગીત, પરંપરાગત પહેરવેશ, પશુપાલન અને વેપાર જેવા પાસાને આવરી લેતા મેળા રોજિંદા જીવનમાંથી વિરામ આપી માનસિક તાજગી સાથે નવી ઉર્જા પુરી પાડે છે. કારતક મહિનામાં દેવઉઠી અગિયારસથી લઈ પૂનમ દેવ દિવાળી સુધી ગુજરાતમાં પાંચ જેટલા સ્થળોએ લોકમેળા યોજાય છે. શામળાજીનો મેળો, સિદ્ધપુરનો કાર્તિકી મેળો, શુકલતીર્થનો મેળો, સોમનાથ કાર્તિકી પૂનમનો મેળો અને વૌઠાનો મેળો લોકોને ધાર્મિક આસ્થા સાથે મિલનસાર બનાવે છે. આવા જ એક મેળામાં ચકડોળમાં કિલ્લોલ કરતું જનજીવન... (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

ખાનગી પ્રેક્ટિસ કરતા તબીબોને કાબૂમાં લેવા

મ્યુનિ.ની હોસ્પિટલોમાં તબીબોએ ત્રણવાર હાજરી પૂરવી ફરજિયાત

અમદાવાદ, સોમવાર

અમદાવાદ મ્યુનિ. સંચાલિત એસવીપી અને વીએસ સહિતની હોસ્પિટલોમાં હવે તબીબોએ ફરજના સમય દરમિયાન ત્રણ વખત બાયોમેટ્રિક સિસ્ટમમાં હાજરી પૂરવી ફરજિયાત કરી દેવામાં આવી છે. જેથી કરીને તબીબોએ આખો દિવસ હોસ્પિટલમાં જ હાજર રહેવું પડશે.

સવાર-સાંજની જેમ બપોરે ૨ વાગ્યે પણ બાયોમેટ્રિક સિસ્ટમમાં હાજરી પૂરવા એએમસી મેટનું ફરમાન

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા એસવીપી, વીએસ, મણિનગરની એલ.જી. અને સરસપુરની શારદાબેન તથા નગર આંખની હોસ્પિટલનું સંચાલન કરવામાં આવે છે. હોસ્પિટલમાં ફરજ બજાવતા કેટલાક તબીબો ફક્ત કાગળ પર જ હાજર રહેતા હોવાની ફરિયાદો ઉઠી હતી. જેના પગલે બે વખત સવારે ૯ કલાકે અને સાંજે ૫ કલાકે બાયોમેટ્રિક સિસ્ટમમાં હાજરી પૂરવાનો નિર્ણય કરાયો હતો. જોકે તેમાં પણ છટકબારી શોધીને કેટલાક તબીબો સવારે હાજરી પૂરીને ખાનગી દવાખાનાઓમાં પ્રેક્ટિસ કરવા પહોંચી જતા હતા. અને સાંજે ફરી આવીને હાજરી પૂરી જતા હતા. જેના પગલે હવે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટે ફરમાન જારી કરીને દરરોજ બપોરે ૨ વાગ્યે પણ તમામ મેડિકલ પ્રાધ્યાપકો અને તબીબોને હાજરી પૂરવાની સૂચના આપી છે. એટલે હવેથી મ્યુનિ. સંચાલિત હોસ્પિટલોમાં તબીબોએ દિવસના ત્રણ વખત હાજરી પૂરવી પડશે અને દર્દીઓની સારવાર કરવા દવાખાનામાં જ હાજર રહેવું પડશે.

પરવાનગી વગર ફટાકડાના સ્ટોલ ધમધમતા હતા

નિકોલમાં ફટાકડા બજારની આગમાં FIR નોંધવા મ્યુ.કમિશનરની સૂચના

અમદાવાદ, સોમવાર

નિકોલમાં બેસતા વર્ષે સીઝનલ બજારમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. જેમાં પરવાનગી વગર ધમધમતા ફટાકડાના સ્ટોલ મામલે એસ્ટેટ અને ફાયર વિભાગની કામગીરી શંકાના દાયરામાં આવી છે. ત્યારે મ્યુનિ. કમિશનર દ્વારા આ મુદ્દે બેદરકારી દાખવી લોકોના જીવ જોખમમાં મુકનાર સામે પોલીસ ફરિયાદ નોંધવા સૂચના અપાઈ છે.

બેદરકાર કોણ? ફટાકડા સ્ટોલના સંચાલકો, એસ્ટેટ કે ફાયર વિભાગ તે હજી સ્પષ્ટ નથી

નિકોલમાં ઉમા સ્કૂલની સામે આવેલા ખુલ્લા પ્લોટમાં કપડાં, ચપ્પલ, ડ્રાય-ફૂટ સહિતની ચીજ-વસ્તુઓની સીઝનલ બજાર ધમધમતી હતી. આ બજારમાં ફાયર એનઓસી સહિતની કોઈ પણ પરવાનગી વગર ફટાકડાના સ્ટોલ ઉભા કરી દેવાયા હતા. બેસતા વર્ષના દિવસે વહેલી સવારે ફટાકડાના એક સ્ટોલમાં લાગેલી આગે વિકરાળરૂપ ધારણ કર્યું હતું. આસપાસની દુકાનો અને મકાનો સુધી આગની લપટો પહોંચતા અફરાતફરી મચી ગઈ હતી. ત્યારે આ મામલે બેદરકરી દાખવી લોકોના જીવ જોખમમાં મુકવા બદલ પોલીસ ફરિયાદ નોંધાવવા મ્યુનિ. કમિશનર દ્વારા સૂચના અપાઈ છે. આ અંગે પૂર્વ ઝોનના ડે. મ્યુનિ. કમિશનર અને ચીફ ફાયર ઓફિસર જણાવે છે કે, ઘટના બાબતે પોલીસને લેખિતમાં અરજી કરી ફરિયાદ નોંધવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. પરંતુ બેદરકારી કોની? તે હજી સુધી સ્પષ્ટ કરાયું નથી. હાલ ફક્ત ફટાકડાના સ્ટોલ ધારકો સામે ફરિયાદ નોંધાય તેવી ચર્ચા છે. ફાયર તથા એસ્ટેટ વિભાગમાંથી કોઈની જવાબદરી સ્પષ્ટ કરાઈ નથી.

ટર્મનો પ્રથમ સ્થાપના દિવસ છતાં

ગુજરાત યુનિ.ના નવા કુલપતિ યુનિ. સ્થાપના દિવસે જ હાજર નહીં

અમદાવાદ,સોમવાર

ગુજરાત રાજ્ય કરતા પણ જુની ગુજરાત યુનિવર્સિટી રાજ્યની પ્રથમ સરકારી અને સૌથી જુની તેમજ મોટી યુનિવર્સિટી છે ત્યારે આજે ૨૩ નવેમ્બરે ગુજરાત યુનિ.નો ૭૮મો સ્થાપના દિવસ છે.૨૩ નવેમ્બર ૧૯૪૯ના રોજ સ્થપાયેલી ગુજરાત યુનિ.એ તેની સ્થાપનાના ૭૭ વર્ષ પુરા કર્યા છે ત્યારે આજે સ્થાપના દિવસે યુનિ.ના બંધારણ મુજબ જાહેર રજા અપાઈ હતી પરંતુ વર્ષોથી એવી પરંપરા રહી છે કે ગુજરાત યુનિ.માં સ્થાપના દિને ઉજવણી કરવામા આવે અને યુનિ.ને આગલા દિવસથી રોશનીથી શણગારી દેવામા આવે છે.

લાખોના તાયફા કરતી યુનિ.એ વીજબચતના ઓથા હેઠળ પ્રથમવાર રોશનીની પરંપરા પણ તોડી

ગુજરાત યુનિવર્સિટીનો આજે સ્થાપના દિવસ હતો. ૨૩ નવેમ્બર ૧૯૪૯ના રોજ સ્થપાયેલી ગુજરાત યુનિવર્સિટીનો આજે ૭૮મો સ્થાપના દિવસ હતો ત્યારે ગુજરાત યુનિ.દ્વારા આ વર્ષે પ્રથમવાર ગુજરાત યુનિ.ના ટાવર બિલ્ડીંગ અને આસપાસની જગ્યાઓમાં રોશની નથી કરવામા આવી.કોર્પોરેશને જ્યાં દિવાળીમાં આ વર્ષે રોશનીમાં કાપ મુકી વીજ બચત કરી હોઈ યુનિ.એ પણ વીજબચતના ઓથા હેઠળ પ્રથમવાર યુનિ.ને રોશનીથી શણગારવામા આવી ન હતી.જો કે યુનિ.દ્વારા આમ તો લાખો-કરોડો રૂપિયાનું ખોટું આંધણ કરી દેવાય છે.પરંતુ વર્ષે એકવાર આવતા સ્થાપના દિવસે વીજબચત યાદ આવે તે સારી બાબત કહેવાય છે.

જો કે આ સ્થાપના દિવસે યુનિ.ના કેમ્પસમાં એવી પણ ચર્ચા ચાલી હતી કે નવા આવેલા કુલપતિ માટે તેમની ટર્મમાં આ પ્રથમ સ્થાપના દિવસ હતો ત્યારે આજે સ્થાપના દિવસે જ તેઓ યુનિ.માં ન હતા.તેઓને કામથી સુરત ગયા હોવાથી યુનિ.માં સ્થાપના દિવસે લાઈબ્રેરીમાં યોજાયેલા એક કાર્યક્રમમાં તેઓ હાજર ન હતા.જો કે વર્ચ્યુઅલી જોડાયા હતા.મહત્વનું છે કે રાજ્યની સોથી મોટી અને રાજ્યની સ્થાપનાની પણ પહેલાની ગુજરાત યુનિ.ના સ્થાપના દિને યુનિ.ના સત્તાધીશોથી માંડી સ્ટાફે ગર્વ લેવુ જોઈએ અને તે માટે ખાસ ઉજવણી થવી જોઈએ.જો કે લાઈબ્રેરીના વડા દ્વારા હંમેશની જેમ અપ્રાપ્ય ગ્રંથો અને ઐતિહાસિક રેર ફોટોગ્રાફ્સનું વિશેષ પ્રદર્શન યોજાયુ હતુ અને જેમાં રજિસ્ટ્રાર-પૂર્વ કુલપતિ ઉપસ્થિત રહ્યા હતા.

નવી શિક્ષણ નીતિનો ૨૦૨૩માં યુજીમાં અમલ થયા બાદ

ગુજરાત યુનિ.માં યુજી ઓનર્સમાં માત્ર ૩૧૦૦ વિદ્યાર્થીઓએ જ પ્રવેશ લીધો

અમદાવાદ,શુક્રવાર

નવી શિક્ષણ નીતિનો ગુજરાતની યુનિ.ઓમાં યુજી કોર્સીસમાં ૨૦૨૩માં અમલ થયા બાદ આ વર્ષે એનઈપી હેઠળના યુજીના વિદ્યાર્થીઓના ત્રણ વર્ષ પુરા થયા બાદ જે વિદ્યાર્થીઓને ઓનર્સમાં જવુ હોય તેઓને ૭મા સેમેસ્ટરમાં જવાની તક અપાઈ હતી. ગુજરાત યુનિ.દ્વારા યુજી ઓનર્સ ભણાવવા માટે કોલેજો પાસેથી અરજીઓ પણ મંગાવાઈ હતી.જેમાં ગુજરાત યુનિ.એ ૮૦થી વધુ કોલેજોને યુજી ઓનર્સની મંજૂરી આપી છે.જો કે ૧૫ હજારથી વધુ વિદ્યાર્થીઓના ટાર્ગેટ સામે યુજી ઓનર્સમાં એટલે કે ચોથા વર્ષમાં માત્ર ૩૧૦૦ જેટલા વિદ્યાર્થીએ પ્રવેશ લીધો છે.જેઓની પ્રથમવાર યુનિ.દ્વારા ૭મા સેમેસ્ટરની પરીક્ષા લેવાશે.

૮૦થી વધુ કોલેજોને યુજી ઓનર્સ ભણાવવાની મંજૂરી અપાઈ હતી અને ૧૫ હજાર બેઠકમાં પ્રવેશનો ટાર્ગેટ હતો

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન યુજી કોલેજોમાં વિવિધ યુજી કોર્સીસમાં કુલ ૩૧૩૪ વિદ્યાર્થીએ એનઈપી હેઠળ ચોથા વર્ષમાં એટલે કે યુજી ઓનર્સમાં પ્રવેશ લીધો છે.જેમાં બી.એમાં ૬૧૬, બીબીએમાં ૧૫૫, બીસીએમાં ૩૯૫, બીકોમમાં ૧૭૦૯ અને બીએસસીમાં ૨૫૯ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. ગુજરાત યુનિ.એ તમામ યુજી કોલેજો પાસેથી યુજી ઓનર્સ ભણાવવાની મંજૂરી આપવા અરજીઓ માંગી હતી. અરજીઓ આવ્યા બાદ ચકાસણીને અંતે યુનિ.દ્વારા તબક્કાવાર કુલ ૮૦થી વધુ યુજી કોલેજોને ઓનર્સની મંજૂરી આપી હતી.

જો કે ૧૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ યુજી ઓનર્સમાં પ્રવેશ લેશે તેવા ટાર્ગેટ સામે ૩૧૦૦ જેટલા વિદ્યાર્થીએ ઓનર્સમાં પ્રવેશ લીધો છે. પરંતુ એનઈપીમાં ઓનર્સ અમલના પ્રથમ વર્ષે ૩૧૦૦થી વધુ વિદ્યાર્થીઓની સંખ્યા પણ ખરેખર સારી કહી શકાય. ઉપરાંત ૭૫ સહિતના અનેક કારણો પણ જવાબદાર છે. આ ઉપરાંત ઘણી કોલેજોમાં ઓનર્સ માટે પુરતા લાયક સીનિયર અધ્યાપકો પણ નથી.ગુજરાત યુનિ.દ્વારા યુજી

ધુળેટી અને ચેટીચાંદની રજામાં ફેરફારઃબોર્ડની સ્કૂલોને પણ સૂચના

સરકારે ૨૦૨૭ની જાહેર રજાઓની અગાઉ જાહેર કરેલી યાદીમાં બે જાહેર રજામાં ફેરફારને લઈને નોટિફિકેશન કર્યા બાદ ગુજરાત બોર્ડે પણ રાજ્યની તમામ સંલગ્ન સ્કૂલો માટેના શૈક્ષણિક કેલેન્ડરમાં ફેરફાર કર્યો છે.જેમાં ધુળેટીની રજા ૨૨ માર્ચને બદલે હવે ૨૩ માર્ચે અને ચેટીચાંદની રજા ૮ એપ્રિલને બદલે હવે ૭ એપ્રિલે રહેશે.મહત્વનું છે કે હવે બોર્ડ પરીક્ષાના ટાઈમ ટેબલમાં પણ મુશ્કેલી નહીં પડે.અનેકવાર બોર્ડ દ્વારા ટાઈમ ટેબલ જાહેર કરી દેવાયા બાદ રજામાં ફેરફાર થતા કે રજાને લઈને માંગણીઓ આવતા બોર્ડે ટાઈમ ટેબલમાં પણ ફેરફાર કરવો પડે છે.

ટકા હોય તેઓને જ યુજી ઓનર્સ વિથ રિસર્ચમાં જવાનો નિયમ તેમજ યુજી રેગ્યુલર ત્રણ વર્ષ બાદ નોકરીમાં જવાથી માંડી પીજી અભ્યાસ વિદેશમાં કરવા કોર્સીસમાં પ્રથમવાર ૭મા સેમેસ્ટરની ૩૧૦૦ વિદ્યાર્થીઓ માટે પરીક્ષા પણ લેવામા આવી રહી છે.કોલેજ ફી ૫-૬ઠ્ઠા સેમ.મુજબ લેવાશે.

દારૂની હેરાફેરીના ગુનામાં વાહન જપ્તી મામલે હાઈકોર્ટનો ચુકાદો

કોર્ટ કેસોમાં વાહન પોલીસ સ્ટેશનોમાં જપ્ત રાખવાનો ફરજિયાત નિયમ નથી

અમદાવાદ,સોમવાર

ગુજરાત હાઈકોર્ટે એક અગત્યના ચુકાદા મારફતે સ્પષ્ટ કર્યું છે કે, દારૂની હેરાફેરીના ગુનામાં કોઈ વાહન જપ્ત કરવામાં આવ્યું હોય અને દારૂનો જથ્થો નિર્ધારિત મર્યાદા કરતાં વધુ હોય તો પણ ટ્રાયલ પૂર્ણ થાય ત્યાં સુધી વાહન પોલીસ સ્ટેશનમાં જ રાખવું પડે એવો કોઈ સંપૂર્ણ અને આપોઆપ લાગુ પડતો પ્રતિબંધ નથી. જસ્ટિસ જે.સી.દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાત પ્રોહિબિશન એક્ટ હેઠળ દારૂની હેરાફેરીના આરોપમાં જપ્ત કરવામાં આવેલા વાહનને ટ્રાયલ પૂર્ણ થાય ત્યાં સુધી છોડાવી શકાય નહીં તેવી કાયદાની કલમ ૯૮(૨) હેઠળની જોગવાઈને સંપૂર્ણ પ્રતિબંધ તરીકે ગણી શકાય નહીં. હાઈકોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૯૭ હેઠળ રાજ્યની ફોજદારી અદાલતને તપાસ કે ટ્રાયલ દરમ્યાન જપ્ત થયેલ વાહનની વચગાળાની કસ્ટડી કે તેને છોડવાની સત્તા છે.

વાહનની વચગાળાની કસ્ટડી આપવાથી ભવિષ્યમાં આરોપીનું વાહન જપ્ત કરવાની કાયદાકીય સત્તા સમાપ્ત થતી નથી

હાઈકોર્ટે આ ચુકાદાની સોફ્ટ કોપી રાજ્યની તમામ જિલ્લા અદાલતોના ન્યાયિક અધિકારીઓને મોકલી આપવા પણ રજિસ્ટ્રીને પ્રતિબંધ મૂકતી નથી. અદાલતે વાહન પોલીસ પાસે રાખવાની ખરેખર જરૂર છે કે નહીં, પુરાવા કેવી રીતે સુરક્ષિત રાખી શકાય અને વાહનમાલિકના હિતનું રક્ષણ કેવી રીતે થઈ શકે તે તમામ બાબતો તપાસીને નિર્ણય લેવો જોઈએ.

સુપ્રીમકોર્ટના તાજેતરના ચુકાદાઓને ટાંકતાં જસ્ટિસ જે.સી.દોશીએ વધુમાં સ્પષ્ટ કર્યું કે, પ્રોહીબીશન એકટની કલમ-૯૮(૨) અંતર્ગત વાહનની વચગાળાની કસ્ટડી આપવા પર સંપૂર્ણ પ્રતિબંધ લાગુ પડતો નથી. મેજિસ્ટ્રેટ બીએનએસએસની કલમ-૪૯૭ હેઠળ વાહનની કસ્ટડી અંગેના સંજોગો અને પુરાવાની જરૂરિયાતનું સ્વતંત્ર મૂલ્યાંકન કરી યોગ્ય નિર્ણય લેવાની સત્તા ધરાવે છે. હાઈકોર્ટે સુરતના ડીસીબી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં જપ્ત કરાયેલી સ્વિફ્ટ કાર તેના માલિકને શરતોને આધીન વચગાળાની કસ્ટડીમાં સોંપવાનો આદેશ કરતાં આ કાયદાકીય મુદ્દો નિર્ણિત કર્યો હતો.

જો કે, કારની વચગાળાની કસ્ટડી સોંપતા હુકમમાં હાઈકોર્ટે સાથે સાથે એ પણ સ્પષ્ટ કર્યું કે, વાહનની વચગાળાની કસ્ટડી આપવાથી આરોપી નિર્દોષ ઠરતો નથી કે ભવિષ્યમાં વાહન જપ્ત કરવાની કાયદાકીય સત્તા સમાપ્ત થતી નથી. અરજદાર વાહનમાલિકની અરજી હાઇકોર્ટે મંજૂર કરતાં સંબંધિત આરટીઓને વાહનના ટ્રાન્સફર પરના પ્રતિબંધની નોંધ કરવા આદેશ આપ્યો હતો અને અરજદાર પર કેટલીક શરતો પણ લાદી હતી.

હાઈકોર્ટના આ ચુકાદાને પગલે પક્ષકારોને બિનજરૂરી લિટિગેશન્સ નહીં કરવા પડે

ગુજરાત હાઈકોર્ટના આ ચુકાદાને પગલે વાહનમાલિકોને તેમના વાહનો છોડાવવા માટે હાઈકોર્ટ સુધી લાંબા નહી થવું પડે અને તેમના સમય, પૈસા અને શકિતનો દુર્વ્યય બચશે. કારણ કે, મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા સામાન્ય સંજોગોમાં વાહનો છોડવામાં આવતા નથી કે તેની વચગાળાની કસ્ટડી આપવાનો પણ ઈન્કાર કરાય છે, જેના કારણે વર્ષો સુધી આવા વાહનો પુરાવાના બહાને પોલીસ સ્ટેશનમાં જ પડ્યા પડ્યા કટાઇ જાય છે અને ભંગાર થઈ જાય છે. તો પક્ષકારોને પણ વાહનની કસ્ટડી સુધી હાઈકોર્ટ સુધી લાંબા થવુ પડે છે પરંતુ આ ચુકાદાએ રાજ્યની તમામ જિલ્લા અદાલતોના ન્યાયિક અધિકારીઓને ચુકાદાની નકલ મોકલી સ્પષ્ટ કર્યું છે કે, મેજિસ્ટ્રેટ(ફોજદારી અદાલત) પાસે વાહનો છોડવાની સત્તા છે જ. વાહન જપ્ત થયું હોય તો પણ તેના માલિકની અરજી પર અદાલતે તમામ સંજોગો ધ્યાનમાં લઈને નિર્ણય કરવાનો રહે છે. માત્ર પ્રોહિબિશન એક્ટ હેઠળ વાહન જપ્ત થવાને પાત્ર છે એટલા કારણસર મેજિસ્ટ્રેટ પોતાની સત્તાનો ઉપયોગ કરવાનો ઇનકાર કરી શકે નહીં.

સાબરમતી રિવરફ્રન્ટના બંને રસ્તાની માફક

ખારીકટ કેનાલ ઉપર નવા બનેલા રોડ પર ભારે વાહનોને પ્રવેશબંધી

અમદાવાદ, સોમવાર

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટના બંને માર્ગો પર જેવી રીતે ભારે વાહનોને પ્રવેશબંધી છે, તેવી રીતે જ ખારીકટ કેનાલ ઉપર નવા બનેલા રોડ પર પણ ભારે વાહનોને પ્રવેશબંધી ફરમાવવાનું આયોજન કરાયું છે. આજે આ અંગેની સૂચના સંયુક્ત બેઠકમાં અધિકારીઓને આપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે, પ્રથમ તબક્કામાં હજી સુધી ફક્ત કેનાલને અન્ડરગ્રાઉન્ડ કરવાની જ કામગીરી પૂર્ણ થઈ છે, તેના પર બ્યુટિફિકેશનની કામગીરી બાકી છે.

હાઈટ બેરિયર લગાવાશે, ચાર રસ્તાઓ પર કેપ્સુલ ડિઝાઈન : ૨૭ પ્લોટમાં વિવિધ આકર્ષણો ઊભા કરાશે

પૂર્વ અમદાવાદમાં એક સમયે લોકો માટે માથાનો દુઃખાવો બનેલી ખારીકટ કેનાલને અન્ડરગ્રાઉન્ડ કરવાની કામગીરી ચાલી રહી છે. જેમાં પ્રથમ તબક્કામાં નરોડાથી ન્યુ મણિનગર એક્સપ્રેસ હાઈવે સુધી ૧૩.૫ કિલોમીટરની કેનાલ અન્ડરગ્રાઉન્ડ કરીને તેની ઉપર રસ્તો બનાવી દેવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં તેના માટે રૂ.૧૫૦૦ કરોડ જેટલી રકમ ખર્ચાઈ ગઈ છે. હવે બ્યુટિફિકેશનની કામગીરી બાકી છે. ત્યારે આ કામગીરીની સમીક્ષા માટે ધારાસભ્યો, પદાધિકારીઓ અને અધિકારીઓની એક બેઠક યોજાઈ હતી. જેમાં કેનાલ ઉપરના માર્ગો પર ભારે વાહનોને પ્રવેશ બંધી માટે હાઈટ બેરિયર લગાવવા અને ચાર રસ્તાઓ પર ટ્રાફિક ન થાય તે માટે કેપ્સુલ ડિઝાઈન બનાવવા સૂચના આપવામાં આવી હતી. આવા આશરે ૧૫ જેટલા ચાર રસ્તા પર કેપ્સુલ ડિઝાઈન બનશે. બીજી તરફ કેનાલની બંને તરફ આવેલા ૫૦૦થી ૧૦૦૦ વાર સુધીના નાના-મોટા પ્લોટમાં બગીચા, ફૂડકોર્ટ, અમ્યુઝમેન્ટ પાર્ક વગેરે આકર્ષણો ઊભા કરવાની પણ ચર્ચા થઈ હતી.

સર્વિસ રોડ મુખ્ય રસ્તાથી બે-અઢી ફૂટ નીચો બનશે

કેનાલની ઉપર અત્યારે બંને તરફ બે-બે લેન રસ્તા બનાવી દેવાયા છે. હવે બંને તરફ સર્વિસ રોડ બનાવવામાં આવશે. આ સર્વિસ રોડ મુખ્ય રોડથી જરૂરિયાત અનુસાર બે-અઢી ફૂટ નીચે બનશે. જેથી કરીને આસપાસની સોસાયટીઓના આંતરિક રસ્તા સમાંતર થઈ જાય અને પાણી ભરાવાનો પ્રશ્ન રહે નહીં. આ ઉપરાંત સર્વિસ રોડ અને મુખ્ય રોડનો ટ્રાફિક પણ અલગ રાખી શકાશે.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે (૧) શ્રી વિપુલકુમાર બાબુલાલ ચૌધરી (વગર વહેંચાયેલો ૬.૫૦% હિસ્સો), (૨) શ્રીમતી નીતાબેન દિનેશભાઈ પટેલ (વગર વહેંચાયેલો ૧૨.૫૦ % હિસ્સો), (૩) ઈલાબેન ભીખાભાઈ પટેલ (વગર વહેંચાયેલો ૧૨.૫૦ % હિસ્સો), (૪) રેખાબેન રણજીતસિંહ વાઘેલા (વગર વહેંચાયેલો ૧૧ % હિસ્સો), (૫) શ્રી યોગેશકુમાર નારાયણભાઈ ચૌધરી (વગર વહેંચાયેલો ૧૧% હિસ્સો), (૬) શ્રી પરિમલભાઈ મોતીભાઈ પટેલ (વગર વહેંચાયેલો ૯ % હિસ્સો), (૭) શ્રી જગદીશકુમાર મંગળદાસ પટેલ (વગર વહેંચાયેલો ૬.૫૦ % હિસ્સો), (૮) શ્રી બાબુલાલ મણીલાલ ચૌધરી (વગર વહેંચાયેલો ૧૦% હિસ્સો), (૯) શ્રી ગણેશભાઈ પરથીભાઈ ચૌધરી (વગર વહેંચાયેલો ૭.૫૦% હિસ્સો), (૧૦) શ્રી માધાભાઈ શંકરભાઈ ચૌધરી (વગર વહેંચાયેલો ૭.૫૦% હિસ્સો), તથા (૧૧) શ્રી યોગેશ બાબુભાઈ ચૌધરી (વગર વહેંચાયેલો ૬ % હિસ્સો), સર્વે ઠેકાણુ-સરગાસણ (તા.જી. ગાંધીનગર)નાએ જીલ્લા અને તાલુકા ગાંધીનગરના ગામ મોજે સરગાસણના સર્વે નંબર-૩૮૯ ની ખાતા નંબર-૧૬૯૬ કુલ ૮૭૦૧ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન, જેને ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૭ (સરગાસણ- કુડાસણ- પોર)માં ફાઈનલ પ્લોટ નંબર-૯૧/૧ ની ૩૩૮૭ ચોરસમીટર, તથા ફાઈનલ પ્લોટ નંબર-૯૧/૨ ની ૨૨૬૯ ચોરસમીટર, મળી કુલ ૫૬૫૬ ચોરસમીટર જમીન ફાળવાયેલી છે, તે કુલ ૫૬૫૬ ચોરસમીટરના ક્ષેત્રફળની મલ્ટીપર્પઝ (બહુહેતુક ઉપયોગ) હેતુ સારૂ બીનખેતી થયેલી જમીન, જેને હાલના ૭/૧૨ ના ઉતારામાં સર્વે નંબર-૩૮૯/પૈકી ૧ ની ખાતા નંબર-૧૬૯૬ ધરાવતી ૫૬૫૬ ચોરસમીટર જમીન તરીકે દર્શાવેલી છે, તે બીનખેતી થયેલી જમીન તેમની સંપુર્ણ, સ્વતંત્ર, સ્વપાર્જીત, સંયુકત માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી ઉપરોકત બંને ફાઈનલ પ્લોટો પૈકી ફાઈનલ પ્લોટ નંબર-૯૧/૧ ની ૩૩૮૭ ચોરસમીટર પૈકીની પશ્ચિમ દિશા તરફની ૧૯૯૯ ચોરસમીટર જમીન અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના ઉપરોકત જમીનમાલિકોના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં તથા અમારા અસીલ ધ્વારા સદરહુ ફાઈનલ પ્લોટ નંબર-૯૧/૧ ની ૩૩૮૭ ચોરસમીટર પૈકીની પશ્ચિમ દિશા તરફની ૧૯૯૯ ચોરસમીટર જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૨૩-૧૧-૨૦૨૬.

જાની એન્ડ કંપની.
સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,
હાઉસ ''એમ'', મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦,

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, મેહુલ તુલસીદાસ પટેલ, રહેવાસી-અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ ગાંધીનગરના સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકા કલોલના ગામ મોજે નાંદોલીની સીમના રી-સર્વે અનુસારના સર્વે/બ્લોક નંબર-૯૬ (જુના સર્વે/બ્લોક નંબર-૧૦૧)ના ખાતા નંબર-૭૪૭ની હે-આરે-ચોમી ૦-૭૨-૮૫ યાને કે ૭૨૮૫ ચોરસમીટરની જમીન પૈકી વણ વહેંચાયેલ હિસ્સાની હે-આરે-ચોમી ૦-૨૩-૪૪ યાને કે ૨૩૪૪ ચોરસમીટરની ખેતીની જમીન તેમની સંપૂર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીન અંગેના ઉપરોકત જમીનમાલિકના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિતસંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૨૩-૧૧-૨૦૨૬

હિતેષ એમ. રાવલ
એડવોકેટ,
એચ. એમ. રાવલ એન્ડ કંપની,
એડવોકેટ્સ,
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફ્લોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ મહેસાણાનાં સબડીસ્ટ્રીક્ટ તથા તાલુકા કડીનાં ગામ મોજે ઈરાણાની સીમનાં રી-સર્વે અનુસારના નવા સર્વે નંબર-૯૧૬ (જુના સર્વે નંબર-૬૩૧) ની ૧૨૬૮૦ ચોરસમીટરની બહુહેતુક વિષયક બીનખેતીની જમીન કે જેનો સમાવેશ સીટી સર્વે રેકર્ડમાં કરવામાં આવતા જમીન દફ્તર નિરીક્ષક કચેરી-કડી, સીટી સર્વે વોર્ડ- ઈરાણા (બીનખેતી) દ્વ

પ્રથમ રાઉન્ડ પૂરો થયા બાદ

પીજી મેડિકલમાં ૩ કોલેજોની ફી ઘટી અને ૧ નવી કોલેજની હંગામી ફી જાહેર

અમદાવાદ,સોમવાર

પીજી મેડિકલમાં આ વર્ષે રાજ્યમાં વિવિધ કોલેજોમાં ૩૭૮ બેઠકો વધી છે ત્યારે જે ખાનગી કોલેજોમાં પીજી મેડિકલની બેઠકો વધી છે તે કોલેજોમાં ફીનો ઘટાડો થયો છે.જેમાં ત્રણ ખાનગી મેડિકલ કોલેજોમાં જનરલ ક્વોટા અને મેનેજમેન્ટ ક્વોટાની ફીમાં સરેરાશ ૫૦ હજારથી ૧ લાખ રૂપિયા સુધીનો ઘટાડો થયો છે.આ ઉપરાંત આવર્ષે જે મેડિકલ કોલેજને પીજીની મંજૂરી મળી છે તે નવી પીજી કોલેજમાં એડહોક ફી જાહેર કરવામા આવી છે.

ત્રણ કોલેજોમાં પીજીની બેઠકો વધતા જનરલ-મેનેજમેન્ટ ક્વોટાની સરેરાશ ૫૦ હજારથી ૧ લાખ સુધી ફી ઘટી

પીજી મેડિકલ એમડી-એમએસ ડિગ્રી-ડિપ્લોમા અભ્યાસક્રમોમાં સ્ટેટ ક્વોટાની બેઠકોમાં ઓનલાઈન કેન્દ્રિય પ્રવેશ પ્રક્રિયામાં પ્રથમ રાઉન્ડ પૂર્ણ થઈ ગયો છે.પ્રથમ રાઉન્ડ બાદ રાજ્યની સરકારી,જીએમઈઆરએસ અને ખાનગી મેડિકલ કોલેજોમાં જુદી જુદી બ્રાંચોમાં કુલ મળીને ૩૭૮ બેઠકોનો વધારો થયો છે. જે ખાનગી કોલેજોમાં બેઠકો વધી છે તે કોલેજોમાં એફઆરસીના નિયમ મુજબ ફીમાં ઘટાડો થયો છે.ફી કમિટીએ નક્કી કરેલી ફીમાં સરેરાશ ૫૦ હજારથી ૧ લાખ સુધીનો ઘટાડો થયો છે.પ્રવેશ સમિતિએ બીજા રાઉન્ડના ચોઈસ ફિલિંગમાં વિદ્યાર્થીઓને કોલેજોની નવી ઘટાડેલી ફી જોઈને ચોઈસ ફિલિંગ કરવા તાકીદ કરી છે.જે ત્રણ ખાનગી કોલેજોની ફી ઘટી છે તેમાં પારૂલ મેડિકલ કોલેજ, સી.યુ.શાહ મેડિકલ કોલેજ અને એન.ડી.દેસાઈ મેડિકલ કોલેજનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત આ વર્ષે પીજી કોર્સ મંજૂર થયો છે તેવી બનાસ મેડિકલ કોલેજમાં પીજી મેડિકલ માટે એક વર્ષની હંગામી-એડહોક ફી નક્કી કરાઈ છે.જેમાં જનરલ ક્વોટામાં ૨૨ લાખ અને મેનેજમેન્ટ ક્વોટામાં ૩૨.૩૪ લાખ રૂપિયા ફી નક્કી થઈ છે.જેની વિગત ફી કમિટીનીવેબસાઈટ પર મુકાઈ છે.પરંતુ જે ત્રણ કોલેજોની ફી ઘટી છે તેની વિગતો ફી કમિટીની વેબસાઈટ પર મુકાઈ નથી.

આયુર્વેદમાં ૪ રાઉન્ડ બાદ બે કોલેજોની બેઠકો વધી

ધો.૧૨ સાયન્સ પછીના આયુર્વેદ-હોમિયોપેથી કોર્સીસમાં સ્ટેટ ક્વોટાની બેઠકો માટે ઓનલાઈન કેન્દ્રિય પ્રવેશ પ્રક્રિયામાં ચોથા રાઉન્ડનું સીટ એલોટમેન્ટ પણ કરી દેવાયુ છે ત્યારે ચાર રાઉન્ડ બાદ રાજ્યની બે ખાનગી કોલેજોમાં બેઠકો વધી છે.કાઉન્સિલ દ્વારા મોડે અપાયેલી આ મંજૂરીમાં એક કોલેજમાં ૩ અને એક કોલેજમાં ૬ બેઠકો વધી છે.જ્યારે આયુર્વેદ અને હોમિયોપેથીમાં ચોથા રાઉન્ડમાં પ્રવેશ મળતા મેડિકલ-ડેન્ટલના મેરિટ લિસ્ટમાંથી ૧૦ વિદ્યાર્થીઓને દૂર કરી દેવાયા છે.

કોલેજોએ નિયમ મુજબ એડમિશન કમિટીને પણ જાણ કરી દીધી છે પરંતુ એડમિશન કમિટીએ માત્ર ત્રણ કોલેજોના નામ વેબસાઈટ પર મુક્યા છે પરંતુ ખરેખર કેટલી ફી ઘટી છે તેની વિગતો કમિટીની વેબસાઈટ પર જાહેર થઈ નથી.વિદ્યાર્થીઓને ચોઈસ ફિલિંગ કરતા ઘટાડેલી નવી ફી જોવા મળશે.

નેશનલ સાયન્સ ફેરનું હોર્ડિંગ લગાવાયું હતું

સાયન્સ સિટી : તોતિંગ હોર્ડિંગ પડતાં સિક્યોરિટી ગાર્ડનું મોત

અમદાવાદ,સોમવાર

સાયન્સ સિટી પાસે બોર્ડ પડતા નીચેથી પસાર થઈ રહેલા સિક્યુરિટી ગાર્ડના મોતની ઘટના સામે આવી છે. સાયન્સ સિટી સ્થિત વિજ્ઞાન ભવન ખાતે એક ફેરનું આયોજન કરવામાં આવેલું હતું, જેના બેનરો અને બોર્ડ લગાવવામાં આવ્યા હતા.

નરોડાના ઈજાગ્રસ્ત ગાર્ડને હોસ્પિટલ લઈ જવાયા પરંતુ સારવાર કારગત નીવડી નહીં

સાયન્સ સિટીના વિજ્ઞાન ભવનમાં ૨૨ થી ૨૪ નવેમ્બર દરમિયાન 'આઇઆરઆઇએસ નેશનલ ફેર ૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં દેશભરમાંથી વિદ્યાર્થીઓ આવ્યા હોવાથી વિજ્ઞાન ભવન પાસે બોર્ડ અને બેનરો લગાવવામાં આવ્યા હતા. સોમવારે બપોરે ૨ વાગ્યાના અરસામાં ફરજ પરના સિક્યુરિટી ગાર્ડ ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન અચાનક લગાવેલું બોર્ડ તેમના પર પડ્યું હતું, જેના કારણે તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે આસપાસ હાજર અન્ય સિક્યુરિટી ગાર્ડ અને લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા. તેઓએ ભેગા થઈને ભારેખમ બોર્ડ હટાવીને ઈજાગ્રસ્ત ગાર્ડને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા. જોકે, હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. મૃતક સિક્યુરિટી ગાર્ડ નરોડા વિસ્તારના રહેવાસી રવિન્દ્ર પાટીલ (ઉ.વ. ૪૬) હોવાનું સામે આવ્યું છે. હાલમાં આ બનાવ સંદર્ભે વધુ વિગતો મેળવવાની કામગીરી ચાલી રહી છે, જ્યારે પોલીસ દ્વારા અકસ્માતે મોતનો ગુનો નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

કાલુપુર રેલ્વે સ્ટેશનનો એલિવેટેડ રોડ બંધ, પાર્કિંગ નવી બિલ્ડિંગમાં ખસેડાયું

અમદાવાદ, સોમવાર

અમદાવાદ રેલવે સ્ટેશન પર પુનર્વિકાસની કામગીરીને પગલે એલિવેટેડ રોડ બંધ કરી દેવામાં આવ્યો છે. સ્ટેશન પર નોર્થ મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબના નિર્માણકાર્યને કારણે આ વ્યવસ્થા કરવામાં આવી છે. એલિવેટેડ રોડ સાથે જોડાયેલી પાર્કિંગ સુવિધા પણ અવે એમએમટીએચ બિલ્ડિંગમાં ખસેડવામાં આવી છે. એલિવેટેડ રોડ બંધ થતાં સ્ટેશન પર વાહન લઈને આવતા મુસાફરોએ પાર્કિંગ માટે સાઉથ મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ બિલ્ડિંગનો ઉપયોગ કરવો પડશે. અગાઉ એલિવેટેડ રોડ મારફતે પ્રીમિયમ પાર્કિંગ સુધી પહોંચવાની સુવિધા હતી. પરંતુ નોર્થ એમએમટીએચના બાંધકામને કારણે આ માર્ગ પર વાહનવ્યવહાર બંધ કરવામાં આવ્યો છે. પરિણામે પાર્કિંગ માટેની વૈકલ્પિક વ્યવસ્થા સાઉથ એમએમટીએચમાં કરવામાં આવી છે. સ્ટેશનના પુનર્વિકાસની કામગીરી પૂર્ણ થયા બાદ નોર્થ અને સાઉથ એમએમટીએચને જોડતી વ્યવસ્થા ઊભી કરવામાં આવશે.

ડોલિયા-દેણવા બ્રિજ ખુલ્લો મુકાયાના ૧૦૦ દિવસમાં જ તિરાડો પડી હતી

૬૬ કરોડના ખર્ચે બનેલા બ્રિજમાં સમારકામ માટે સરકારે રૂપિયા ૧૫ કરોડ મંજૂર કર્યા

ભરૂચ,સોમવાર

આમોદ-જંબુસરને જોડતો ડોલીયા-દેણવા બ્રિજ રૂા.૬૬ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યા બાદ તેને ખુલ્લો મુકવામાં આવતા ૧૦૦ દિવસમાં જ દેણવા એપ્રોચ રોડ પર તિરાડો પડતા બાંધકામમાં મોટાપાયે ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપો થઈ રહ્યાં છે ત્યારે બીજી તરફ બ્રિજના સમારકામ માટે સરકારે રૂા. ૧૫ કરોડ મંજૂર કરતા આ બાબત ભારે ચર્ચાનો વિષય બની છે.

મહેસાણાની રાધે એસોસિએટ્સે ૧૮ માસનું કામ ૯ વર્ષે પૂરું કર્યું દરિયાઈ ભરતીથી ધોવાણની જાણ હોવા છતાં લાપરવાહી કરી

ઉલ્લેખનીય છે કે, મહેસાણાની રાધે એસોસિએટ્સને ઓક્ટોબર ૨૦૧૭માં ૧૮ માસમાં બ્રિજનુ કામ પૂર્ણ કરવાનું હતું, પરંતુ ઢાઢર નદીમાં કાવી-કંબોઈની દરિયાઈ ભરતી દિવસમાં બે વખત આવતા મુદત ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ સુધી લંબાવાઈ હતી અને આખરે ૨૩ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ નાના વાહનો માટે માર્ગ ખુલ્લો મુકાતા ૧૦૦ દિવસમાં જ તેમાં તિરાડો પડી છે.

૧૮ માસનું કામ ૯ વર્ષે પુરૂ થયા બાદ તેમાં તિરાડો પડતા માર્ગ અને મકાન વિભાગ હવે બચાવની ભૂમિકામાં આવ્યો છે અને બ્રિજમાં નહી પરંતુ એપ્રોચ રોડ નીચે દરિયાઈ કરંટના ધોવાણથી તિરાડ પડી હોવાનું જણાવે છે. હવે આ ધોવાણ અટકાવવા માટે રૂા.૧૫ કરોડના ખર્ચે આર.સી.સી. પ્રોટેક્શન બ્લોક અને સુરક્ષા વોલ બનાવવામાં આવશે.

અધિકારીઓએ ૨૦૧૬, ૨૦૨૨ અને ૨૦૨૬ના ગૂગલ મેપના આધારે ધોવાણ થયું હોવાનું સ્વીકાર્યું છે. જોકે, વર્ષોથી ધોવાણની જાણ હોવા છતાં બાંધકામ સમયે જ સુરક્ષા વ્યવસ્થા કેમ ન કરાઈ તે સવાલ ઉઠ્યો છે.

બ્રિજનું ઉદ્‌ઘાટન ધારાસભ્ય દેવ કિશોર સ્વામીએ કર્યું હતું

જેસલમેરથી ભુજ, ઓખા અને વેરાવળ માટે નવી ટ્રેન શરૂ કરો

અમદાવાદ, સોમવાર

ગુજરાતના કચ્છ અને સૌરાષ્ટ્રને રાજસ્થાન સાથે સીધી રેલવે કનેક્ટિવિટી મળે તે માટે જેસલમેરથી ભુજ, ઓખા અને વેરાવળ સુધી ત્રણ સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનો શરૂ કરવાની દરખાસ્ત રેલવે તંત્ર સમક્ષ રજૂ કરવામાં આવી છે. રેલવે બોર્ડના ચેરમેન, ઉત્તર પશ્ચિમ રેલવે અને પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર સહિત જોધપુર, અમદાવાદ અને રાજકોટના ડીઆરએમને લેખિતમાં રજૂઆત કરાઈ છે. જેમા જેસલમેર-ભુજ ટ્રેનને રાધનપુર અને ગાંધીગ્રામ થઈને દોડાવવા જ્યારે જેસલમેર-ઓખા ટ્રેનને મોરબી, રાજકોટ, જામનગર અને દ્વારકા થઈને તેમજ જેસલમેર-વેરાવળ ટ્રેનને મોરબી, રાજકોટ અને જૂનાગઢ થઈને દોડાવવા રજૂઆત કરી છે. આ સેવાથી રાજસ્થાનથી કચ્છ અને સૌરાષ્ટ્રના ધાર્મિક સ્થળો અને વેપારી મથકો તથા પ્રવાસન સ્થળોએ જતા મુસાફરોને સીધો લાભ મળી શકશે.

ચાંદલોડિયાના બે શખ્સો દ્વારા ગોતામાં

સરકારી મકાન અપાવવાના બહાને ૨૩ લોકો પાસેથી ૫૦ લાખ પડાવ્યા

અમદાવાદ,સોમવાર

ગોતામાં વિસ્તારમાં તૈયાર થઈ રહેલી ગુજરાત હાઉસિંગ બોર્ડની સ્કીમમાં મકાન અપાવવાના નામે ચાંદલોડિયામાં રહેતા બે શખ્સોએ લાખો રૂપિયા પડાવીને છેતરપિંડી કરી હોવાની ફરિયાદ સોલા પોલીસ મથકે નોંધવામાં આવી છે. આરોપીઓ પોતાની ઓળખ હાઉસિંગ બોર્ડમાં હોવાનું કહીને સાઈટ પર લઈને વિશ્વાસ કેળવવા માટે મકાન બતાવ્યા બાદ નાણાં લઈને સમગ્ર કૌભાંડ આચરતા હતા.

હાઉસિંગ બોર્ડમાં ઓળખ હોવાનું કહીને મકાન બતાવ્યા બાદ શખ્સો કૌભાંડ આચરતા હતા

મેમનગરમાં રહેતા નરેશ પ્રજાપતિએ નોંધાવેલી ફરિયાદની વિગતો એવી છે કે બે ત્રણ વર્ષ પહેલા તેમના પાડોશમાં રહેતો ધનરાજ યાદવ હાલ ચાંદલોડિયામાં વિનાયક પાર્કમાં રહે છે. થોડા મહિના પહેલા તેણે નરેશને જણાવ્યું હતું કે ચાંદલોડિયામાં આવેલી પ્રકાશનગર સોસાયટીમાં રહેતો તેનો મિત્ર નિકુંજ ભરવાડ ગુજરાત હાઉસીંગ બોર્ડમાં અને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સારા સંપર્ક ધરાવે છે. જેથી તે ગોતામાં બની રહેલી ગુજરાત હાઉસિંગ બોર્ડની સ્કીમમાં મકાન અપાવી શકે છે. નરેશે તેની વાત પર વિશ્વાસ કરીને હા કહેતા બંને જણા ગોતામાં વંદે માતરમ રોડ પર સ્કીમમાં લઈ જઈને એક મકાન બતાવ્યું હતું અને આઠ લાખ અપાવવાની ખાતરી આપીને એડવાન્સમાં ૧.૬૦ લાખ લીધા હતા. દસ્તાવેજ કરાવવા માટે બંને જણા નરેશને ગોતા મામલતદાર કચેરીએ લઈ ગયા હતા અને કલાકો સુધી બેસાડીને કારણ આપ્યું હતું કે અધિકારીની માતાનું અવસાન થયું છે. જેથી થોડા દિવસ પછીની તારીખ મળશે. પરંતુ, બાદમાં શંકા જતા તપાસ કરતા જાણવા મળ્યું હતું કે ધનરાજ અને નિકુંજે અન્ય ૨૩ જેટલા લોકો પાસેથી પણ લાખો ૫૦ લાખથી વધુની રકમ લીધી હતી. જે અંગે સોલા પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.







UNM FOUNDATION TORRENT | abhivyakti • CITY ARTS PROJECT •

પ્રસ્તુત કરે છે

|| એડિશન ૮ ||

કલાપૂર્ણ અનુભવોના ૧૭ દિવસ

૨૭ નવેમ્બર – ૧૩ ડિસેમ્બર ૨૦૨૬

અમદાવાદમાં ૩ સ્થળોએ

મુખ્યત્વ મુલાકાત • બહેરા • મૌખ્ય પ્રતિ-કેન્દ્રન

કલા • ચિત્રકલા • મૂર્તિ • સિરેમિક • ડિજીટલ આર્ટસ

પ્રવેશ ઉત્સવ
શ્રદ્ધા ખાસ્ટેર
ચિંતાની
આર્ટ-ચીફ મુખ્યત્વ
૨૭ નવેમ્બર ૨૦૨૬ | સાંજે ૮.૩૦ વાગ્યે
મૌખ્ય પ્રતિ-કેન્દ્રન

સમાપન સમારોહ
ઉર્વશી દવે
'મુક-બધિર-શબ્દ'
સ્થળ સાથેના અને મૂર્તિ સાથેનું મુખ્યત્વ
૩૭ નવેમ્બર ૨૦૨૬ | સાંજે ૬.૪૫ વાગ્યે
મુખ્યત્વ મુલાકાત

વધારે મુલાકાત માટે
કલા, સંસ્કૃતિ અને સર્જનાત્મકતાની ઉજવણ
અભિવ્યક્તિનો પ્રયોગ
ફ્રી એન્ટ્રી | રજિસ્ટ્રેશન ફરજિયાત

એનિમલ બર્થ કન્ટ્રોલને સાંતેજની સોસાયટીએ પડકારી

શ્વાને ચાર વર્ષની બાળકીને ચહેરા પર ઈજા પહોંચાડતા હાઈકોર્ટમાં અરજી

અમદાવાદ,સોમવાર

ચાર વર્ષની બાળકી પર રખડતા કૂતરાઓના હુમલાથી ગુસ્સે ભરાયેલી સાંતેજની હાઉસિંગ સોસાયટીએ રખડતા કૂતરાઓને પકડ્યા પછી તેમને છોડી દેવા અને સ્થાનિકોને કૂતરાઓ માટે ખોરાક આપવાની જગ્યા પૂરી પાડવા અંગેના પ્રાણી જન્મ નિયંત્રણ નિયમોને પડકારતા ગુજરાત હાઇકોર્ટમાં મહત્ત્વની રિટ અરજી દાખલ કરી છે.

રખડતા શ્વાનને ભગાડવા માટેની મંજૂરી આપો, શ્વાનોને ખોરાક ખવડાવનારાઓને ભોગ બનેલા લોકોને નુકસાનમાં વળતર માટે સામેલ કરો

હાઇકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ એમ.આર.પાઠક અને જસ્ટિસ નિર્ઝર એસ.દેસાઈની ખંડપીઠે રખડતા શ્વાનનો મુદ્દો સુપ્રીમકોર્ટમાં પેન્ડીંગ હોઈ અને ટૂંક સયમમાં જ તેનો નિર્ણય આવવાની શકયતા હોઈ કેસની વધુ સુનાવણી સુપ્રીમકોર્ટના ચુકાદા બાદ મુલત્વી રાખી છે. સાંતેજની ગ્લોરી કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ. દ્વારા કરાયેલી અરજીમાં અરજદારપક્ષ તરફથી એવી પણ દાદ માંગવામાં આવી હતી કે, ગેટેડ સોસાયટીમાંથી રખડતા કૂતરાઓને ભગાડી મૂકવાની મંજૂરી આપવામાં આવે તેમ જ બધા પ્રાણી પ્રેમીઓ/કૂતરા પાળનારાઓને કૂતરાના હુમલા અથવા આક્રમણનો ભોગ બનેલા લોકોને નુકસાનમાં વળતર ચૂકવવા માટે બાંયધરી આપવા અને આવા વ્યક્તિઓ દ્વારા રખડતા કૂતરાઓને દત્તક લેવા માટે એક યોજના વિકસાવવી અને દત્તક લીધેલા કૂતરાઓને તેમના ખાનગી માલિકીના ઘર/કમ્પાઉન્ડમાં રાખવા માટે નિર્દેશો આપવા દાદ માંગવામાં આવી હતી.

અરજદાર સોસાયટી તરફથી રજૂઆત કરાઇ હતી કે, જુલાઈમાં રખડતા કૂતરાઓએ એક માળીની ચાર વર્ષની પુત્રી પર હુમલો કર્યા બાદ, તેના ચહેરા પર ખરાબ રીતે ડાઘ પડી ગયા છે અને તે માનસિક આઘાતમાં છે. સોસાયટીના સભ્યોએ તેણીની સર્જરી માટે ભંડોળ એકત્ર કર્યું હતું પરંતુ સ્થાનિક નાગરિકોની સુરક્ષા માટે રખડતા કૂતરાઓને ભગાડી મૂકવાની મંજૂરી આપવી એ ક્રૂરતા નથી એમ જણાવી સોસાયટીએ પ્રાણી જન્મ નિયંત્રણ નિયમોની કાયદેસરતા પડકારી હતી. અરજદારપક્ષ તરફથી ધ્યાન દોરાયું કે, નિયમો ૧૧(૮) અને ૧૧(૧૯) માં પકડાયેલા રખડતા કૂતરાઓને તે જ સ્થાન, વિસ્તાર અને/અથવા વિસ્તારમાં છોડી દેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે કે જ્યાંથી તેમને પકડવામાં આવ્યા હોય. વળી, નિયમ- ૨૦ માં વસાહતના રહેવાસીઓ, નિવાસી કલ્યાણ સંગઠનો અને ખાનગી સમુદાયને રખડતા કૂતરાઓ સહિત સમુદાયના પ્રાણીઓ માટે ખોરાકની જગ્યા પૂરી પાડવાનો નિર્દેશ કરાયો છે પરંતુ આ નિયમો કલમ ૧૪, ૧૯, ૨૧ અને ૩૦૦ એ હેઠળ લોકોના મૂળભૂત અધિકારોની વિરુદ્ધ છે. જે કૂતરું એકવાર કોઈ માણસને કરડી ચૂક્યુ હોય, તેને પકડ્યા પછી તે જ વિસ્તારમાં તેને છોડી શકાય નહીં, અને તેને કૂતરાના આશ્રય ગૃહમાં રાખવાથી પ્રાણી પ્રત્યે ક્રૂરતા નથી તેમ ઠરાવવા પણ અરજીમાં દાદ માંગાઈ હતી.

વાત વાતમાં

માણસોમાં ગધેડાનાં લક્ષણો !

આજકાલ વૌઠા નામના ગામમાં ગધેડાઓનો મેળો ચાલી રહ્યો છે. અહીં માણસો કરતાં ગધેડાની કિંમત વધારે છે ! એટલું જ નહીં, એ કિંમત માણસો ચૂકવી રહ્યા છે.

જોકે ગધેડાઓ જાણે છે કે માણસ નામની પ્રજાતિમાં પણ ગધેડાનાં ઘણાં લક્ષણો હોય છે ! ચેક કરી લો, ક્યાંક તમારામાં તો આ નથી ને ?

* * *

લક્ષણ (૧) : તે હંમેશાં પોતાની હેસિયત કરતાં વધારે બોજો ઉપાડીને ફરતાં હશે !



* * *

લક્ષણ (૨) : વળી એ જ વાતને પોતાની 'કેપેસિટી' સમજીને મનમાં ગર્વ લેતા હશે !

* * *

લક્ષણ (૩) : છતાં એટલી સારી 'કેપેસિટી'ના બદલામાં જેવું મળે તેવું ઘાસ ખાઈ લેતા હશે !

* * *

લક્ષણ (૪) : વળી, આ ઘાસ ખાઈ લેવાની મજબૂરીને તેઓ પોતાની 'નમ્રતા' સમજતા હશે ! તમે ખાસ જોજો...

* * *

લક્ષણ (૫) : તમે એ પણ માર્ક કરજો કે જે તેને સૌથી વધારે ટોણાં અને ડફણાં મારે છે, તેને જ પોતાનો 'બોસ' માને છે ! બીજા બધા તો 'ઢીલા'...

* * *

લક્ષણ (૬) : બોસનાં ડફણાં ખાવાની એવી આદત પડી ગઈ છે કે રવિવારે પણ બોસનું કામ કરવા માટે પહોંચી જતા હશે ! એ તો ઠીક, એને પોતાની 'વફાદારી' માનતા હશે !

* * *

લક્ષણ (૭) : આ વફાદારીના બદલામાં એમની સામે નાનકડું ગાજર પણ લટકાવવામાં આવે તો બમણી ઝડપે વફાદારી બતાડવા દોડવા લાગશે !

* * *

લક્ષણ (૮) : ગધેડાઓની લાઈનમાં તેને માત્ર આગળ મુકી દેવામાં આવે તો તેને તે 'પ્રમોશન' સમજે છે !

* * *

લક્ષણ (૯) : જ્યારે સેલ્સ કોન્ફરન્સ આવે ત્યારે જે રીતે વૌઠાના મેળામાં ગદર્ભોને ગુલાબી રંગે રંગવામાં આવે છે એ જ રીતે તેને સૂટ-ટાઇ પહેરાવવામાં આવે છે ત્યારે તે સમજે છે કે મારી 'કદર' થઈ રહી છે ! બોલો.

* * *

લક્ષણ (૧૦) : અને ઉપરનાં નવે નવ લક્ષણ પોતાનામાં હોવા છતાં આ લોકો જીંદગીભર 'રેસના ઘોડા'ઓની ઈર્ષ્યા કરતા હશે ! તમે જોજો...

- મન્નુ શેખચલ્લી

સરકારી જમીન પરથી ગાંજો વેચતા હતા

સરખેજમાં મહિલા ડ્રગ પેડલરના બે ગેરકાયદે મકાન પર જેસીબી ફેરવાયા

અમદાવાદ, સોમવાર

સરખેજમાં સન્યાસ આશ્રમ પાસે મહિલા ડ્રગ પેડલરના મકામાંથી સવા બે કિલો ગાજો અને ૫૪ લાખની રોકડ રકમ મળી આવી હતી. આ અંગે વધુ તપાસ કરતા આરોપી દ્વારા સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે મકાન બનાવી દેવાયા હોવાનું સામે આવ્યું હતું. જેને પગલે આજે મ્યુનિ. દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે મહિલાના બંને મકાન પર જેસીબી ફેરવી દેવાયા હતા.

ત્રણ વર્ષ અગાઉ પણ આરોપીઓના મકાન તોડાયા હતા, ફરી વખત બાંધકામ કરી દીધું

સરખેજમાં સન્યાસ આશ્રમ પાસે રહેતી સુનિતા રાઠોડ અને તેનો પતિ દીપક રાઠોડ ઘરેથી ગાંજા સહિત ડ્રગ્સનું વેચાણ કરતા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું હતું. જે મકાનમાંથી ડ્રગ્સનું વેચાણ કરાતું હતું, તે ગેરકાયદેસર રીતે સરકારી જમીન પર ઉભું કરી દેવાયું હોવાની વિગતો મળતા આજે મ્યુનિ. દ્વારા ૧૨૨ ચોરસ મીટરમાં બનાવેલા આરોપીઓના બંને મકાનો તોડી પડાયા હતા. નોંધનીય છે કે, ત્રણેક વર્ષ અગાઉ પણ દક્ષિણ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા પોલીસના સંયુક્ત ઉપક્રમે આરોપીઓના ગેરકાયદેસર મકાનો તોડી પડાયા હતા. પરંતુ ગણતરીના દિવસોમાં જ ત્યાં ફરીવાર બાંધકામ કરી તેઓ વસવાટ કરવા લાગ્યા હતા.

ફતેવાડી કેનાલ પાસે ૩૩ મકાનો, ૩ દુકાનો તોડી પડાઈ

મક્તમપુરા વોર્ડમાં ફતેવાડી કેનાલ પાસે સાબરમતી નદી તરફ જતા રાડ પર વરસાદી પાણીની ડક્ટલાઈનની અલાઈન્મેન્ટમાં નડતરરૂપ બનતા ૩૩ મકાનો, ત્રણ દુકાનો અને ચાર નિર્માણિધીન બાંધકામો પણ તોડી પડાયા હતા.

ગરીબ અને શ્રમિક વર્ગની માતાઓને સરકારી લાભ ન મળ્યો

પીએમ માતૃવંદના યોજનામાં ૧.૫૩ લાખ મહિલાઓ સહાયથી વંચિત રહી

અમદાવાદ,સોમવાર

ગર્ભવતી મહિલાઓ અને નવજાત શિશુઓને કુપોષણથી બચાવવા તેમજ પ્રસૂતિ સમયના આ થક નુકસાન સામે રક્ષણ આપવાના ઉમદા હેતુથી શરૂ કરાયેલી 'પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના' ગુજરાતમાં ખુદ 'બાળમરણ' પામી રહી હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. તાજેતરના આંકડા મુજબ, સમગ્ર દેશમાં આ યોજનાના લાભથી વંચિત રહેનારી મહિલાઓમાં ગુજરાત મોખરે છે. દોઢેક લાખ મહિલાઓને આ સરકારી યોજનાનો લાભ જ મળ્યો નહી.

દેશમાં સૌથી વધુ ગુજરાતની મહિલાઓને સહાય ન મળી,૫૬ હજારથી વધુ અરજીઓ રદ થતાં યોજનાનો હેતુ જ માર્યો ગયો

ગુજરાતમાં ડિજિટલ આંટીઘૂંટી ગરીબ અને શ્રમિક વર્ગની માતાઓ માટે અભિશાપ બની છે. રાજ્યની ૧.૫૩ લાખ જેટલી પાત્રતા ધરાવતી મહિલાઓ માત્ર આધાર કાર્ડ અને બાયોમેટ્રિક મેચ ન થવાના કારણે સરકારી સહાયથી વંચિત રહી ગઈ છે. બેંક ખાતા સાથે આધાર લિંક ન હોવા કે અંગૂઠાની છાપ ન મળવા જેવી ટેકનિકલ ખામીઓનું નિરાકરણ લાવવાને બદલે તંત્રએ લાભાર્થીઓને સહાયથી દૂર રાખ્યા છે.

આંકડાકીય વિગતો મુજબ, છેલ્લા બે વર્ષના ગાળામાં ગુજરાતમાં કુલ ૫૬,૩૯૭ અરજીઓ અલગ-અલગ કારણોસર રદ કરી દેવામાં આવી છે. જે મહિલાઓને પ્રસૂતિના કપરા સમયમાં પૌષ્ટિક આહાર અને દવાઓ માટે આર્થિક ટેકાની સૌથી વધુ જરૂર હતી, તેમની જ અરજીઓ ફગાવી દેવાતાં સરકારની મહિલાઓ પ્રત્યેની સંવેદનશીલતાને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે.પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય માતા અને બાળકમા કુપોષણ ઘટાડવાનો, નવજાત શિશુઓનું નિયમિત રસીકરણ સુનિશ્ચિત કરવાનો અને પ્રસૂતિ પહેલાં તથા પછી કામ પર ન જઈ શકતી મહિલાઓને વેતનના નુકસાન બદલ આર્થિક મદદ પૂરી પાડવાનો છે.

પરંતુ ગુજરાતમાં જે રીતે લાખો મહિલાઓ ટેકનિકલ કારણોસર સહાયથી વંચિત રહી છે, તે જોતાં આ કલ્યાણકારી યોજના માત્ર કાગળ પર જ રહી ગઈ હોય તેવો ઘાટ સર્જાયો છે.

દહેજ વિસ્તારમાં હચમચાવી નાંખતી કરૂણ ઘટના

મિત્રની ૨ વર્ષની માસૂમ બાળકી પર ખુદ નરાધમ મિત્રનું દુષ્કર્મ

ભરૂચ,સોમવાર

ભરૂચ જિલ્લાના દહેજ પંથકમાં માત્ર ૨ વર્ષ અને ૨ મહિનાની માસૂમ બાળકી પર નરાધમે દુષ્કર્મ આચરતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર અને ખળભળાટ મચી ગયો છે.

બાળકીની માતાને બળાત્કારીની ફોન પર ધમકી : મારી સાથે સંબંધ નહીં રાખ તો ખરાબ પરિણામ આવશે

પોલીસ ફરિયાદ મુજબ, ૨૦ વર્ષીય ફરિયાદી મહિલા સાથે તેના પતિના ૩૫ વર્ષીય મિત્ર સુરેન્દ્રકુમારે પ્રેમ સંબંધ અને મિત્રતા કેળવવા માટે દબાણ કર્યું હતું. જોકે, પરિણીતાએ સંબંધ રાખવાનો સ્પષ્ટ ઈનકાર કરતા આરોપીએ મનમાં રીસ રાખી મહિલાને ફોન પર ગંભીર પરિણામ ભોગવવા તૈયાર રહેજે તેવી ધમકી આપી હતી.ત્યાર બાદ,ફરિયાદી મહિલાની બાળકી ઘર આંગણે રમી રહી હતી ત્યારે આરોપી તેનું અપહરણ કરી પોતાના રૂમમાં લઈ ગયો હતો અને બાળકી સાથે તેણે દુષ્કર્મ આચર્યું હતું. આ કૃત્યના કારણે બાળકીને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને હૈયાફાટ રુદન કરતી બાળકી સાથે માતાએ તાત્કાલિક દહેજ પોલીસ મથકે દોડી જઈ ફરિયાદ નોંધાવતા પોલીસ દુષ્કર્મ, અપહરણ અને પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આરોપીને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

ખાસ ઉલ્લેખનીય વાત તો એ છે કે આ માસૂમ બાળકીને લઈ તેની ૨૦ વર્ષીય માતા હજી માંડ દોઢ મહિના પહેલા જ તેના વતન મધ્યપ્રદેશથી દહેજ ખાતે રહેવા આવી હતી. દોઢ મહિનામાં જ તેના પર આભ તૂટી પડ્યું છે. આરોપી સુરેન્દ્રકુમાર દહેજની કંપનીમાં કોન્ટ્રાક્ટ પર છૂટક મજૂરીનું કામ કરતો હોવાનું જાણવા મળે છે. આરોપી સુરેન્દ્ર અને બાળકીના પિતા બંને મિત્રો છે. તેઓ બંને બાજુ બાજુની ખોલીમાં જ રહે છે.

પરિણિતાના પીએમ મામલે અમદાવાદ સિવિલમાં હોબાળો

અમદાવાદ, સોમવાર

અરવલ્લી જિલ્લાના દધાલીયાના રહેવાસી અને હાલ હંસપુરામાં રહેતા નીલમબેન હરેશભાઈ પંચાલ નામના મહિલાનો મૃતદેહ તેમના ઘરેથી મળી આવ્યો હતો. ગત તા.૨૨ ના રોજ મૃતદેહને પીએમ માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. મહિલાનું ગળાફાંસો ખાવાથી મોત થયાનો પીએમ રિપોર્ટ આવ્યો હતો. દરમિયાનમાં મૃતક મહિલાના પિયર પક્ષે સિવિલ હોસ્પિટલના પીએમ રૂમ બહાર દોડી આવી હોબાળો મચાવ્યો હતો અને આક્ષેપ કર્યો હતો કે, તેમની જાણ બહાર પીએમ કરી દેવામાં આવ્યું છે. તેમજ આ ઘટના હત્યાની છે. જેના પગલે મહિલાના મૃતદેહનું ફરી વખત પેનલ પીએમ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

કરદાતાએ માહિતી

(છેલ્લા પાનાનું ચાલુ)

કલમ ૧૪૭ અને ૧૪૮ હેઠળ પુનઃ મૂલ્યાંકન પર આ સાથે જ બ્રેક લાગી શકે છે. આકારણીનો કેસ રિઓપન કરવા માટે નવા નક્કર પુરાવા હોવા જરૂરી હોવાનું સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

પરિણામે એકવાર કર ભરી દીધા પછી અને આકારણી પૂર્ણ થયા પછી કરદાતા નિશ્ચિંત રહી શકે છે. કોઈ નવી બાબત બહાર ન આવે ત્યાં સુધી તેમનો જૂનો કેસ ફરી ખુલશે નહીં. કારણ કે સમાન તથ્યો અને અને રેકોર્ડના આધારે થતું આવકવેરા રિએસેસમેન્ટ કાયદેસર રીતે અમાન્ય ઠેરવી દેવામાં આવ્યું છે. આવકવેરા કાયદાની કલમ ૧૪૭ અને ૧૪૮ હેઠળ એસેસિંગ ઓફિસરને મળેલી સત્તા હેઠળ અધિકારીને લાગે કે કોઈ કરદાતાની આવક કર આકારણીમાંથી છટકી ગઈ છે તો જ તેઓ તે વર્ષનો કેસ ફરીથી ખોલી શકે છે. હા, તેના માટે નવા પુરાવાઓ તેમણે મૂકવા પડશે. ત્યારબાદ જ કેસ પુનઃઆકારણી માટે રિઓપન થઈ શકશે.

કોર્ટ અને ટ્રિબ્યુનલના સ્થાપિત સિદ્ધાંતો અનુસાર ઈન્કમ ટેક્સ કમિશનર વિ. કેલ્વિનેટર ઓફ ઈન્ડિયા લિમિટેડના સુપ્રીમ કોર્ટના સીમાચિહ્નરૂપ ચુકાદામાં પણ ઠરાવાયું છે કે આકારણી અધિકારી પાસે પુનઃઆકારણી કરવાની સત્તા ચોક્કસ છે,

પરંતુ રિવ્યુ એટલે કે કેસની પુનઃસમીક્ષા કરવાની સત્તા જ નથી. એકવાર જે રેકોર્ડ પર વિચાર કરીને નિર્ણય લેવાઈ ગયો હોય, તેના પર માત્ર અભિપ્રાય બદલાવાના કારણે ફરીથી કાર્યવાહી થઈ શકે નહીં. કરદાતાની જવાબદારી માત્ર તમામ સાચા અને પ્રાથમિક તથ્યો રજૂ કરવાની છે. તે તથ્યો પરથી કયું કાયદાકીય તારણ કાઢવું તે અધિકારીનું કામ છે. અધિકારીની ભૂલ કે અલગ અર્થઘટનનો બોજ કરદાતા પર નાખી શકાય નહીં.

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah Regd.NI.GAMC 28

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઇટ, અમદાવાદ- ૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ

Regd. NI. GAMC 28

જેતપુર નજીક

(છેલ્લા પાનાનું ચાલુ)

દોડી ગયો હતો. અકસ્માતને પગલે ટ્રેનને ઘટનાસ્થળે જ દોઢ કલાક સુધી રોકી રાખવામાં આવી હતી. વન વિભાગ દ્વારા લોકો પાયલોટ સહિતના રેલવે સ્ટાફનાં નિવેદનો નોંધી પૂછપરછ હાથ ધરવામાં આવી છે તેમજ આ બંને સિંહણો કઈ દિશામાંથી અને કયા કારણોસર ટ્રેક પર આવી ચડી તે અંગે ઝીણવટભરી તપાસ શરૂ કરાઈ છે.

રેતી-માટી ચોરી

(છેલ્લા પાનાનું ચાલુ)

ટિકિટ મેળવવાની દાવેદારી કરતા કેટલાક લોકોની કાર્યશૈલી પર પણ કટાક્ષ કર્યો હતો. માત્ર હોર્ડિંગ લગાવવાથી કે ૫૦૦ ગ્રામ મીઠાઈ મોકલવાથી લોકો ખરીદાઈ જાય અને ટિકિટ મળી જાય તેવી માન્યતા સામે તેમણે સવાલ ઉઠાવ્યા હતા. ધારાસભ્યએ ટિકિટવાંચ્છુઓ અંગે જણાવ્યું કે, અમુક નેતા, સંઘના કે વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓની પાછળ ફરે તો ટિકિટ મળી જશે તેવી માન્યતા રાખે છે.

તેઓ પરિવારનું લેબલ લઈ ફરે પરિવારમાં ભંગાણ પાડવાની વાત થાય તે યોગ્ય નથી. મને ટિકિટ આપી ત્યારે ભાજપના કાર્યકર્તાઓ ઓળખતા ન હતા તેમ છતાં મને જીતાડ્યો છે.

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયધેરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- જાહેરખબર મેનેજર

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ તથા સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૯(બોપલ) ના ઘાટલોડીયા તાલુકાના મોજે ગામ ઘુમાની સીમમાં આવેલ બ્લોક/સર્વે નં. ૯૮ તથા ૯૯ની બિનખેતીની જમીનો ''જયશ્રી કૃષ્ણ એસોસીએશન''(NTC G -૩૦૬૭ તા. ૫-૫-૧૯૯૦) ની માલીકીમાં આવેલ તે બિનખેતીની જમીનો ઉપર એસોસીએશન દ્વારા કોમન પ્લોટ, આંતરીક રોડ, રસ્તા વિગેરેની જોગવાઇ કરી રહેણાંકના હેતુ માટેની સબ- પ્લોટોની સ્કીમ બનાવવામાં આવેલ તે સબ-પ્લોટો પૈકી (એ-૧) એસોસીએશનના રેકર્ડ મુજબના સબ-પ્લોટ નં. ૭૦, (પાસ થયેલ પ્લાન મુજબ સબ-પ્લોટ નં. ૫૯) ની કુલ ૧૬૩૫ સ.ચો.વાર યાને કે ૧૩૬૭ ચો.મીટર ક્ષેત્રફળની ખુલ્લા પ્લોટ એરીયાવાળી જમીન જેનો શેર સર્ટીફીકેટ નં. ૬૪ અને (એ-૨) એસોસીએશનના રેકર્ડ મુજબના સબ-પ્લોટ નં. ૭૧ (પાસ થયેલ પ્લાન મુજબ સબ-પ્લોટ નં. ૬૦) ની કુલ ૬૦૪ સ.ચો.વાર યાને કે ૫૦૫.૧ ચો.મીટર ક્ષેત્રફળની ખુલ્લા પ્લોટ એરીયાવાળી જમીન જેનો શેર સર્ટીફીકેટ નં. ૬૫ એમ બન્ને ખુલ્લા પ્લોટ એરીયાવાળી જમીનો તથા સદર એસોસીએશનના સભાસદ, એલોટી તથા શેર હોલ્ડરના તથા કોમન રોડ, રસ્તા, કોમન પ્લોટ, પાર્કીંગ ઈત્યાદી તમામ પ્રકારના વગર વહેંચાયેલ સહિયારા વાપરવાના હકકો, હિતો, સહિતની કુલ સઘળી ખુલ્લા પ્લોટ એરીયાવાળી જમીનો હાલ (૧) અશોકભાઈ ભુરમલ કોઠારી, (૨) સિધ્ધાર્થ સુમેરભાઇ કોઠારી તથા (૩) કૃનાલ સુમેરભાઇ કોઠારી સર્વે રહેવાસી :- બોપલ, અમદાવાદની કુલ સંપૂર્ણ સંયુક્ત માલિકીપણામાં તથા પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ હોવાનું જણાવી તેઓના સભ્ય તરીકેના એલોટી/માલીકી/કબજા હક્કો સહિતની સદર બન્ને ખુલ્લા પ્લોટ એરીયાવાળી જમીનો સદર એસોસીએશનની સંમતિથી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારા અસીલે ઉપરોક્ત સદર બન્ને ખુલ્લા પ્લોટ એરીયાવાળી જમીનો અંગે અમારી પાસે ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સ કે જેઓ સદર બન્ને ખુલ્લા પ્લોટ એરીયાવાળી જમીનો ઉપર હાલના માલીકો સિવાય બીજા કોઇનાં કોઇપણ જાતનાં લેણાં વિગેરેના બોજા, લાગભાગ, કબજા હક્ક, અલાખો, ઇઝમેન્ટ, હિત, સબંધ, વાંધા, તકરાર, ગીરો, લીયન કે એટેચમેન્ટ, જામીનગીરી, વેચાણ લેવાના હક્કો, બાનાખત, ગણોત હક્ક, ડેવલપમેન્ટ હક્કો, રી-ડેવલપમેન્ટ હક્કો, લીસપેન્ડન્સ, વારસાઇ કે ચૂક વારસાઇથી રહી ગયેલ વારસદારોના હક્કો કે બીજી કોઇપણ રીતે હક્ક બોજા વિગેરે પોષાતા હોય તો તે અંગે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન -૭ (સાત) માં અમોને તે બદલના યોગ્ય આધારા પુરાવાની પ્રમાણીત નકલ સાથે લેખિત જાણ રજી. એડી (પોસ્ટ)થી નીચેના સરનામે કરવી, જો તેમ કરવામાં નહીં આવે તો સદર બન્ને ખુલ્લા પ્લોટ એરીયાવાળી જમીનો ઉપર કોઇનો કોઇપણ પ્રકારનો હક્ક કે લેણાં વિગેરેનો બોજો નથી અને હોય તો તેમણે સદર હાલના માલીકોની તરફેણમાં જતા (વેવ) કરેલ છે તેમ સમજી મુદત વીતે સદર બન્ને ખુલ્લા પ્લોટ એરીયાવાળી જમીનોનું અમો ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ/અભિપ્રાય આપી દઇશું અને અમારા અસીલ હાલના જે કાંઇ રેવન્યુ/સીટી સર્વે એસોસીએશનના રેકર્ડમા કે દસ્તાવેજો ઉપલબ્ધ છે તેના આધારે સદર બન્ને ખુલ્લા પ્લોટ એરીયાવાળી જમીનોનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહીં તેની આથી સ્પષ્ટ નોંધ લેવી.

તા.૨૪-૧૧-૨૦૨૬

ગૌતમ કે. નકુમ, (એડવોકેટ)

ઓફીસ :- ૫, રવિ એપાર્ટમેન્ટ, એફ.એમ. રેડીયો મીર્ચી ટાવર રોડ, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦૦૧૫, મોબાઇલ : ૯૮૭૯૯ ૫૫૪૫૨.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ તથા સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૯(બોપલ) ના ઘાટલોડીયા તાલુકાના મોજે ગામ ઘુમાની સીમમાં આવેલ બ્લોક/સર્વે નં. ૯૮ તથા ૯૯ની બિનખેતીની જમીનો ''જયશ્રી કૃષ્ણ એસોસીએશન'' (NTC G-૩૦૬૭ તા. ૫-૫-૧૯૯૦) ની માલીકીમાં આવેલ તે બિનખેતીની જમીનો ઉપર એસોસીએશન દ્વારા કોમન પ્લોટ, આંતરીક રોડ, રસ્તા વિગેરેની જોગવાઇ કરી રહેણાંકના હેતુ માટેની સબ- પ્લોટોની સ્કીમ બનાવવામાં આવેલ તે સબ-પ્લોટો પૈકી એસોસીએશનના રેકર્ડ મુજબના સબ-પ્લોટ નં. ૭૨, (પાસ થયેલ પ્લાન મુજબ સબ-પ્લોટ નં.૬૧) ની કુલ ૭૫૨ સ.ચો.વાર યાને કે ૬૨૮.૭૬ ચો.મીટર ક્ષેત્રફળ (જેનો શેર સર્ટીફીકેટ નં. ૬૩)ની ખુલ્લા પ્લોટ એરીયાવાળી જમીન તથા સદર એસોસીએશનના સભાસદ, એલોટી તથા શેર હોલ્ડરના તથા કોમન રોડ, રસ્તા, કોમન પ્લોટ, પાર્કીંગ ઈત્યાદી તમામ પ્રકારના વગર વહેંચાયેલ સહિયારા વાપરવાના હકકો, હિતો, સહિતની કુલ સઘળી ખુલ્લા પ્લોટ એરીયાવાળી જમીન હાલ હીના ઓર્ગેનાઇઝેશન, એ નામની ભાગીદારી પેઢી કે જેનુ મુખ્ય સ્થળ : અમદાવાદ ખાતે આવેલ છે તે ઉપરોક્ત મિલકત સદર ભાગીદારી પેઢીની કુલ સંપૂર્ણ સ્વતંત્ર માલિકીપણામાં તથા પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ હોવાનું જણાવી સદર ભાગીદારી પેઢીના સભ્ય તરીકેના એલોટી/માલીકી/કબજા હક્કો સહિતની સદર ખુલ્લા પ્લોટ એરીયાવાળી જમીન સદર એસોસીએશનની સંમતિથી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારા અસીલે ઉપરોક્ત સદર ખુલ્લા પ્લોટ એરીયાવાળી જમીન અંગે અમારી પાસે ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સ કે જેઓ સદર ખુલ્લા પ્લોટ એરીયાવાળી જમીન ઉપર હાલના માલીક સિવાય બીજા કોઇનાં કોઇપણ જાતનાં લેણાં વિગેરેના બોજા, લાગભાગ, કબજા હક્ક, અલાખો, ઇઝમેન્ટ, હિત, સબંધ, વાંધા, તકરાર, ગીરો, લીયન કે એટેચમેન્ટ, જામીનગીરી, વેચાણ લેવાના હક્કો, બાનાખત, ગણોત હક્ક, ડેવલપમેન્ટ હક્કો, રી-ડેવલપમેન્ટ હક્કો, લીસપેન્ડન્સ, વારસાઇ કે ચૂક વારસાઇથી રહી ગયેલ વારસદારોના હક્કો કે બીજી કોઇપણ રીતે હક્ક બોજા વિગેરે પોષાતા હોય તો તે અંગે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન -૭ (સાત) માં અમોને તે બદલના યોગ્ય આધારા પુરાવાની પ્રમાણીત નકલ સાથે લેખિત જાણ રજી. એડી (પોસ્ટ)થી નીચેના સરનામે કરવી, જો તેમ કરવામાં નહીં આવે તો સદર ખુલ્લા પ્લોટ એરીયાવાળી જમીન ઉપર કોઇનો કોઇપણ પ્રકારનો હક્ક કે લેણાં વિગેરેનો બોજો નથી અને હોય તો તેમણે સદર હાલના માલીકની તરફેણમાં જતા (વેવ) કરેલ છે તેમ સમજી મુદત વીતે સદર ખુલ્લા પ્લોટ એરીયાવાળી જમીનનું અમો ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ/અભિપ્રાય આપી દઇશું અને અમારા અસીલ હાલના જે કાંઇ રેવન્યુ/સીટી સર્વેએસોસીએશનના રેકર્ડમા કે દસ્તાવેજો ઉપલબ્ધ છે તેના આધારે સદર ખુલ્લા પ્લોટ એરીયાવાળી જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહીં તેની આથી સ્પષ્ટ નોંધ લેવી.

તા. ૨૪-૧૧-૨૦૨૬

ગૌતમ કે. નકુમ, (એડવોકેટ)

ઓફીસ :- ૫, રવિ એપાર્ટમેન્ટ, એફ.એમ. રેડીયો મીર્ચી ટાવર રોડ, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦૦૧૫, મોબાઇલ : ૯૮૭૯૯ ૫૫૪૫૨.

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગર, સબ-ડીસ્ટ્રીકટ ગાંધીનગર ઝોન-૨ અને તાલુકે ગાંધીનગરના મોજે-ગામ કુડાસણની સીમમ

ક્રુડ ઓઈલના ભાવ ઘટ્યા છતાં જાપાન સહિત વૈશ્વિક બજારોમાં ધબડકો

બેંક શેરોમાં ફુગ્ગો ફૂટ્યો : બેંકેક્સ ૨૦૫૦ પોઈન્ટ તૂટ્યો

(ગુજરાત સમાચાર પ્રતિનિધિ) મુંબઈ, સોમવાર

વૈશ્વિક બજારોમાં સોના-ચાંદી બજાર સાથે ઈક્વિટી બજારોમાં જોવાયેલી અસાધારણ અનપેક્ષિત મોટી ઉથલપાથલના પરિણામે ભારતીય બજારો પણ ડામાડોળ બન્યા છે. નવેમ્બર મહિનો ભારતીય શેર બજારો માટે મોટી ઉથલપાથલનો નીવડી રહ્યો છે. પાછલા ૨૦ દિવસમાં ભારતીય શેર બજારોમાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો-એફપીઆઈઝ, એફઆઈઆઈઝ પ્રેરિત શેરોમાં ઈન્ડેક્સ બેઝડ આક્રમક તેજીને જોઈને અવાચક બની ગયેલા ખેલાડીઓ, ઈન્વેસ્ટરોને આજે અચંબામાં મૂકી દેતો કડાકો શેર બજારોમાં બોલાઈ ગયો હતો. સોના-ચાંદીના ભાવોમાં મંદીના અતિરેક બાદ આજે વૈશ્વિક મોટો ઉછાળો આવ્યા સામે વૈશ્વિક શેર બજારોમાં જાપાન સહિતના બજારો એકાએક મીનિટોમાં ધડામ પછડાતાં ભારતમાં બેંકિંગ શેરોમાં આજે પેનીક સેલિંગ થયું હતું. ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ બે ટકા ઘટ્યા છતાં ખાસ વૈશ્વિક બજારોમાં વેચવાલી અને અમેરિકી ડોલર સામે રૂપિયો ૨૩ પૈસા નબળો પડતાં શેરોમાં ગભરાટભરી વેચવાલી રહી હતી.

સેન્સેક્સ વધ્યામથાળેથી ૨૨૨૭ પોઈન્ટ જ્યારે નિફ્ટી વધ્યામથાળેથી ૬૪૩ પોઈન્ટ તૂટ્યો

મેટલ શેરોમાં ગાબડાં : આઈટી શેરોમાં રિકવરી : સ્મોલ, મિડ કેપ શેરોમાં ફંડો વેચવાલ

સેન્સેક્સ ૧૪૮૪ પોઈન્ટ ગબડ્યો

બેંકિંગ-ફાઈનાન્સ શેરો સાથે મેટલ-માઈનીંગ શેરો ક્રેશ થયા હતા. ટાટા સ્ટીલ દ્વારા એપીએલ અપોલોને રૂ.૩૨,૦૦૦ કરોડમાં હસ્તગત કરવાની ડિલના અહેવાલ વચ્ચે આજે સ્ટીલ-મેટલ શેરોમાં ગાબડાં પડ્યા હતા. કેપિટલ ગુડ્ઝ-પાવર, ઓટોમોબાઈલ શેરોમાં પણ ફંડો વેચવાલ બન્યા હતા. આરંભમાં આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં મોટી ખરીદી પાછળ સેન્સેક્સ આરંભમાં ૭૪૩.૨૫ પોઈન્ટના ઉછાળે ઉપરમાં ૮૪૬૬૨.૯૬ સુધી પહોંચ્યો હતો. પરંતુ બેંકિંગ શેરોમાં ફંડોએ તેજીના વેપારનો મોટો ઉથલો કરાવી કડાકો બોલાવી દેતાં જોતજોતામાં સેન્સેક્સનો સુધારો ધોવાઈ જઈ એક તબક્કે વધ્યામથાળેથી ૨૨૬૭.૦૮ પોઈન્ટના કડાકે નીચામાં ૮૨૩૯૫.૮૮ સુધી આવી ગયો હતો. જે અંતે આગલા બંધથી ૧૪૮૩.૭૨ પોઈન્ટ તૂટી અને વધ્યામથાળેથી ૨૨૨૬.૯૭ પોઈન્ટ ખાબકીને ૮૨૪૩૫.૯૯ બંધ રહ્યો હતો. નિફ્ટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ આજે આરંભમાં ૨૫૯૯૨.૬૦ સુધી ઉછળી આવ્યા બાદ વધ્યામથાળેથી ૬૪૨.૯૫ પોઈન્ટ અને આગલા બંધની તુલનાએ ૪૫૦.૯૫ પોઈન્ટ તૂટીને ૨૫૩૪૯.૬૫ બંધ રહ્યો હતો.



બેંક નિફ્ટી ૨૦૫૦ પોઈન્ટ તૂટ્યો

બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં આજે એકાએક તેજીનો મોટો ઉથલો કરાવી ફંડોએ મોટો કડાકો બોલાવી દઈ તેજીમાં રહેલાં ખેલાડીઓને ટ્રેપમાં લઈ લીધા હતા. જેના કારણે બેંક નિફ્ટી ઈન્ડેક્સ ૨૦૪૯.૮૫ પોઈન્ટ એટલે કે ૩.૧૭ ટકા તૂટીને ૬૨૫૮૫.૩૫ બંધ રહ્યો હતો. એક્સિસ બેંક રૂ.૫૭.૧૫ તૂટીને રૂ.૧૩૮૯.૮૫, આઈસીઆઈસીઆઈ બેંક રૂ.૫૫.૬૦ તૂટીને રૂ.૧૫૮૫.૪૦, એચડીએફસી બેંક રૂ.૨૭.૨૫ ઘટીને રૂ.૮૧૮, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા રૂ.૩૩.૮૫ ઘટીને રૂ.૧૧૩૧.૧૦, કોટક મહિન્દ્રા બેંક રૂ.૧૩ ઘટીને રૂ.૫૦૩ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૨૨૮૫.૨૪ પોઈન્ટ તૂટીને ૭૦૪૧૦.૮૧ બંધ રહ્યો હતો.

મેટલ ઈન્ડેક્સ ૧૬૪૫ તૂટ્યો

મેટલ-માઈનીંગ શેરોમાં પણ વૈશ્વિક કડાકા પાછળ આજે ગાબડાં પડ્યા હતા. જેમાં ટાટા સ્ટીલ દ્વારા એપીએલ અપોલોમાં પ્રમોટર્સનું હોલ્ડિંગ ખરીદવાની અને ઓપન ઓફર સાથે રૂ.૩૨૦૦૦ કરોડમાં એક્વિઝિશન ડિલના અહેવાલ વચ્ચે વેલ્યુએશનને લઈ સ્ટીલ શેરોમાં ટાટા સ્ટીલ પાછળ કડાકા બોલાયા હતા. ટાટા સ્ટીલ રૂ.૧૪.૫૦ તૂટીને રૂ.૧૬૩.૨૫, હિન્દાલ્કો રૂ.૨૯.૧૦ તૂટીને રૂ.૯૦૧.૨૦, જિન્દાલ સ્ટેનલેસ રૂ.૧૧.૧૦ ઘટીને રૂ.૭૨૫ રહ્યા હતા. બીએસઈ મેટલ ઈન્ડેક્સ ૧૬૪૪.૬૦ પોઈન્ટ ગબડીને ૩૭૭૭૫.૪૪ બંધ રહ્યો હતો.

આઈટી શેરોમાં આકર્ષણ

આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરોમાં આજે આરંભથી જ ફંડોની તેજીએ બજારમાં શરૂઆતના સમયમાં મોટો ઉછાળો નોંધાયો હતો. ટીસીએસ રૂ.૮૨.૪૦ વધીને રૂ.૨૪૫૭.૪૦, તાન્લા પ્લેટફોર્મ્સ રૂ.૧૯.૩૦ વધીને રૂ.૬૮૦.૪૦, કોફોર્જ રૂ.૫૫ વધીને રૂ.૨૧૪૫, પર્સિસ્ટન્ટ સિસ્ટમ રૂ.૨૦૫ વધીને રૂ.૬૨૯૫ રહ્યા હતા. બીએસઈ આઈટી ઈન્ડેક્સ ૪૭૩.૧૨ પોઈન્ટ વધીને ૩૦૧૧૫.૫૬ બંધ રહ્યો હતો.

જવેલરી શેરોમાં ઘટાડે સપોર્ટ

સોના અને ચાંદીના ભાવમાં પાછલા દિવસોમાં મોટા ગાબડાં પડ્યા બાદ આજે ઘટાડો અટકીને ભાવો ઝડપી વધતાં જવેલરી શેરોમાં પણ ફંડોએ ઘટાડે લેવાલી કરી હતી. કલ્યાણ જવેલર્સ રૂ.૧૪.૫૦ વધીને રૂ.૬૫૩, ટાઈટન કંપની રૂ.૬૧.૫૦ વધીને રૂ.૪૬૭૧.૫૦ રહ્યા હતા. બીએસઈ કન્ઝયુમર ડયુરેબલ્સ ઈન્ડેક્સ ૩૨૨.૯૪ પોઈન્ટ વધીને ૬૨૦૨૬.૯૭ બંધ રહ્યો હતો.

સ્મોલ કેપ, મિડ કેપ શેરોમાં વેચવાલી

સેન્સેક્સ, નિફ્ટીમાં આજે બેંકિંગ શેરો પાછળ એકાએક મોટો કડાકો બોલાઈ જતાં સ્મોલ, મિડ કેપ શેરોમાં પણ ધૂમ વેચવાલી નીકળતા માર્કેટબ્રેડથ નેગેટીવ રહી હતી. બીએસઈમાં કુલ ટ્રેડિંગ થયેલી ૪૭૫૩ સ્ક્રિપોમાંથી વધનારની સંખ્યા ૧૫૧૮ અને ઘટનારની સંખ્યા ૨૯૭૦ રહી હતી.

રોકાણકારોની સંપતિ ધોવાઈ

બેંકિંગ શેરો પાછળ આજે સેન્સેક્સ, નિફ્ટી બેઝડ કડાકા સાથે અન્ય એ ગ્રુપના શેરોમાં પણ વ્યાપક વેચવાલીએ રોકાણકારોની સંપતિ એટલે કે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એક્ત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન આજે એક દિવસમાં રૂ.૫.૦૨ લાખ કરોડ ધોવાઈને રૂ.૫૦૮.૯૮ લાખ કરોડ રહ્યું હતું.

જાપાનનો નિક્કી તૂટ્યો

વૈશ્વિક બજારોમાં અમેરિકી બજારો પાછળ આજે એશીયા-પેસેફિક દેશોના બજારોમાં કડાકા બોલાયા હતા. ખાસ જાપાનના ટોક્યો શેર બજારનો નિક્કી ૨૨૫ ઈન્ડેક્સ ૩૦૦૮ પોઈન્ટ તૂટ્યો હતો. દક્ષિણ કોરિયાનો કોસ્પી ૧૬૧ પોઈન્ટ તૂટ્યો હતો. જ્યારે તાઈવાન વેઈટેજ ૭૭૮ પોઈન્ટ વધ્યો હતો. યુરોપના દેશોના બજારોમાં સાંજે રિકવરી જોવાઈ હતી. લંડન શેર બજારનો ફુત્સી ૬૬ પોઈન્ટ, ફ્રાંસનો કેક ૫૮ પોઈન્ટ, જર્મનીનો ડેક્ષ ૨૦૨ પોઈન્ટ વધ્યો હતો.

નવરાત્રી-દિવાળીના ૪૨ દિવસના તહેવારોના દિવસોમાં

ઓટો રિટેલ વેચાણ આંક પંચાવન લાખને પાર: ઈ વ્હીકલ્સમાં પણ વધેલું આકર્ષણ

મુંબઈ, તા. ૨૩

વર્તમાન વર્ષમાં નવરાત્રી-દિવાળીના તહેવારોને આવરી લેતા ૪૨ દિવસની તહેવારોની મોસમ દરમિયાન દેશમાં એકંદર ઓટો વેચાણમાં ગઈ વેળાની તહેવારની મોસમની સરખામણીએ ૨.૨૧ ટકા વધારો થયો છે, પરંતુ ઓટોના મુખ્ય સેગમેન્ટ ઊતારૂ વાહનોના વેચાણમાં ૭.૧૬ ટકા ઘટાડો નોંધાયો હોવાનું ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન્સ (ફાડા)ના સુત્રોએ જણાવ્યુ હતું. વીજ સંચાલિત વાહનોના વેચાણમાં આકર્ષક વૃદ્ધિ જોવા મળી છે. ઈ-વ્હીકલ્સનો વેચાણ આંક તહેવારોમાં પહેલી જ વખત પાંચ લાખને પાર ગયો છે.

ફાડા દ્વારા જારી કરાયેલા નિવેદન પ્રમાણે ૪૨ દિવસોમાં વાહનોનું એકંદર વેચાણ ૫૫,૨૫,૪૯૦ રહ્યુ હતું જે ગયા વર્ષની તહેવારોની મોસમના દિવસો દરમિયાન ૫૪,૦૫,૯૫૬ જોવા મળ્યુ હતું.

ઊતારૂ વાહનોનું રિટેલ વેચાણ જે ગયા વર્ષની તહેવારોની મોસમમાં ૮,૦૬,૩૨૨ એકમ રહ્યુ હતું તે વર્તમાન વર્ષના તહેવારોમાં ઘટી ૭,૪૮,૬૧૬ એકમ જોવા મળ્યુ છે, એમ ફાડાના પ્રમુખ સાઈ ગીરીધરે નિવેદનમાં જણાવ્યુ હતું.

ટુ વ્હીલર્સનું રિટેલ વેચાણ નવરાત્રી-દિવાળીના તહેવારોમાં ૩.૬૭ટકા વધી ૪૩,૧૩,૨૩૬ એકમ રહ્યુ હતું. થ્રી વ્હીલર્સનું વેચાણ ૫.૩૨ ટકા વધી ૧,૯૩,૫૭૬ એકમ રહ્યુ હતું. ટ્રેક્ટર્સનું વેચાણ ૨.૨૪ ટકા વધી ૧,૦૩,૮૦૯ એકમ રહ્યુ હોવાનું પણ નિવેદનમાં જણાવાયુ હતું.

વીજ સંચાલિત વાહનોનું રિટેલ વેચાણ ગઈ વેળાની તહેવારોની મોસમની સરખામણીએ વર્તમાન વર્ષના તહેવારોમાં ૫૨ ટકાથી સહેજ વધી ૫,૦૯,૬૬૭ રહ્યું છે. તહેવારોની મોસમમાં પહેલી જ વખત વીજ વાહનોનો વેચાણ આંક પાંચ લાખથી ઉપર જોવા મળ્યો છે.

વીજ વાહનોમાં ઈ-ટુ વ્હીલર્સનું વેચાણ ૬૧ ટકા વધી ૩.૩૦ લાખ જ્યારે ઈ-પેસેન્જર વ્હીકલ્સનો વેચાણ આંક ૭૩ ટકા વધી ૫૨૧૦૪ એકમ રહ્યો હોવાનું પણ પ્રાપ્ત નિવેદનમાં જણાવાયુ છે.

૨૦૨૬ની તહેવારોની મોસમ ઓટો રિટેલ વેચાણની દ્રષ્ટિએ નવા વિક્રમ તરીકે યાદ રહેશે. જીએસટીમાં કપાતને પરિણામે ગયા વર્ષે વાહનોના વેચાણમાં જોરદાર વધારો જોવા મળ્યો હતો. વાહનોના રિટેલ વેચાણની વર્તમાન ગતિને ધ્યાનમાં રાખતા ચાલુ કેલેન્ડર વર્ષ ૨૦૨૬માં અંકેદર વેચાણ આંક પહેલી જ વખત ત્રણ કરોડને પાર કરી જવાની શકયતા જોવાઈ રહી છે.

ઈ-વ્હીકલ્સનો વેચાણ આંક તહેવારોમાં પહેલી જ વખત પાંચ લાખને પાર: પેસેન્જર વાહનોનું વેચાણ ઘટ્યું

વૈશ્વિક સોનાના ભાવ ફરી ઉછળી ૩૬૦૦ ડોલર પાર

મંદીને બ્રેક વાગી: સોના-ચાંદીમાં તળિયેથી ફરી તેજી: મંદીવાળાના વેચાણો કપાયા

(વાણિજય પ્રતિનિધિ) મુંબઈ,સોમવાર

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં મંદીને બ્રેક વાગી હતી તથા ભાવ તળિયેથી ઝડપી ઉંચકાયા હતા વિશ્વ બજાર ઉંચકાતાં તથા ઘરઆંગણે કરન્સી બજારમાં રૂપિયો સામે ડોલરના ભાવ ફરી વધી આવતાં સોના-ચાંદીની ઈમ્પોર્ટ કોસ્ટ વધી હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા.

કૂડતેલ બજારમાં ઘટાડો આગળ વધ્યાના નિર્દેશો

વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૧૫૦૦ તથા ચાંદીના ભાવ કિલોના રૂ.૨૦૦૦ ઉંચકાયા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસના તળિયેથી ઉંચકાઈ ૩૬૦૦ ડોલર ઉપર ગયાના સમાચાર મળ્યા હતા. દરમિયાન, મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર રૂ.૨૦૦૦ વધી ૯૯૫ના ભાવ રૂ.૧૨૪૪૪૫ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૨૪૯૪૫ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ આજે જીએસટી વગર કિલોના રૂ .૩૨૦૦ વધી રૂ.૧૫૨૬૨૫ રહ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં સોનાના ભાવ ૩૫૩૮ વાળા વધી ઉંચામાં ભાવ ૩૬૩૭ થઈ ૩૬૨૧થી ૩૬૨૨ ડોલર રહ્યા હતા. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ ઔંસના ૪૧.૧૬ વાળા વધી ૪૨.૯૧ થઈ ૪૨.૬૧થી ૪૨.૬૧ ડોલર રહ્યા હતા. અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ વધી ૯૯૫ના રૂ.૧૨૯૨૦૦ તથા ૯૯૯ના રૂ.૧૨૯૫૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ વધી રૂ.૧૫૫૦૦૦ બોલાયા હતા.

વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઔંસના ૧૩૨૪ ડોલર રહ્યા હતા. જ્યારે પેલેડીયમના ભાવ ઔંસના ૯૦૮ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ આજે ઘટ્યા મથાળેથી ૦.૫૪ ટકા ઉંચકાયા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં જોકે કૂડતેલના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો. બ્રેન્ટ કૂડના ભાવ દોઢથી બે ટકા ઘટી નીચામાં ભાવ ૯૦.૭૬ થઈ ૯૧.૦૮ ડોલર રહ્યા હતા યુએસ કૂડના ભાવ નીચામાં ૮૧.૯૩ થઈ ૮૨.૧૧ ડોલર રહ્યા હતા. વિશ્વ બજારમાં સોના-ચાંદીના વાયદા બજારમાં નીચા મથાળે મંદીવાળાના વેચાણો કપાતા તેના પગલે પણ સોનામાં મંદી અટકી હતી.

ભારત અને EU વચ્ચે ૧૬ ડિસેમ્બરે FTA પર હસ્તાક્ષર થવાની સંભાવના

અમદાવાદ, તા. ૨૩

ભારત અને યુરોપિયન યુનિયન (ઈયુ) વચ્ચેના મુક્ત વ્યાપાર કરાર (એફટીએ) પર ૧૬ ડિસેમ્બરે હસ્તાક્ષર થવાની સંભાવના છે. આ કરાર પરની વાટાઘાટો જાન્યુઆરીમાં પૂર્ણ થઈ ગઈ હોવા છતાં, બંને પક્ષો હવે તેના પર ઔપચારિક હસ્તાક્ષર થાય તે પહેલાં જરૂરી કાયદાકીય અને સંસ્થાકીય પ્રક્રિયાઓ પૂર્ણ કરી રહ્યા છે.

યુરોપિયન કમિશને કરાર પર હસ્તાક્ષર કરવા અને તેને અંતિમ સ્વરૂપ આપવાની મંજૂરી મેળવવા માટે અંતિમ કાયદાકીય લખાણ (ટેક્સ્ટ) અને ટેરિફ શેડ્યૂલ સાથેના પ્રસ્તાવો કાઉન્સિલ ઓફ ધ યુરોપિયન યુનિયન સમક્ષ પહેલેથી જ રજૂ કરી દીધા છે.

તાત્કાલિક કાર્ય હસ્તાક્ષર માટે કાઉન્સિલની મંજૂરી મેળવવાનું છે, જે ઔપચારિક સમારોહ માટેનો માર્ગ મોકળો કરશે.

૨૦૨૧-૨૨ની એસજીબી શ્રેણી-૧નું ૨૫મી નવેમ્બરે મુદત પૂર્વે રિડમ્પશન

મુંબઈ, તા. ૨૩

નાણાં વર્ષ ૨૦૨૧-૨૨માં જારી કરાયેલી સોવેરિન ગોલ્ડ બોન્ડ (એસજીબી) શ્રેણી-૧ના મુદત પૂર્વે રિડમ્પશન માટે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ ૨૫મી નવેમ્બરની તારીખ નિશ્ચિત કરી છે.

આરબીઆઈ દ્વારા જારી કરાયેલી યાદીમાં આ એસજીબીનો મુદત પૂર્વેનો રિડમ્પશન ભાવ પ્રતિ ગ્રામ રૂપિયા ૧૨૬૧૨ નિશ્ચિત કરાયો છે. સદર એસજીબી ૨૫મી મે ૨૦૨૧ના જારી કરાયા હતા. આ એસજીબી પ્રતિ ગ્રામ રૂપિયા ૪૭૭૩ના ભાવે જારી કરાયા હતા. સામાન્ય રીતે એસબીજીની મુદત આઠ વર્ષની રહે છે, પરંતુ રિઝર્વ બેન્કે તેને જારી કરાયાની તારીખથી પાંચ વર્ષ બાદ રિડમ્પશનની જોગવાઈ રાખી છે.

આજનુ પંચાંગ

તા.૨૪/૧૧/૨૦૨૬,મંગળવાર

દેવદિવાળી

દિવસના ચોઘડિયા : રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
રાત્રિના ચોઘડિયા : કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
અમદાવાદ સૂર્યોદય : ૭ ક. ૦૦ મિ. સૂર્યાસ્ત : ૧૭ ક. ૫૨ મિ. **નવકારસી સમય :** (અ) ૭ ક. ૪૮ મિ. **જન્મરાશિ :-** મેષ (અ,લ,ઈ) ૭ ક. ૨૪ મિ. સુધી પછી વૃષભ (બ,વ,ઉ) રાશિ આવે. **નક્ષત્ર :** કૃતિકા ૨૩ ક. ૨૬ મિ. સુધી પછી રોહિણી નક્ષત્ર આવે. **ગોચર ગ્રહ :** સૂર્ય-વૃશ્ચિક, મંગળ-સિંહ, બુધ-તુલા, ગુરૂ-સિંહ, શુક્ર-તુલા, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, ચંદ્ર-હર્ષલ (યુરેનસ)-વૃષભ, નેપચ્યુન-મીન, પ્લુટો-મકર **રાહુકાળ :** ૧૫.૦૦ થી ૧૬.૩૦ (દ.ભા.) **વિક્રમ સંવત :** ૨૦૮૩ કાલયુક્ત સંવત્સર શાકે : ૧૯૪૮ પરાભવ જૈનવીર સંવત : ૨૫૫૩ **દક્ષિણાયન હેમંત ઋતુ રાષ્ટ્રીય દિનાંક :** માર્ગશીર્ષ ૩ વ્રજ માસ : કાર્તિક - ૩૦ **માસ-તિથિ-વાર :** કારતક સુદ પૂનમ

- વ્રતની પૂનમ
- ત્રિપુરારિ પૂનમ
- દેવદિવાળી
- તુલસી વિવાહ સમાપ્ત
- ભીષ્મ પંચક વ્રત સમાપ્ત
- કાર્તિક સ્નાન સમાપ્ત
- પુષ્કર-સિદ્ધપુર મેળો
- શ્રી ગુરૂનાનક જયંતી
- કાર્તિક સ્નાન દર્શન
- સિદ્ધાચલજીની યાત્રા
- હેમચંદ્રાચાર્ય જયંતી

મુસલમાની હિજરીસન : ૧૪૪૮ જમાદીઉલઆખર માસનો ૧૪ મો રોજ **પારસી શહેનશાહી વર્ષ :** ૧૩૯૬ તીર માસનો ૧૨ મો રોજ મોહોર

આજનું ભવિષ્ય

- અગ્નિદત્ત પદમનાભ

મેષ : આપને કામકાજમાં સાનુકૂળતા મળી રહે. ધંધામાં આવક જણાય. ધર્મકાર્ય-શુભકાર્યમાં ખર્ચ-ખરીદી જણાય પરંતુ આનંદ રહે.

વૃષભ : આપના ગણત્રી ધારણા પ્રમાણેનું કામકાજ થવાથી કામ કરવાનો ઉત્સાહ રહે. મિલન-મુલાકાતમાં સાનુકૂળતા મળી રહે.

મિથુન : રાજકીય-સરકારી કામકાજમાં, ખાતાકીય કામકાજમાં રૂકાવટ જણાય. આવેશ-ઉશ્કેરાટમાં આવીને કોઈ કામ કરવા નહીં.

કર્ક : આપના કામમાં આકસ્મિક સાનુકૂળતા મળી રહેતાં આપના કામનો ઝડપથી ઉકેલ લાવી શકો. ધર્મકાર્ય-શુભકાર્ય થઈ શકે.

સિંહ : દિવસના પ્રારંભથી જ આપે સતત કોઈને કોઈ કામમાં વ્યસ્ત રહેવું પડે. સામાજિક-વ્યાવહારિક કામકાજ અંગે દોડધામ રહે.

કન્યા : દેશ-પરદેશના કામમાં, આયાત-નિકાસના કામમાં આપને સાનુકૂળતા જણાય. ધર્મકાર્ય-શુભકાર્ય થવાથી પ્રસન્નતા રહે.

તુલા : આપે તન-મન-ધનથી-વાહનથી સંભાળીને શાંતિથી દિવસ પસાર કરી લેવા. સામાજિક-વ્યવહારિક કામમાં સંભાળવું પડે.

વૃશ્ચિક : જાહેર ક્ષેત્રના કામમાં, સંસ્થાકીય કામમાં આપે વ્યસ્ત રહેવું પડે. આપના કાર્યમાં અન્યનો સહકાર મળી રહેતાં રાહત જણાય.

ધન : આપના કામમાં હરિફવર્ગ-ઈર્ષ્યા કરનાર વર્ગ મુશ્કેલી ઉભી કરે. આકસ્મિક ખર્ચ-ખરીદીના લીધે નાણાંભીડ જણાય.

મકર : આપના રૂકાવટ-વિલંબમાં અટવાઈ પડેલા કામનો ધીરે ધીરે ઉકેલ આવતો જાય. સંતાનના પ્રશ્ને ચિંતા ઓછી થાય.

કુંભ : આપને કામકાજમાં પ્રતિકૂળતા જણાય. જમીન-મકાન-વાહનની લે-વેચના કામમાં ઉતાવળ કરવી નહીં. મિત્રવર્ગની ચિંતા રહે.

મીન : આપના યશ-પદ-ધનમાં વધારો થાય તેવી કાર્યરચના થવાથી આનંદ અનુભવો. ધર્મકાર્ય-શુભકાર્ય થવાથી પ્રસન્નતા રહે.

જન્મ તારીખ વર્ષ સંકેત

તા.૨૪/૧૧/૨૦૨૬,મંગળવાર

આજથી શરૂ થઈ રહેલું આપનું જન્મવર્ષ પ્રતિકૂળ રહે. **આરોગ્ય સુખાકારી :** આરોગ્ય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ નબળું છે. વર્ષના પ્રારંભ અને અંતમાં આપે સ્વાસ્થ્યની બાબતમાં ગંભીરતા રાખવી પડે. આપની પીડા-મુશ્કેલીમાં વધારો થાય. **નોકરી-ધંધો :** વ્યવસાયિક દ્રષ્ટિએ વર્ષ આપના માટે ઠીક રહે. વર્ષના પ્રારંભમાં અને ઉત્તરાર્ધમાં આપને કામમાં મુશ્કેલી જણાય. આપના ગણત્રી-ધારણા અવળાં પડતાં ઉચાટ-ઉદ્વેગ રહ્યા કરે. વર્ષની મધ્યમાં આપને સાનુકૂળતા રહે. કામ ઉકેલાતાં જાય. **સ્ત્રીવર્ગ :** સ્ત્રીવર્ગને માટે વર્ષ ચિંતા-ઉચાટનું રહે. વર્ષ દરમ્યાન ઘર-પરિવારની ચિંતા રહ્યા કરે. નોકરીયાત-વ્યવસાયિક મહિલાઓની પરેશાનીમાં વધારો થાય. સમયસર કામ ન થવાને લીધે દોડધામ વધે.

મંત્રમુગ્ધ

- ''સાચા યૌવનની ઓળખ ઉંમરથી નહીં, પણ માનસિકતાથી થાય છે. જે વ્યક્તિ આજીવન અધ્યયનશીલ રહી જ્ઞાન મેળવે છે, જેનો દ્રષ્ટિકોણ આશાવાદી છે, અને જેનું મન સાધુ સમાન સરળ છે, તે જ ખરા અર્થમાં આજીવન યુવાન છે.'' **- માનવ ઘડતરના મહાન વિચારક પાંડુરંગ શાસ્ત્રી આઠવલે**
- ''એકલવ્ય દ્રોણાચાર્યની માટીની મૂર્તિને આધારે અર્જુન કરતાં ય આગળ નીકળી ગયો એ જ્યારે મેં જાણ્યું ત્યારે મને પાક્કી ખાતરી થઈ ગઈ કે આત્મકલ્યાણ માટે જીવંત પરમાત્માની જેટલી જરૂર છે, એના કરતા વધારે તો જીવંત શ્રદ્ધાની જરૂર છે.'' **- અખૂટ મૌલિક વિચારોના સર્જક આચાર્ય શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી**
- ''જો તમે ઈચ્છતા હોવ કે તમારું સંતાન સ્વાભિમાન અને ગરિમાથી જીવે, તો તેના માર્ગની કાંટાળી કેડીઓને સાફ કરવાને બદલે તેને પ્રતિકૂળતા ને પડકારો સામે મક્કમતાથી લડતા શીખવો. તેનો હાથ પકડી રાખવાને બદલે તેને એટલો સક્ષમ બનાવો કે તે એકલો જ જગત સામે બાથ ભીડે.'' **- ઈંગ્લેન્ડની કવયિત્રી નવલકથાકાર એન બ્રોન્ટ**
- ''ગમે તેટલુ કામ હોય પણ હું અને બ્રેકફેટ શાંતિથી વાતો કરી શકતા. અમે ક્યારેય વાંચનને છોડ્યું નથી. વાંચન દ્વારા ઘણીવાર એવી બાબતો જાણી શકાય છે જે કોઈએ તમને જણાવી ન હોય.'' **- વોરેન બફેટના લાંબા સમયના મિત્ર અને માર્ગદર્શક ચાર્લી મુંગર**
- કામની પાછળ આગ્રહથી મંડ્યા રહેવાથી આદત કેળવાય છે અને જાત ઉપર ભરોસો રાખવાથી માણસમાં સ્વતંત્રતાથી રહેવાની શક્તિ પેદા થાય છે. **- ''સમજણનું સુખ''**

સંકલન : russhabhshahgs@gmail.com

ગુજરાત સમાચાર સુડોકુ



ક્રોસવર્ડ ક્વિઝ



જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડિસ્ટ્રીકટ અમદાવાદ-૩ (મેમનગર) તથા તાલુકા ઘાટલોડીયા ના ગામ મોજે - બોડકદેવ ની સીમ ના સર્વે નં ૨૯૪/૧ તથા ૨૯૪/૨ જેનો સમાવેશ ટી.પી. સ્કીમ નં ૧/બી માં થવાથી ફા.પ્લોટ નં ૧૪૯ વાળી બીનખેતીની જમીન પર ''શ્રી મહાકાળી શોપ્સ એન્ડ એપાર્ટમેન્ટસ (બોડકદેવ) કો.ઓ.હા.સો.લી.'' આવેલ છે જે ''રૂદ્ર સ્કવેર''ના નામથી ઓળખાય છે. તેના પહેલા માળે (૧) દુકાન નં ૨૮ (બ્લોક ડી) કે જેનુ બાંધકામ ક્ષેત્રફળ ૩૭૬ ચો.ફૂટ યાને ૩૪.૯૩ ચો.મી. તથા વણ વહેંચાયેલ જમીન આશરે ૯ ચો.મી. તથા (૨) દુકાન નં ૨૯ (બ્લોક ઈ) કે જેનુ બાંધકામ ક્ષેત્રફળ ૪૨૩ ચો.ફૂટ યાને ૩૯.૩૦ ચો.મી. તથા વણ વહેંચાયેલ જમીન આશરે ૯ચો.મી. તેવી મિલકત ગીરીરાજસિંહ બહાદુરસિંહ જાડેજા એચ.યુ.એફ. ના કર્તા અને મેનેજર તરીકે ગીરીરાજસિંહ બહાદુરસિંહ જાડેજા ની માલીકી, કબજા-ભોગવટાની આવેલ છે, તેમ જણાવી અમો પાસે ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટ માંગેલ છે. તો સદરહું મિલકતમાં અન્ય કોઈપણ શખ્સનો લાગભાગ, ભરણ-પોષણનો કે અન્ય કોઈપણ પ્રકારનો હકક હિત હિસ્સો પોષાતો હોય તો નીચેના સરનામે દિન-૭ માં લેખિત પુરાવા સહિત રજી. એડી. થી જાણ કરવી. ત્યારબાદ કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહિ અને ટાઈટલ કલીયર સર્ટીફીકેટ આપવામાં આવશે તે જાણવું.

તારીખ: ૨૪-૧૧-૨૦૨૬

મંથન અજીતકુમાર રાવલ (એડવોકેટ અને નોટરી)

ઓફિસ નં ૬૦૩, શિવાલીક સત્યમેવ, એસ.પી. રીંગ રોડ જંકશન, આંબલી-બોપલ રોડ, બોપલ, અમદાવાદ - ૩૮૦૦૫૮
મો - ૯૬૨૪૦ ૮૬૬૪૪

જાહેર નોટિસ

જત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદના અસારવા તાલુકાના ગામ મોજે સૈજપુરબોઘાની સીમમાં આવેલ સરવેનંબર-૩૬૭-૧,૩૬૮-૧, તથા ૩૬૯-૪તમામ પૈકી (અમદાવાદ મ્યુ કો. મુજબ ટી પી નંબર:-૩૫ ફાઈનલ પ્લોટ નંબર-૩૭૦)સીટી સર્વે નંબર :-૧૬૧૧ ની જમીનમાં નયનનગર કો ઓ હા સો લી આવેલ છે અને તેમાં આવેલ મકાન નંબર:-બી-૨૯૮ સ.ચો.મી:-૧૧૧ ના પ્લોટએરીયા તથા તેમાં આવેલ સ.ચો.મી-૫૫ ગ્રાઉન્ડફલોરતથાસ.ચો.મી-૫૫ફર્સ્ટફલોરના બાંધકામ વાલી મીલકત ૧)સરસ્વતીદેવી ગાગનદાસ અલવાની રહેવાસી-વસંતવિહાર કોલોની,જયપુર રાજસ્થાન. ૨)નિશાદેવી મનિષ અલવાણી રહેવાસી-સી-૧૨૦૧, કર્ણાવતી પ્રિમીયર લીવીંગ,ભાટ,ગાંધીનગરની સંયુક્ત સહ માલીકી કબજા ભોગવટાની આવેલ છે અને સદર મીલકત તમામ પ્રકારના બોજાઓથી સંપુર્ણપણે મુક્ત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ મીલકત અંગે ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે.સબબ કે સદરહુ મીલકત પરત્વે કોઈનો કોઈપણ જાતનો હક્ક હીસ્સો દાવો લહેણા લીયન ચાર્જ કે અન્ય કોઈપણ જાતનો બોજો કે અલાખો હોય અગર અન્ય કોઈપણ જાતનો વાંધો હોય તો આ નોટીસ પ્રસીદ્ધ થયેથી દિન-૭ માં નીચેના સરનામે પુરાવાઓ સહીત લેખીત જાણ કરવી, જો તેમ કરવામાં નહી આવેતો સદરહુ મીલકતમાં કોઈનો કોઈપણ જાતનો બોજો હક્ક હીસ્સો દાવો લીયન ચાર્જ વિગેરે આવેલ નથી અગર આવેલ હોય તો તે (Waive) જતા કરેલ છે તેમ સમજી આગળની કાર્યવાહી કરવામાં આવશે અને ત્યારબાદ સદરહુ મીલકત અંગે ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ અમારા અસીલ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં તેવી જાહેર જનતાએ નોંધ લેવી.

અમદાવાદ
તારીખ- ૨૪-૧૧-૨૦૨૬

મહેશ સેજવાણી એસોસીએટસ
અનીલ કે નાગદેવ
એડવોકેટ એન્ડ નોટરી

ઠે.બીજો માળ,મનોજ ચેમ્બર્સ મીરઘાવાડ,રેવડી બજાર અમદાવાદ
મો નંબર :-૯૩૭૦૨૨૮૩૦
મો નબંર :-૯૩૭૪૬૩૬૨૬૧

જાહેર નોટિસ

જત ડીસ્ટ્રીકટ મહેસાણા સબ-ડીસ્ટ્રીકટ કડી તાલુકાના મોજે-કરણનગર ગામની સીમના રી સર્વે મુજબ નવા સર્વે નંબર : ૩૮૧ (જુના સર્વે નંબર : ૨૬૧ પૈકી ૨) ની હે.આરે. ચો.મી. : ૧-૨૪-૦૭, આકાર રૂા.૬.૯૧ પૈસાવાળી ખેતીની જમીન વર્ષાબેન તે અમૃતલાલ મણીલાલની દિકરી તે ભરતભાઈ ગોવિંદભાઈ પટેલના પત્ની તથા પટેલ રાજેન્દ્રકુમાર અમૃતલાલ એ તેઓની સંપુર્ણપણે સંયુકત માલીકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહીત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહિ.

નિશીતકુમાર એન. પટેલ, એડવોકેટ,
મયંક આર.ચોટલીયા, એડવોકેટ,
જાબાલ યુ.પટેલ, એડવોકેટ
પી એન્ડ સી એસોસીએટસ

ઠે:એફ એફ-૧, વંદેમાતરમ આઈકોન, વંદેમાતરમ રોડ,ગોતા, અમદાવાદ- ૩૮૨૪૮૧.
ફોન : ૭૦૪૧૦ ૩૫૫૫૨.

જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૧૪ (વસ્ત્રાલ) ના વટવા તાલુકાના ગામ મોજે વસ્ત્રાલની સીમમાં આવેલ બ્લોક/સર્વે નંબર-૬૪૨/૧ (પૈકી), ૬૪૨/૨ (પૈકી) તથા ૬૪૫ જમીન કે જેનો ટી.પી.સ્કીમ નંબર-૧૧૭ (વસ્ત્રાલ) ના ફા.પ્લોટ નંબર-૧૮૪/૧ અને ૧૮૭ જેના એકત્રીત ફા.પ્લોટ નંબર-૧૮૪/૧+૧૮૭ ની ૯૮૦૩ચો.મી બીનખેતીની જમીન પૈકી સબ પ્લોટ નંબર-૨ ની ૩૭૬૨-૫૬ ચો.મી. (સર્વે નંબર-૬૪૨/૧ ની ફા.પ્લોટ નંબર-૧૮૪/૧ અને ૧૮૭ ના સબ પ્લોટ નંબર-૨ પૈકીની ૨૧૦૩-૯૬ ચો.મી. તથા સર્વે નંબર-૬૪૨/૨ ની ફા.પ્લોટ નંબર-૧૮૪/૧ અને ૧૮૭ ના સબ પ્લોટ નંબર-૨ પૈકીની ૧૬૫૮-૬૦ ચો.મી.) ``RASRAJ BUILDCON" એ નામની ભાગીદારી પેઢીની કુલ સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલી છે. જે રેવન્યુ રેકર્ડમાં ભાગીદારી પેઢીના નામે ચાલી આવતી હોવાનુ જણાવી તેમજ તમામ પ્રકારના બોજારહીત હોવાનુ જણાવી તેઓએ અમારી પાસે સદરહું જમીનના ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સર્વે શખ્સો કે જેઓ સદરહુ જમીન ઉપર વેચાણ, બાનાખત, બાનાચીઠ્ઠી, ખાનગી સંસ્થા કે સરકારી સંસ્થા કે શીડ્યુઅલ બેંક કે કો-ઓપરેટીવ બેંકના મોર્ગેજ, ખાનગી પેઢી કે કંપનીમાં ગીરો મુકેલ હોય તો તથા લીયન, ચાર્જ, ભરણપોષણ, ઈઝમેન્ટ, કે બીજી કોઈપણ રીતે હકક, દાવો કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવા સાથે (પુરાવા સિવાયના વાંધાઓ ધ્યાનમાં લેવામાં આવશે નહી) આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ૭ ની અંદર નીચેના સરનામે કરવી, જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ હકક, હીસ્સો કે હીત સંબંધ નથી અને જો હોય તો (વેવ) યાને જતો કરેલ છે તેમ સમજી સદરહુ જમીનનું અમારા અસીલને ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપી દઈશું. ત્યારબાદ કોઈપણ વ્યકિતનો વાંધો કે તકરાર ચાલશે નહી તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૪/૧૧/૨૦૨૬

કેયુર વી. રાઠોડ, એડવોકેટ
બિનલ જે. પીઠવા, એડવોકેટ
વિનય રાઠોડ એસોસીએટસ,

૪૨૦, શ્યામ બિઝનેશ હબ, મુકેશ ઈન્ડસ્ટ્રીઝની બાજુમાં, ઈસનપુર, અમદાવાદ.
મો.નં.-૯૮૨૪૦ ૪૨૬૪૪ / ૯૯૨૫૦ ૦૦૫૩૮

જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ ગાંધીનગરના તા.દહેગામના ગામ-ઘમીજની સીમના ખાતા નં.૧૮૮૨ ના બ્લોક/સર્વે નં.૫૭૮/૦૦૨ (જુ.સ.નં.૫૧૯) ની કુલ ૦-૩૦-૩૦ હે.આરે.ચો.મી. આકાર રૂ.૧.૯૭ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન ભાવેશભાઈ નાથાભાઈ પટેલ નાઓની સ્વતંત્ર માલિકી કબ્જા ભોગવટા વાળી આવેલી છે. તેઓએ અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહું જમીન પરત્વે કોઈનો કોઈ લાગ, ભાગ, હક્ક હિત, સબંધ, હિસ્સો કે બોજો, દાવો, અલાખો, રસ્તાનો હક્ક પોષાતો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૦૭ માં લેખિત વાંધા પ્રમાણિત પુરાવા સહીત નીચે જણાવેલ સરનામે મોકલી આપવા જો કોઈનો વાંધો કે તકરાર નહિ આવે તો પોતાનો હક્ક જતો કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે જેની જાહેર જનતાએ નોધ લેવી.

હર્ષદ ડી. પટેલ
કૃણાલ એ. ઠાકોર
કૃણાલ કે. પટેલ (એડવોકેટ્સ)
કર્મ ASSOCIATE

ઓફીસ-૨૧૨, બીજો માળ, હિલ ટાઉન પ્લાઝા, નિકોલ રીંગ રોડ ચોકડી, નિકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦,
મો.૯૬૮૭૨૧૨૬૫૬

જાહેર ચેતવણી

આથી અમો મેહબુબમિયાં અનવરમિયાં સૈયદ ઉ. વ. આ.૫૬, ધર્મે મુસ્લીમ, ધંધો વેપાર, રહે. ૧૦૫/૧૮૦૧, સુંદરમનગર, મણીયાર ટ્રેલરની પાસે, રખીયાલ, અમદાવાદ- ૩૮૦૦૨૩ ના આ જાહેર ચેતવણી દ્વારા જાહેર જનતાને જણાવીએ છીએ કે...

અમારો પુત્ર સૈયદ યામીનમીયા મેહબુબમીયા જે હાલ અમારા કહેવામાં નથી અને અમારુ કહેવુ માનતા નથી અને દેવુ કરેલ છે. જેથી મારા પુત્ર સાથે અમારે કોઈપણ જાતનો સંબંધ રહેલ નથી. જેથી મારા પુત્ર-સૈયદ યામીનમીયા મેહબુબમીયા સાથે કોઈપણ સગા-વ્હાલાએ કે મિત્ર-સંબંધીઓએ કે જાહેર જનતાએ કોઈપણ જાતનો નાણાંકીય કે અન્ય કોઈપણ પ્રકારનો વ્યવહાર કે વહીવટની લેવડ-દેવડ કરવી નહીં કે તેની સાથે કોઈપણ જાતનો સંબંધ રાખવો નહી. અને તેમ છતાં કોઈ સંબંધ કે વ્યવહાર કે વહીવટ કરશે તો તેની સઘળી જવાબદારી તેઓના શિરે રહેશે. તેમાં અમારી કોઈ જવાબદારી રહેશે નહી તેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમદાવાદ
તારીખ. ૨૩-૧૧-૨૦૨૬

SHROHIN G. NAREJA
ADVOCATE
Nareja Computers

107, 108, 1st floor, Ganesh Plaza, Above Bauge Shree Restaurent, Ajit Char Rasta, Rakhial, Ahmedabad-23.
Mobile No. 9879683517, 8401649467

જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડિસ્ટ્રીકટ અમદાવાદ - ૦૯ (બોપલ) ના તાલુકા ઘાટલોડીયા ના મોજે ગામ - બોપલ ની સીમના બ્લોક નં ૫૫૭ પૈકી સબ પ્લોટ નં - ૧ થી ૧૯ બીનખેતીની જમીન પર આવેલ ''જયનીલ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી.'' એ બાંધવામાં આવેલ સ્કીમ કે જે ''જલધારા-૨''તરીકે ઓળખાય છે તેના બંગલા નં ૨૯ ની ૨૭૬ સમ ચો.વાર યા ને ૨૩૦.૭૭ સમ ચો.મી. (નેટ પ્લોટ ૧૯૭ સ.ચો.વાર) જમીન તથા ૨૭૨ ચો.વાર બાંધકામ ક્ષેત્રફળ વાળી મિલકત ''જયનીલ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી.'' દવારા ઈસ્યુ કરેલ અસલ શેર સર્ટીફીકેટ (૧) નરેન્દ્રભાઈ રણછોડભાઈ પટેલ (૨) રંજનબેન નરેન્દ્રભાઈ પટેલ (૩) કૃણાલ નરેન્દ્રભાઈ પટેલ પાસે ઉપલબ્ધ/મળેલ નથી તેમ જણાવી અમો પાસે સર્ટીફીકેટ માંગેલ છે. તો સદરહુ મિલકતમાં કોઈ પણ બેંક, શખ્સ, વ્યકિત, સંસ્થાનો લાગભાગ, ભરણ-પોષણનો કે અન્ય કોઈ પણ પ્રકારનો હકક હિત હિસ્સો પોષાતો હોય તો નીચેના સરનામે દિન- ૭ માં લેખિત પુરાવા સહિત રજી. એડી. થી જાણકરવી. ત્યારબાદ કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહિ અને સર્ટીફીકેટ આપવામાં આવશે તે જાણવું.

તારીખ : ૨૪-૧૧-૨૦૨૬

મંથન અજીતકુમાર રાવલ (એડવોકેટ)

ઓફિસ નં ૬૦૩, શિવાલીક સત્યમેવ, એસ.પી. રીંગ રોડ જંકશન, આંબલી-બોપલ રોડ, બોપલ, અમદાવાદ - ૩૮૦૦૫૮
મો - ૯૬૨૪૦ ૮૬૬૪૪

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, જીલ્લે અમદાવાદ તથા તાલુકા સાણંદનાં મોજે ગામ ઈયાવાની સીમના બ્લોક/સરવે નંબર ૨૯૪/૧/૬ નાં ખાતા નંબર ૨૧૪ ની કુલ્લે આશરે ૨૦૨૩૪ ચોરસમીટરની જુની શરતની ખેતીની જમીન રેવન્યુ દફતરે (૧) કાનાજી ગેમરજી ઠાકોર, (૨) જેસંગજી ગેમરજી ઠાકોર તથા (૩) ઘનશ્યામજી ગેમરજી ઠાકોર નાં નામ પર સંયુકત માલિક કબજેદાર તરીકે ચાલે છે., સદરહુ જમીન પૈકી કુલ્લે આશરે ૧૩૪૯૯.૩૩ ચોરસમીટરની જુની શરતની ખેતીની જમીન (૧) જેસંગજી ગેમરજી ઠાકોર તથા (૨) ઘનશ્યામજી ગેમરજી ઠાકોર, બન્ને ઠેકાણું ૧૭૬, વિરપુરા, ઈયાવા, તાલુકા સાણંદ તથા જીલ્લે અમદાવાદ ૩૮૨૧૭૦ નાએ તેઓની સંયુકત માલિકી કબજા ભોગવટાની તેમજ સરવે પ્રકારનાં બોજાઓથી મુકત આવેલી હોવાનું જણાવીને તેઓએ સદરહુ જમીનનાં ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફિકેટની અમારી પાસે માંગણી કરેલી છે. તો સરવે શખ્સો કે જેઓ સદરહુ જમીન ઉપર વેચાણ, ગીરો, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, ભરણપોષણ, ઈઝમેન્ટ, વારસાઈ હકકે કે બીજી કોઈપણ રીતે હકક, દાવો કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવા સાથે (પુરાવા સિવાયનાં વાંધાઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં) આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ સાતની અંદર નીચેનાં સરનામે કરવી., નહીંતર આવા હકક, દાવા કે અલાખા ઉપર કોઈપણ જાતનું લક્ષ આપ્યા સિવાય સદરહુ જમીનનું ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવશે., અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં., તેની નોંધ લેશો.

તારીખ :- ૨૩/૧૧/૨૦૨૬

પી પરીખ એન્ડ કંપની,
એડવોકેટ્સ, સોલીસીટર એન્ડ નોટરી,
પરિમલ બિપીનચંદ્ર પરીખ,
દિપાંગ પિયુષ પરીખ,
તરંગ પરિમલ પરીખ,
ઉત્સવ પિયુષ પરીખ,

ત્રીજો માળ, સત્ય કોમ્પલેક્ષ, આઈ ઓ સી પેટ્રોલ પંપની સામે, અશ્વમેધ ચાર રસ્તા પાસે, ૧૩૨ ફુટ રીંગ રોડ, સેટેલાઈટ, અમદાવાદ ૩૮૦૦૧૫

જાહેર નોટિસ

જત ડીસ્ટ્રીકટ મહેસાણા સબ-ડીસ્ટ્રીકટ કડી તાલુકાના મોજે-કરણનગર ગામની સીમના રી સર્વે મુજબ નવા સર્વે નંબર : ૩૪૬ (જુના સર્વે નંબર : ૨૩૫) ની હે.આરે. ચો.મી. : ૪-૫૮-૬૩, આકાર રૂા.૨૧.૦૦ પૈસાવાળી ખેતીની જમીન વર્ષાબેન તે અમૃતલાલ મણીલાલની દિકરી તે ભરતભાઈ ગોવિંદભાઈ પટેલના પત્ની તથા પટેલ રાજેન્દ્રકુમાર અમૃતલાલ એ તેઓની સંપુર્ણપણે સંયુકત માલીકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહીત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહિ.

નિશીતકુમાર એન. પટેલ, એડવોકેટ,
મયંક આર.ચોટલીયા, એડવોકેટ,
જાબાલ યુ.પટેલ, એડવોકેટ
પી એન્ડ સી એસોસીએટસ

ઠે:એફ એફ-૧, વંદેમાતરમ આઈકોન, વંદેમાતરમ રોડ,ગોતા, અમદાવાદ- ૩૮૨૪૮૧.
ફોન : ૭૦૪૧૦ ૩૫૫૫૨.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ તથા સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૯(બોપલ) ના ઘાટલોડીયા તાલુકાના મોજે ગામ ઘુમાની સીમમાં આવેલ બ્લોક/સર્વે નં. ૯૮ તથા ૯૯ની બિનખેતીની જમીનો ''જયશ્રી કૃષ્ણ એસોસીએશન'' (NTC G -૩૦૬૭ તા. ૫-૫-૧૯૯૦) ની માલીકીમાં આવેલ તે બિનખેતીની જમીનો ઉપર એસોસીએશન દ્વારા કોમન પ્લોટ, આંતરીક રોડ, રસ્તા વિગેરેની જોગવાઈ કરી રહેણાંકના હેતુ માટેની સબ- પ્લોટોની સ્કીમ બનાવવામાં આવેલ તે સબ-પ્લોટો પૈકી એસોસીએશનના રેકર્ડ મુજબના સબ-પ્લોટ નં. ૭૩, (પાસ થયેલ પ્લાન મુજબ સબ-પ્લોટ નં. ૬૨) ની કુલ ૨૦૫૫ સ.ચો.વાર યાને કે ૧૭૧૮.૨૪ ચો.મીટર ક્ષેત્રફળ (જેનો શેર સર્ટીફીકેટ નં. ૬૭)ની ખુલ્લા પ્લોટ એરીયાવાળી જમીન તથા સદર એસોસીએશનના સભાસદ, એલોટી તથા શેર હોલ્ડરના તથા કોમન રોડ, રસ્તા, કોમન પ્લોટ, પાર્કીંગ ઈત્યાદી તમામ પ્રકારના વગર વહેંચાયેલ સહિયારા વાપરવાના હકકો, હિતો, સહિતની કુલ સઘળી ખુલ્



પ્રથમ ધર્મગુરૂ

શ્રી ગુરૂ નાનક દેવજી

ના

પ્રકાશ પર્વ

ની હાર્દિક શુભકામનાઓ

“ શ્રી ગુરૂનાનક દેવજીના 557મા પ્રકાશ પર્વના પાવન અવસરે આપ તમામને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ. આવો, ગુરુ સાહિબના સિધ્ધાંતો 'ઈમાનદારીથી કર્મ કરો, ઈશ્વરનું સ્મરણ કરો કમાણીની વહેચણી કરી' અને તમામના કલ્યાણને પોતાના જીવનમાં આત્મસાત કરીએ તથા પરસ્પર ભાઈચારો, પ્રેમ અને સામાજીક સદભાવની ભાવનાને વધુ મજબૂત બનાવીએ ”

ભગવંતસિંહ માન

મુખ્યમંત્રી, પંજાબ



માહિતી અને લોકસંપર્ક વિભાગ, પંજાબ

ગુજરાત સમાચાર

ભયજનક જાહેર બાંધકામ

અમદાવાદ મહાપાલિકા હવે શહેરના પુલો પર તૂટતા પહેલા ખ્યાલ આવે એવા સેન્સર લગાવવાની છે. આપણા દેશમાં રેલવે અને પોસ્ટ એમ બે સરકારી વિભાગો એવા છે જે આજે પણ સંપૂર્ણ રીતે બ્રિટિશરોના સુસ્થાપિત નિયમો પ્રમાણે ચાલે છે. એને કારણે આકસ્મિકતા સિવાયના કારણોસર એ ક્ષેત્રો સામે ફરિયાદો નહિવત્ છે. રેલવે અને પોસ્ટ સિસ્ટમથી ચાલે છે જે સિસ્ટમ સરકારના બીજા વિભાગો પાસે નથી. બાંધકામમાં પણ રેલવેના ધોરણો બહુ જ ઊંચા છે. ટેક્નોલોજીના ઉપયોગથી ઈમારતો, પુલ, રસ્તાઓ વગેરેના નિર્માણમાં ઝડપ આવી છે અને સંરચના સુંદર બનવા લાગી છે, પરંતુ તેની મજબૂતાઈ અને ટકાઉપણા અંગે વારંવાર પ્રશ્નો ઊભા થાય છે. હવે લોકો પુલ પરથી પસાર થતી વખતે મનોવૈજ્ઞાનિક રીતે ગભરાય છે અને જો વૈકલ્પિક રસ્તો હોય તો એને પસંદ કરે છે. દરેક વરસાદની મોસમમાં પુલ, રસ્તાઓ અને નવી બનેલી ઈમારતો ડૂબી જવાના અને તૂટી પડવાના સમાચાર વિના ભાગ્યે જ કોઈ વર્ષ પસાર થાય છે.

વાસ્તવમાં, એરપોર્ટની છત લોખંડના થાંભલા ઊભા કરીને સિન્થેટિક અને પાતળી લોખંડની ચાદરથી બનેલી છે. આ રીતે, જગ્યા એકદમ ખૂલ્લી અને સુંદર પણ લાગે છે, પરંતુ તેની ક્ષમતા વિશે કોઈ દાવો કરવો મુશ્કેલ છે. આ પહેલી ઈમારત નથી કે જેમાં આ બાંધકામ કળાનો ઉપયોગ કરવામાં આવ્યો હોય. હવે આ ટેક્નોલોજીનો ઉપયોગ અનેક જાહેર સ્થળોએ ઝડપથી કામ પૂર્ણ કરવા માટે કરવામાં આવી રહ્યો છે. વાસ્તવમાં, મકાન બાંધકામમાં કાચ, લોખંડ, સિન્થેટિક શીટ્સ વગેરેનો ઉપયોગ ઝડપથી વધ્યો છે. આ રીતે ઈમારતોનું નિર્માણ ઝડપથી થાય છે, પરંતુ ન તો તે ભારતીય પ્રકૃતિ સાથે સુસંગત છે કે ન તો તેને ચિરકાલીન ગણી શકાય. લોખંડના થાંભલાઓને નટ અને બોલ્ટ સાથે જોડીને બનાવેલા માળખાને સમયાંતરે સમારકામની જરૂર પડે છે, જેનો વારંવાર અભાવ જોવા મળે છે. ઘણી ઈમારતો, રસ્તાઓ અને પુલ સરકારી દબાણ હેઠળ ઉતાવળમાં બનાવવામાં આવે છે, જેના કારણે ઈમારતો જોખમી સાબિત થાય છે.

ગત ચોમાસે મધ્યપ્રદેશના જબલપુરમાં એર ટર્મિનલની નવી ઈમારતની છતનો એક ભાગ વરસાદને કારણે એક ગાડી પર પડી ગયો હતો. બિહારમાં વરસાદ શરૂ થતાની સાથે જ અનેક પુલ ધરાશાયી થયા હતા. છેલ્લા ઘણા સમયથી મધ્યપ્રદેશ, બિહારમાં પૂરમાં પુલો ધોવાઈ જવાના, રસ્તાઓ ડૂબી જવાના કે ધસી પડવાના અહેવાલો છે. અતિવૃષ્ટિને કારણે દિલ્હીમાં જે સ્થિતિ સર્જાઈ હતી તે જ સ્થિતિ દેશના અને વિશ્વના અન્ય શહેરોમાં પણ સર્જાઈ રહી છે. દુબઈ, ઈન્ફ્રાસ્ટ્રક્ચરની દ્રષ્ટિએ ખૂબ જ અદ્યતન શહેર છે, છતાં થોડા સમય પહેલા સામાન્ય કરતાં વધુ વરસાદને કારણે પાણી ભરાઈ ગયું હતું. છેલ્લા કેટલાક વર્ષોમાં, આપણા દેશમાં વધુ પડતા વરસાદને કારણે સારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતા શહેરો પણ ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. આબોહવા પરિવર્તનને કારણે હવામાનમાં અણધાર્યા ફેરફારો એ હવેની વાસ્તવિકતા છે.

આરોગ્ય, શિક્ષણ, આંતરિક સુરક્ષા... બધે જ નજર દોડાવો તો વારંવાર રોકાઈ-રોકાઈને નજર થાકી જાય એવા ભ્રષ્ટાચાર અને ગેરરીતિના પડાવો છે. બળાત્કારનું જાણે કે સમર્થન કરતા હોય એમ પોલીસ સ્ટેશનમાં પીડિતાને દુષ્ટ બુદ્ધિથી પ્રશ્નો પૂછતા ને ઊંચા પદે પહોંચી ગયેલા જમાદારો કાશ્મીરથી કન્યાકુમારી વારંવાર લોકનજરે ચડે છે અને પ્રજા ખિન્ન થઈ જાય છે. તેઓ પ્રજા અને પોલીસ વચ્ચેનો પુલ તોડી રહ્યા છે. શાળા સંચાલકો ખાનગી શૈક્ષણિક પ્રણાલિકાઓને ઔદ્યોગિક એકમની જેમ ચલાવે છે. તેમને પણ નફો કરવાનો અધિકાર ચોક્કસ છે અને એ બંધારણીય છે. પરંતુ આ કામ તેઓ ગેરબંધારણીય ફી માળખું ઊભું કરીને જે સ્વાર્થ સિદ્ધ કરી રહ્યા છે તેની સામે પણ અજંપો વ્યાપક છે. ઓગણીસમી સદીના આરંભે જાપાનના ટોકિયોમાં ઈટાઈબાશી પુલ તૂટયો હતો જેમાં પંદરસો નાગરિકોએ જિંદગી ગુમાવી હતી.

પરંતુ એ દુર્ઘટનાને જાપાન પછીથી થયેલા પહેલા અને બીજા વિશ્વયુદ્ધ પછી પણ ભૂલ્યું ન હતું અને આજે પણ જાપાન સરકાર દરેક પુલમાં બ્રિજ સેન્સર લગાવે છે જે એની ક્ષમતાની મર્યાદા પ્રમાણે તૂટતા પહેલા સાવધાની માટે મોટા અવાજે એલાર્મ વગાડે છે. પરંતુ આવો એલાર્મ વાગે એ સ્થિતિ આવે જ નહિ એની સાવધાની દરેક પુલમાં રાખવામાં આવે છે. જાપાન માત્ર ઉગતા સૂર્યનો જ નહિ ભૂકંપનો પણ દેશ છે છતાં એ ટેકનોલોજી અને સંનિષ્ઠ એજ્જિનિયરોની મદદથી આગોતરી સાવચેતીથી દુર્ઘટનાઓને અંકુશમાં રાખી શકે છે.

નોટબંધીની દશાબ્દી : તેરી યાદ અબ ભી સતાયે

નોટબંધીની રાષ્ટ્રીય આર્થિક દુર્ઘટનાને દસ વરસ પૂરા થયા. નોટબંધીમાં નોટ બદલાવવાની હતી. જૂની આપીને નવી લેવાની હતી. પરંતુ પછીથી દેશના કરોડો લોકોના હાથમાં નોટ આવતી જ બંધ થઈ ગઈ. મિસ્ટર મોદીએ ખરા અર્થમાં દેશની પ્રજા જે એમને ખૂબ ચાહતી હતી એને નોટની લાંબાગાળાની બંધીની ભેટ આપી. જ્યારે નોટબંધીનું એલાન રિઝર્વ બેન્કના ગવર્નરને બદલે ખુદ વડાપ્રધાને કર્યું ત્યારે એમના મનમાં કોઈ ચોક્કસ ગણિત હતું જે ખોટું પડ્યું અને છતાંય તેમણે પોતાના મતદારો પાસે કદી એ કબૂલ્યું પણ નહિ કે નોટબંધીના નિર્ણયમાં તેમણે મોટું ગોથું ખાધું. પ્રજાને પણ એ સમજતા વાર લાગી કે આ આખો અધ્યાય વાસ્તવમાં ભારત સરકારની ગંભીર ભૂલ હતી. નોટબંધીના શરૂઆતના દિવસોમાં તો જે સામાન્ય નાગરિકો બેન્કો સામે લાઈનમાં ઊભા હતા તેઓ મોદીના વખાણ કરતા હતા. ત્યારે તેઓ જાણતા ન હતા અને ખુદ મોદી પણ જાણતા ન હતા કે આના પરિણામો કેવા ભયંકર આવવાના છે. આજે બજારની હાલત જ બધું કહે છે.

છતાં પછીની લોકસભાની ચૂંટણીમાં લોકોએ અગાઉ કરતા. વધુ બેઠકો સાથે મોદીને વડાપ્રધાન બનાવ્યા. એનું કારણ એ છે કે પ્રજા પાસે સમર્થ વિકલ્પો ન હતા. અને આજે પણ ત્રીજી ઈનિંગ બાદ પણ જોઈએ એવા વિકલ્પો નથી. એ જ કારણે ભાજપ આખા દેશને એ બતાવવાના પ્રયત્નો કરે છે કે તેઓ અજેય છે. તેમને કોઈ દિલ્હીની ગાદી પરથી ઊભા કરી શકે એમ નથી. આ ધારણા ભાજપ માટે સારી વાત છે પણ લોકશાહી માટે જોખમરૂપ છે. એવું નથી કે અગાઉ ભારતને આવો અનુભવ નથી. કોંગ્રેસે એના સુવર્ણ યુગમાં ઈન્દિરા ઈઝ ઈન્ડિયા એન્ડ ઈન્ડિયા ઈઝ ઈન્દિરાનો એકાધિકારવાદ ભોગવેલો જ છે. અને કટોકટી એનું જ પરિણામ હતી. પરંતુ ત્યારના નાગરિકોની સમજ અને અત્યારના નાગરિકોની પરિપક્વતા વચ્ચે બહુ તફાવત છે. આજનો નાગરિક સમજણના પ્રદેશમાં વધુ એડવાન્સ છે.

નિર્મલા સીતારામન એક બુદ્ધિમાન પ્રધાન છે પરંતુ તેઓનામાં સ્વતંત્ર નિર્ણયની ક્ષમતા નથી. જેવા છે તેવા પણ નીતિન ગડકરી સ્વતંત્ર બુદ્ધિ ધરાવે છે અને એ કારણે જ તેઓ વિવાદમાં આવી જાય છે. ભાજપના કેટલાક આંતરિક રહસ્યો વિશે અને ખોટા નિર્ણયો વિશે નિર્ભયતાપૂર્વક તેઓ વાત કરી શકે છે. સુબ્રમણ્યમ સ્વામીની જેમ હાંસિયામાં ધકેલાઈ ગયા પછી બકબક કરવામાંય થોડી હિંમત જોઈએ પરંતુ ગડકરીએ તો સત્તા પર રહીને દુ:સાહસનો રસ્તો લીધેલો છે. દુનિયામાં ચોતરફથી ભારતની આર્થિક પ્રતિષ્ઠાને ઘસારો લાગી રહ્યો છે. પરંતુ ભાજપના નેતૃત્વમાં ચાલતી એનડીએ સરકારનો અગ્રતાક્રમ હજુ પણ દેશનું અર્થતંત્ર નથી. ભાજપ પાસે એના પોતાના અગ્રતાક્રમો છે અને ભાજપના ટોચના



નેતાઓ તેમના અભિવર્તન દ્વારા હજુ પણ એમ જ કહેવા ચાહે છે કે હે પ્રજાજનો, પહેલા અમારે કરવા છે એ કામ અમને કરવા દો, પછી તમે કહેશો એમ કરીશુ. પછી એટલે ક્યારે એ રહસ્ય કોઈ જાણતું નથી.

અલ્પવિરામ

મૂડીઝ સહિતની અનેક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ એ ભારતનું રેટિંગ ઘટાડ્યું છે. દુનિયાના અનેક આર્થિક નિષ્ણાતો અને સલાહકારોએ ભારત વિશે ગંભીર ચેતવણી ઉચ્ચારી છે જેમાં તમામે આ મંદીને ભારત સરકારની 'સેલ્ફ મેઈડ' મંદી કહી છે. રૂપિયા પાંચસો અને એક હજારની ચલણી નોટ રદ કરવા પાછળ મોદી સરકારનો હેતુ કાળુંનાણું ઝડપી પાડવાનો હતો જે સિદ્ધ ન થયો અને બધી જ નોટો બેન્કિન્ગ રસ્તે રિઝર્વ બેન્ક પાસે પાછી આવી ગઈ. એક નંબર કરતા બે નંબરનો રૂપિયો વધુ હોશિયાર હોય છે એની સરકારને બહુ મોડી ખબર પડી. નવાઈની વાત એ છે કે એક ગુજરાતી વડાપ્રધાનને બે નંબરની મહાલક્ષ્મીનો વ્યાપાર-મહિમા ખબર ન હોય એ વાત આમ તો નાનકડી છે પણ દેશ માટે ભારે આઘાતજનક પુરવાર થઈ. નોટબંધી વેળાએ છુટા કરવામાં આવેલા કામદારો-કારીગરો અને કર્મચારીઓ હજુ ઠેકાણે પડ્યા નથી.

રૂપિયા પાંચસો અને એક હજારની ચલણી નોટ સરકારે રદ કરી અને એના સ્થાને નવી પાંચસોની નોટ તો આવી પરંતુ હજારની નોટ તો ગઈ તે ગઈ. એના બદલે બે હજારની નોટ આવી. બે હજારની નોટ પણ સાત-આઠ વરસ ચલણમાં રાખીને પછી રિઝર્વ બેન્કે પાછી ખેંચી લીધી. આની પાછળનું ગણિત પણ પ્રજાને સમજાયું નથી. સરકાર માનતી હતી કે હવે કાળું નાણું બે હજારની નોટમાં સંગ્રહ થવા લાગ્યું હતું. જો કે આવી મનઘડંત કલ્પનાઓ કરવાને બદલે રિઝર્વ બેન્કે રાજકીય પક્ષોના નેતાઓને પણ સાંભળવા જોઈએ કારણ કે કાળા નાણાંની હેરાફેરીનો અનુભવ આ મંદીમાં તો રાજપક્ષોમાં જ બરકરાર રહ્યો છે. પાછલી તમામ રાજ્ય વિધાનસભાઓની ચૂંટણીઓમાં પણ બે

નેતાઓ ભૂલેચૂકેય એ હિમાલયન છબરડાને યાદ કરતા નથી. યાદ કોણ કરે છે ? જેણે ભોગવવાનું આવ્યું એ નાના-મોટા ઉદ્યોગ સાહસિકો. મોદીનું એડવેન્ચર તેઓને માટે મેડવેન્ચર બની ગયું

ખિન્ન છે કારણ કે એ રકમને મગરમચ્છો જ ગળી ગયા છે અને વિશાળ મત્સ્ય સમુદાય સુધી બે પાઈ પણ પહોંચી નથી. ખરેખર તો સરકાર બાંધકામ ક્ષેત્રની સમસ્યાઓને જ સમજતી નથી. બાંધકામ ક્ષેત્ર પાસે બજારમાં તેજીના દ્વાર ખોલવાની માસ્ટર કી છે. એક બાંધકામ ચાલે એની પાછળ પાછળ કેટલા બધા ઉદ્યોગો ચાલે અને કેવી મોટી રોજગારી જનરેટ થાય એના તરફ સરકારે ધ્યાન આપવાની જરૂર છે.

રેરાના કાયદાની તો એને જ ખબર હોય જેને રેરાના ચાબુક વાગ્યા હોય. જેમ જીએસટીમાં સરકારી અધિકારીઓએ છબરડા કર્યા છે એ જ રીતે રેરામાં પણ બિલ્ડરોના શ્વાસ રૂંધાઈ જાય એવી કેટલીક જોગવાઈઓ છે. નોટબંધીને દસ વરસ થયા એટલે કેન્દ્ર સરકારે કે રિઝર્વ બેન્કે એ સર્વેક્ષણ કરાવવાની જરૂર છે કે નોટબંધીને કારણે સ્થગિત થયેલા ઉદ્યોગો કેટલા પુનઃ કાર્યાન્વિત થયા ? જો નોટબંધી સફળ નીવડી હોત તો ભાજપે જ એની ભવ્ય ઉજવણી કરી હોત. ભાજપના એક પણ ઉમેદવારે નોટબંધી પર ભાજપની ટેવ પ્રમાણેની ગૌરવ ગાથાઓ મતદારોને સંભળાવી નથી. ઉચ્ચસ્તરે તો નોટબંધીનો ઉલ્લેખ કરવાની જ મનાઈ છે. કેન્દ્રના પ્રધાનો ભૂલેચૂકેય એ હિમાલયન છબરડાને યાદ કરતા નથી. યાદ કોણ કરે છે ? જેણે ભોગવવાનું આવ્યું એ નાના-મોટા ઉદ્યોગ સાહસિકો. કારણ કે નોટબંધીએ તેમના સાહસને દુ:સાહસ સાબિત કરી દીધું. મોદીનું એડવેન્ચર તેઓને માટે મેડવેન્ચર બની ગયું.

માત્ર મોદી સરકારની વાત નથી, પરંતુ ઘણી વખત દુનિયાભરના રાજનેતાઓ આજકાલ જે નિર્ણયો લે છે એના અંગે તેઓને ખબર જ હોતી નથી કે તેમના દેશના સામાન્ય માણસોની પરિસ્થિતિ એવા ઉતાવળ નિર્ણયોથી શું થાય છે. વળી એક વાર સંજોગો બદલે પછી અગાઉ હતા એવા ને એવા સુખદ સંજોગો થવામાં કેટલો સમય લાગે છે એ તો અનુભવીઓને જ ખબર હોય છે. સરકાર પોતે સ્વહસ્તે એક જાદુઈ લાકડી ધરાવે છે, પણ એનો દુરુપયોગ સામાન્ય નાગરિકની જિંદગીમાં એટલો બધો ઉત્પાત મચાવે છે કે એને માટે જિંદગીની વ્યાખ્યા જ બદલાઈ જાય છે. સરકાર અને સરકારી નેતાઓએ બહુ મોટા ગજાના નિર્ણયો લેતા પહેલા બહુ સાવધાની રાખવી જરૂરી હોય છે, જે સાવધાનીનો આજકાલ દુષ્કાળ છે. નોટબંધી સત્તાનો દુરુપયોગ જ સાબિત થઈ છે.

જૂઠા તનુ સાચા કરિ માનીઓ જિઉ સુપના રૈનાઈ, સાધો રચના રામ બનાઈ...

આજે કારતકી પૂર્ણિમા. શીખ ધર્મના સ્થાપક અને સમર્થ સંત ગુરુ નાનક દેવજીનો આજે જન્મદિવસ છે. એને ગુરુપર્વ પણ કહે છે. દુનિયાભરમાં વસતા શીખ પરિવારો આજે ગુરુપર્વની ઉમંગભેર ઊજવણી કરશે. ઠેર ઠેર ગુરવાણીનાં સંગીતમય કીર્તનો થશે, ગુરુદ્વારાઓમાં હજારો શીખો પ્રસાદ લેશે. આમ તો દરેક ધર્મમાં ગુરુનો મહિમા છે પરંતુ શીખ ધર્મના દસે ગુરુ માત્ર ઉપદેશ આપીને બેસી નહોતા રહેતા, જરૂર પડ્યે વિધર્મી આક્રમણખોરો સાથે હથિયાર લઈને લડતા.

મુઘલ સલ્તનત સામે શીખ ગુરુઓએ અનોખું શૌર્ય દેખાડેલું. અતિ ક્રૂર મુઘલ બાદશાહોએ ગુરુ અર્જન સિંહજી, ગુરુ તેગબહાદૂરજી અને અને ગુરુ હરગોવિંદ પર રાક્ષસી અત્યાચારો કરેલા. છતાં આ ગુરુઓએ નમતું જોખ્યું નહોતું.

આપણે ગુરુ નાનક દેવજીની વાત કરીએ. એમના જીવનના કેટલાક પ્રસંગો સદાબહાર અને યાદગાર છે. ખાસ કરીને લાહોર (હાલ પાકિસ્તાન)ના અતિ ધનાઢ્ય દૂનીચંદનો પ્રસંગ આજેય લોકો યાદ કરે છે. દૂનીચંદ પાસે આજથી સાડા પાંચસો વર્ષ પહેલાં ૭૦ લાખ રૂપિયાની સંપત્તિ હતી. સોંઘવારીના એ યુગના ૭૦ લાખ એટલે આજે સાતસો કરોડથી પણ વધુ સંપત્તિ થઈ. એણે પોતાના પિતાના શ્રાદ્ધ માટે સેંકડો બ્રાહ્મણોને જમવા તેડ્યા હતા. એ બધાંને બત્રીસ ભોજન ને તેત્રીસ પકવાન જેવી વાનગીઓ જમાડી અને ખૂબ મોંઘાદાટ કપડાં તથા બીજી ચીજો દક્ષિણા રૂપે આપી.

ટુ ધ પોઇન્ટ

અજિત પોપટ

ગુરુ નાનકને પણ જમવા નોતર્યા હતા. બ્રહ્મભોજન પતી ગયા પછી એ હરખાતો હતો કે મારા પિતાને આ બધું પહોંચી ગયું. એનો ભ્રમ ભાંગતાં ગુરુ નાનક દેવજીએ એને કહ્યું, હું તને એક સોય આપું છું. મને આવતા જનમમાં પાછી આપજે.

દૂનીચંદ હસવા લાગ્યો કે આપ આ શું કહી રહ્યા છો ? હાલ આપેલી સોય હું આવતા જનમમાં આપને શી રીતે પાછી આપી શકું ? નાનક દેવજીએ કહ્યું કે કાં, આ તે શ્રાદ્ધ કર્યું એ તારા પિતાજીને પહોંચી ગયું ને, તો પછી મારી સોય પણ તું મને પાછી આપી શકશે. દૂની ચંદ એક ક્ષણમાં સમજી ગયો. ગુરુને પગે પડી ગયો અને સાદગીપૂર્ણ જીવન ગાળવા કટિબદ્ધ થયો.

એના કરતાં પણ એક પ્રસંગ વધુ સચોટ છે. મલિક ભાગો નામનો શ્રીમંત જમીનદાર ગુરુ નાનક દેવજીને જમાડવા ભાતભાતની વાનગીઓ લાવ્યો. યોગાનુયોગે લાલો એક શ્રમજીવી સુતાર પોતાની પરસેવાની કમાણીમાંથી બે બ્રેડ લઈને આવેલો. ગુરુજીએ એ બ્રેડ સ્વીકાર્યા. મલિક ભાગો નારાજ થયો ત્યારે એને કશું કહેવાને બદલે ગુરુએ ભાઈ લાલાનો બ્રેડ લઈને હાથમાં દબાવ્યો. એમાંથી દૂધની ધાર થઈ. મલિકના બ્રેડમાંથી લોહીની ધાર થઈ. ગુરુએ કહ્યું, જો આ ફરક છે. લાલો પોતાના પરસેવાની કમાણીની બ્રેડ લાવ્યો છે. તું ગરીબોનું શોષણ કરીને એ કમાણીની બ્રેડ લાવ્યો છે.

મક્કાનો પ્રસંગ તો જગજાહેર છે. ગુરુ નાનક પદયાત્રા કરીને મક્કા પહોંચ્યા હતા. એક સ્થળે સુતા હતા. ત્યાં આવી પહોંચેલા એક મૌલવીએ કહ્યું કે તમે કાબા તરફ પગ કરીને સુતા છો, એ ન ચાલે. સુવાની દિશા બદલી નાખો. ગુરુએ નરમાશથી જવાબ આપ્યો કે હું બહુ દૂરથી ચાલીને આવ્યો છું. થાકીને સુતો છું. કૃપા કરીને ખુદા ન હોય એ દિશામાં મારા પગ ફેરવી નાખો ને... સાવ સાદી વાત હતી કે પરમેશ્વર સર્વવ્યાપી છે. મૌલવીની આંખો ઊઘડી ગઈ.

હેડિંગમાં જણાવેલી પંક્તિ ગુરુ નાનક દેવજીના એક ભજનની છે. ગુરુવાણીમાં આવાં અનેક ભજન છે.

શીખ શબ્દ પણ સમજવા જેવો છે. મૂળ સંસ્કૃત શબ્દ શિષ્ય છે. એનું લોકબોલીમાં રૂપાંતર થતાં સીખ થાય છે. એનો ગૂઢાર્થ એ પણ કરી શકો કે ગુરુઓનાં જીવન પરથી તું કંઈક શીખ.

બીજો અર્થ એ છે કે નવ ગુરુજનો અને દસમો ગુરુ ગ્રંથસાહેબ થઈ ગયા એ પછી બાકી રહ્યા એ બધા શિખ્યો-સીખો. અત્યંત પરિશ્રમી, શૂરવીર અને ધર્મપ્રેમી શીખો દુનિયાભરમાં વસ્યા છે અને પરસેવો પાડીને શ્રીમંત પણ થયા છે.

મંજૂર થયેલી ૬૬ દૈનિક ફ્લાઈટ્સમાંથી માત્ર ૧૫ જ ચાલે છે

સ્પાઈસ જેટ મુશ્કેલીના વાદળોમાં અટવાયું,પગારના ધાંધિયા ચાલે છે

જેને દેશની સસ્તી વિમાની સેવા કહેવાતી હતી તેનું ભાવિ ડામાડોળ જોવા મળી રહ્યું છે. સ્પાઈસજેટની શિયાળુ શિડ્યૂલ હેઠળ મંજૂર થયેલી ૬૬ દૈનિક ફ્લાઈટ્સમાંથી માત્ર ૧૫ ફ્લાઈટ્સ જ દરરોજ ચલાવી રહી છે. આર્થિક સંકટ, વિમાનો ગ્રાઉન્ડ થવા અને ફ્લાઈટ્સ રદ થવાને કારણે એરલાઈનનું દૈનિક સંચાલન મર્યાદીત અને સમય બાબતે ભરોસા પાત્ર નથી રહ્યું. સ્પાઈસજેટ હાલ ગંભીર ઓપરેશનલ અને અર્થિક સંકટનો સામનો કરી રહી છે, જેના કારણે DGCAની કારણદર્શક નોટિસ અને મુસાફરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ફ્લાઈટ્સ રદ થવા અને મોડી પડવાને કારણે અમદાવાદ અને મુંબઈ એરપોર્ટ પર મુસાફરો અટવાયા હતા અને સ્ટાફ સાથે વિવાદ થયો હતો. અમદાવાદથી વારાણસી અને દિલ્હીની ફ્લાઈટ્સને લઈને પણ મુસાફરોમાં નારાજગી જોવા મળી હતી.

સ્પાઈસજેટ સામેના સંકટમાં વધારો થઈ રહ્યો છે. દરેક વિમાન કંપની જાણે છે કે સ્પાઈસજેટમાં પગારોના ધાંધીયા છે. કોઈ નવો સ્ટાફ લેવાતો નથી. હકીકત એ છે કે કોઈ ત્યાં નોકરી કરવા તૈયાર નથી. પાયલટ સંગઠને સરકારી હસ્તક્ષેપની માંગ કરી છે અને પગારમાં થતા વિલંબ અંગે ચિંતા વ્યક્ત કરી.

ફેડરેશન ઓફ ઈન્ડિયન પાયલટ્સે સ્પાઈસજેટના નાણાકીય અને સંચાલન સંકટમાં કેન્દ્રીય પ્રધાનના હસ્તક્ષેપની માંગ કરી છે. સંગઠને ચેતવણી આપી છે કે લાંબા સમય સુધી ચાલતી નાણાકીય કટોકટી કર્મચારીઓની કામગીરી અને ઉડાનની સુરક્ષાને અસર કરી શકે છે.

નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુને લખેલા પત્રમાં પાયલટ સંગઠને એરલાઈનની નાણાકીય મુશ્કેલીઓ માટે જવાબદાર અનેક પરિબળો પર પ્રકાશ પાડ્યો છે, જેમાં વધતું જતું દેવું, વિમાનોનું ગ્રાઉન્ડિંગ એટલે કે વિમાનો પડી રહ્યા છે, રોકડની અછત એટલે કે



તાત્કાલીક કોઈ ખરીદી કરવાના પૈસા નથી હોતા, પગારની ચુકવણીમાં વિલંબ, વધતો સંચાલન ખર્ચ અને વિવિધ સર્વિસ આપનારાઓને નાણાની ચૂકવણીનો સમાવેશ થાય છે.

સંગઠને મંત્રાલય પાસે અનેક મોરચે હસ્તક્ષેપની માંગ કરી છે, જેમાં ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન દ્વારા સ્પાઈસજેટનું તાત્કાલિક નાણાકીય અને સંચાલન

પ્રસંગપટ

સુરક્ષા મૂલ્યાંકન કરવાનો સમાવેશ થાય છે. તેની અન્ય ભલામણોમાં સંગઠને સરકારને એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) પરના વેલ્યુ-એડેડ ટેક્સને તર્કસંગત બનાવવા અને લેન્ડિંગ, પાર્કિંગ, નેવિગેશન તથા અન્ય ઉડ્ડયન શુલ્ક ઘટાડવા અથવા મુલતવી રાખવા વિનંતી કરી છે. પાયલટ સંગઠને સક્ષમ એરલાઈન્સ માટે શરતી નાણાકીય અને કાર્યકારી-મૂડી સહાય પર વિચાર કરવાની પણ માંગ કરી છે. તેણે સમયસર પગારની ચુકવણી સુનિશ્ચિત કરવા અને વિમાનની જાળવણી તથા અન્ય સુરક્ષા-સંબંધિત કામગીરી પરના ખર્ચને સુરક્ષિત રાખવા માટે પગલાં લેવાની હાકલ કરી છે.

પોતાની રજૂઆતમાં, સંગઠને જણાવ્યું હતું કે સ્પાઈસજેટનું સંકટ ભારતીય ઉડ્ડયન ઉદ્યોગ માટે ચેતવણી સમાન હોવું જોઈએ. તેણે ભારપૂર્વક જણાવ્યું હતું કે એરલાઈન્સની નાણાકીય સ્થિરતા અને ઉડ્ડયન સુરક્ષા એકબીજા સાથે આંતરિક રીતે જોડાયેલા છે.

વિમાન સેવા ચલાવવી આસાન નથી. તેમાં બહુ મોટું રોકાણ છે ને શરૂઆતની આવકમાં મૂડીનું વ્યાજ પણ છૂટતું નથી. તેના વહિવટમાં આધુનિક ટચ ના અપાય ત્યાં સુધી પ્રવાસીઓનો ભરોસો મેળવી શકાતો નથી. એક તરફ વિમાન કંપનીઓ એક્સપાન્સન કરવા મથે છે કેમ કે તે અન્ય એરલાઈન્સની સ્પર્ધામાં હોય છે. ડોમેસ્ટીક એરલાઈન્સ ક્ષેત્રે સ્પાઈસ જેટ પોતાની ઈમેજ ઉભું કરી શકી હતી પરંતુ તેને ટકાવી શકી નહોતી. ફ્લાઈટની અનિયમિતતાના કારણે પ્રવાસીઓનો હોબાળો તેના મેનેજમેન્ટના કાન સુધી પહોંચ્યો નહોતો.

જ્યારે પહેલીવાર ફ્લાઈટની અનિયમિતતા અંગે પ્રવાસીઓએ હલ્લો મચાવ્યો ત્યારેજ સ્પાઈસજેટના વહિવટકારો જાગ્યા હોત તો આજે દેવામાં ફસાવવાનો વારો ના આવ્યો હોત. પ્રવાસીઓ હવે સ્પાઈસ જેટનું બુકીંગ પણ નથી કરાવતા.

સતત ફ્લાઈટ રદ થવી, પગારના ધાંધીયા, નબળો ઓન-ટાઈમ પર્ફોર્મન્સ અને નિયમોના પાલનમાં ખામી બદલ નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયે ૧૭ નવેમ્બરના રોજ કંપનીને ૭ દિવસમાં જવાબ આપવા માટે કારણદર્શક નોટિસ પાઠવી છે. તેનો જવાબ આપવાનો આજે છેલ્લો દિવસ છે.

ફેડરેશન ઓફ ઈન્ડિયન પાયલટ્સે સ્પાઈસજેટના નાણાકીય અને સંચાલન સંકટમાં કેન્દ્રીય પ્રધાનના હસ્તક્ષેપની માંગ કરી છે

પાવરફુલ ટ્રમ્પ પાવર ગુમાવી બન્યા 'ફૂલ'

ભરબપોરની ગરમીથી છૂટવા હું અને પથુકાકા એ.સી. અને પંખો બન્ને ચાલુ રાખી 'ટાઢા પહોર'ના ગપ્પા હાંકતા હતા. અચાનક પાવર ફેઈલ થઈ ગયો અને લાઈટ પંખા બધું બંધ થઈ ગયા. હું અને કાકા જેમ-તેમ એક કલાક પરસેવે રેબઝેબ દશામાં બેઠા. પછી કાકાથી રહેવાયું નહીં એટલે મને હાથ ઝાલીને ઊભો કરતા કહ્યું કે હાલ આપણું પાવર-હાઉસ નજીક છે ત્યાં ફરિયાદ કરી આવીએ.

હું અને કાકા પહોંચ્યા પાવર-હાઉસ અને ત્યાં કમ્પલેન કાઉન્ટર પર બેઠેલા સાહેબને ફરિયાદ કરી કે એક કલાકથી પાવર ફેઈલ થયો છે અને ગરમીમાં હેરાન થઈ ગયા. ઝટપાવર આવે એવું કાંઈક કરોને?'

માથાના ફરેલ સાહેબ બોલ્યા કે 'તમે કહો અને કાંઈ પાવર થોડો જ આવે? પાવર આવતાય વાર લાગે અને જતાય વાર લાગે સમજાયું? વીજળીના પાવરનું પણ આપણાં રાજકારણના પાવર જેવું છે.

કાકા તાડૂક્યા કે 'ભાઈ-સાબ લાઈટ-પંખા-એસી ચાલે એ પાવરની વાત કરોને? તમે ક્યાં વીજળીને બદલે સત્તાના પાવરની વાત ઉખેળી?'

સાહેબ બોલ્યા કે વગર વિચાર્યે બેફામ પાવર વાપરો અને લાઈટ, પંખા, એ.સી. ફ્રિઝ બધું ચાલુ રાખીને લોકો હદ કરતા વધુ પાવર વાપરે પછી લાઈન ટ્રીપ થાય અને પાવર ફેઈલ થાય.તમારી પાવર ફેઈલ્યોરની કમ્પ્લેન નોંધી લીધી છે.

હું અને કાકા પાવર-હાઉસમાંથી બહાર નીકળ્યાત્યારેપથુકાકામાથુંખંજવાળીનેબોલ્યા કે આ સાહેબે ટ્રમ્પનો દાખલો આપી આડેધડ પાવરના ઉપયોગથી આકરા પરિણામો ભોગવવા પડે છે ઈ વાત ચપટી વગાડતા સમજાવી દીધી હો?

મેં શબ્દ રમત કરતાં કહ્યું કે ટ્રમ્પ પહેલાં પાવર-ફુલ (સર્વશક્તિમાન) હતા અને મૂર્ખામીને લીધે પાવર-ફૂલ (સત્તાવિહિન મૂર્ખ) બની ગયા બરાબરને?

આખી દુનિયામાં બુમરાણ મચાવવામાં આવે છે : પાવર બચાવો પાવર બચાવો, સેવ એનર્જી સેવ એનર્જી દર વર્ષેપાવર બચાવવાનો સંદેશ આપવા ભારત સહિત દુનિયાભરમાં રાત્રે એક કલાક લાઈટો બંધ રાખીને અર્થ-અવરની ઉજવણી કરવામાં આવે છે. પાવર એટલે વીજળી બચાવવા ઊજવાય અર્થ અવર અને આપણા દેશમાં પાવર એટલે સત્તા બચાવવા ઊજવાય અનર્થ અવર. કલાકે કલાકે અનર્થ કરીને પાવર ટકાવવા હવાતિયાં મારે છે સાંવરિયાને શરમાવે એવા આ પાવરિયા.

અર્થ-અવરને દિવસે પાડોશી પથુકાકા ગળામાં પાટિયું ટીંગાડીને ફરવા માંડ્યા. પાટિયા ઉપર લખ્યું હતું કે પાવર બચાવો... પાવર બચાવો. આગળ કાકા અને પાછળ શેરીનાં ટેણિયાંમેણિયાંની ફોજ પાવર... બચાવો પાવર... બચાવોનું બુમરાણ મચાવતી ફરતી હતી.

બોજ વિનાની મોજ

અક્ષય અંતાણી

કાકાના આ સરઘસને અટકાવીને મેંસવાલ કર્યોકે,'કાકા ગળામાં પાટિયું લટકાવીને કેમ ફરો છો?' કાકા બોલ્યા : 'પાવર બચાવોનો અર્થ સમજવા જેવો છે. પાવર બ

ચોખાની નિકાસ પર નિયંત્રણો મૂકવા માટે સરકારની વિચારણા

અમદાવાદ, તા. ૨૩

સ્થાનિક પુરવઠો સુધારવા અને સ્થાનિક ભાવમાં થઈ રહેલા તીવ્ર વધારાને રોકવા માટે સરકાર નોન-બાસમતી ચોખા પર ૩૦% નિકાસ જકાત (એક્સપોર્ટ ડ્યુટી) લાદવાના પ્રસ્તાવ પર વિચાર કરી રહી છે. અલ નીનોની અસરને કારણે ખરીફ પાકનું ઉત્પાદન ઓછું થવાની સંભાવના વચ્ચે સ્થાનિક છૂટક ભાવમાં સતત વધારો થઈ રહ્યો હોવાથી, આવા અનાજ માટે લઘુત્તમ નિકાસ કિંમત લાદવા અંગે પણ ચર્ચા ચાલી રહી છે.

આ નિયંત્રણો ટૂંકા ગાળાના પગલાં હોવાની શક્યતા, જે ઓગસ્ટ, ૨૦૨૩માં લાદવામાં આવેલા પ્રતિબંધથી અલગ હશે

આ નિયંત્રણો ટૂંકા ગાળાના પગલાં હોવાની શક્યતા છે, જે ઓગસ્ટ, ૨૦૨૩માં લાદવામાં આવેલા શિપમેન્ટ પરના પ્રતિબંધ અને લઘુત્તમ નિકાસ કિંમતથી અલગ હશે, જે ૧૪ મહિના સુધી ચાલુ રહ્યા હતા.

નવેમ્બરની શરૂઆતમાં, જ્યારે આંતર-મંત્રાલય પેનલ સમક્ષ નિકાસ પર નિયંત્રણો મૂકવાની યોજના રજૂ કરવામાં આવી હતી, ત્યારે વ્યાપારી સૂત્રોના જણાવ્યા અનુસાર સફેદ ચોખા (આંશિક તૂટેલા) નો ભારતીય (ફ્રી ઓન બોર્ડ) ભાવ પ્રતિ ટન ૩૮૪-૩૮૯ ડોલર હતો, જેની સામે તેના હરીફ દેશો પાકિસ્તાન (૪૧૫ ડોલર /ટન), થાઈલેન્ડ (૪૯૫ ડોલર/ટન) અને વિયેતનામ (૪૮૦ ડોલર/ટન) ના ભાવ હતા.

પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે પુરવઠામાં વિક્ષેપ અને અલ નીનોને કારણે સ્થાનિક ઉત્પાદનમાં ઘટાડાની સંભાવના હોવા છતાં, ભારતની સૌથી મોટી કૃષિ-પેદાશની નિકાસ એવી ચોખાની નિકાસ એપ્રિલ-ઓક્ટોબર (૨૦૨૬-૨૭) દરમિયાન વાર્ષિક ધોરણે ૪.૬% વધીને ૬.૮૧ બિલિયન ડોલર થઈ છે.

ઓક્ટોબર, ૨૦૨૬માં વિશ્વના સૌથી મોટા ચોખા નિકાસકાર ભારતે ૧.૦૨ બિલિયન ડોલરના મૂલ્યના અનાજની નિકાસ કરી હતી, જે ગયા વર્ષના સમાન મહિનાની તુલનામાં ૧૮% થી વધુનો વધારો દર્શાવે છે.

ઓલ ઈન્ડિયા રાઇસ એક્સપોર્ટર્સ એસોસિએશને જણાવ્યું હતું કે, ધનોન-બાસમતી ચોખાની નિકાસ પરના નિયંત્રણો અથવા વધારાની જકાત સંબંધિત કોઈપણ નિર્ણય ભારતીય નિકાસકારોના હિતો, આંતરરાષ્ટ્રીય વેપાર પ્રતિબદ્ધતાઓ અને વિદેશી ખરીદદારોના વિશ્વાસ વચ્ચે કાળજીપૂર્વક સંતુલન જાળવીને લેવો જોઈએ.

જો નોન-બાસમતી ચોખાની નિકાસ પર નિયંત્રણો લાદવામાં આવે, તો જે નિકાસ ઓર્ડર સામે એપેડા સંબંધિત મંજૂરીઓ અથવા નોંધણીઓ પહેલેથી જ જારી કરવામાં આવી છે, લેટર્સ ઓફ ક્રેડિટ ખોલવામાં આવ્યા છે અથવા આંશિક શિપમેન્ટ થઈ ચૂક્યા છે, તે તમામ ઓર્ડરને નવી લાદવામાં આવેલી નિકાસ જકાત અથવા નિકાસ પ્રતિબંધમાંથી ખાસ મુક્તિ આપવી જોઈએ.

ચોખાની નિકાસ પર નિયંત્રણ મૂકવાનો સરકારનો આ પ્રસ્તાવ ખાદ્ય મંત્રાલયે આ મહિનાની શરૂઆતમાં દક્ષિણના રાજ્યોના તમામ વેપારીઓ, જથ્થાબંધ વિક્રેતાઓ, છૂટક વિક્રેતાઓ, મોટી રિટેલ ચેઈન્સ અને પ્રોસેસર્સ તથા મિલરોને પોર્ટલ પર ચોખાની વિવિધ જાતો - બાસમતી, નોન-બાસમતી પ્રીમિયમ, પાર-બોઈલ્ડ (ઉકળેલા), તૂટેલા ચોખા અને ડાંગરના સ્ટોકની સ્થિતિ જાહેર કરવા નિર્દેશ આપ્યા બાદ આવ્યો છે.

શેરબજાર ગબડતાં રૂપિયો પણ તૂટ્યોઃ પાઉન્ડ, યુરો ઉંચકાયા

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ, સોમવાર

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ ઘટતા અટકી ફરી ઉંચકાતા રૂપિયામાં તેજીને બ્રેક વાગી હતી. ડોલરના ભાવ રૂ.૯૨.૬૮ વાળા આજે સવારે રૂ.૯૨.૪૭ ખુલ્યા પછી નીચામાં ભાવ રૂ.૯૨.૪૩ રહ્યા પછી ભાવ ઝડપી વધી ઉંચામાં રૂ.૯૩ પાર કરી રૂ.૯૩.૦૬ થઈ રૂ.૯૨.૯૧ બંધ રહ્યા હતા.

વૈશ્વિક ડોલર ઈન્ડેક્સ ૧૯ મહિનાની ટોચે

ફોરેક્સ ભાવ

ડોલર	રૂ.૯૨.૯૧
પાઉન્ડ	રૂ.૧૨૧.૮૪
યુરો	રૂ.૧૦૧.૯૭
યેન	રૂ.૦.૫૮
બ્રેન્ટક્રૂડ	૯૦.૫૦ ડોલર

ડોલરના ભાવ આજે ૨૩ પૈસા ઉંચકાતાં ડોલર સામે રૂપિયો વધતો અટકી ૦.૨૫ ટકા તૂટ્યો હોવાનું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા. મુંબઈ શેરબજારમાં આજે કડાકો બોલાતાં તેની ઈન્ફેક્ટ કરન્સી બજારમાં પણ દેખાઈ હતી. દરમિયાન, વિશ્વબજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ આજે નીચામાં ૧૦૩.૪૭ રહ્યા પછી ઉંચામાં ૧૦૩.૮૬ રહ્યાના સમાચાર હતા.

દરમિયાન, મુંબઈ બજારમાં આજે રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડના ભાવ પણ ૪૧ પૈસા વધી ઉંચામાં ભાવ રૂ.૧૨૨.૧૫ થઈ રૂ.૧૨૧.૮૪ રહ્યા હતા. યુરોપીયન કરન્સી યુરોના ભાવ રૂપિયા સામે ૨૮ પૈસા વધી ઉંચામાં ભાવ રૂ.૧૦૨.૨૫ થઈરૂ.૧૦૧.૯૭ રહ્યા હતા. જાપાનની કરન્સી આજે રૂપિયા સામે ૦.૧૦ ટકા વધી હતી જ્યારે ચીનની કરન્સી રૂપિયા સામે ૦.૩૩ ટકા પ્લસમાં રહી હોવાનું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા. ભારતમાં તાજેતરમાં ફોરેક્સ રિઝર્વમાં ઘટાડો નોંધાતા તેની ઈમ્પેક્ટ પણ કરન્સી બજારમાં રૂપિયાના ભાવ પર દેખાઈ હતી. અમેરિકામાં આગળ ઉપર ફેડરલ રિઝર્વની મિટિંગમાં વ્યાજના દર ડિસેમ્બરમાં વધારાશે એવી શક્યતા વિશ્વબજારમાં ચર્ચાઈ રહી હતી અને તેની અસર પણ ડોલર પર પોઝીટીવ રહેતાં ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ વધી ૧૯ મહિનાની ટોચે પહોંચી ગયાના સમાચાર મળ્યા હતા. વિશ્વબજારમાં જોકે આજે ક્રૂડતેલના ભાવ ઘટતાં તેના પગલે કરન્સી બજારમાં રૂપિયામાં ઘટાડો તેટલા પ્રમાણમાં આજે મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

પ્રાથમિક સર્વેમાં નવેમ્બરની સેવા તથા ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિમાં સાધારણ વધારો

મુંબઈ, તા. ૨૩

ચાલી રહેલા નવેમ્બરમાં દેશમાં પ્રાથમિક સર્વે પ્રમાણે ખાનગી ક્ષેત્રની વેપાર પ્રવૃત્તિમાં સાધારણ વધારો જોવા મળ્યો છે. ઉત્પાદન ક્ષેત્રની સારી કામગીરીને પરિણામે સેવા ક્ષેત્રમાં ધીમી ગતિની અસર ભરપાઈ થઈ શકી હતી એમ એચએસબીસી ફ્લેશ ઈન્ડિયા પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેક્સ (પીએમઆઈ) રિપોર્ટમાં જણાવાયુ હતું.

ઉત્પાદન ક્ષેત્રમાં ભરતી સહેજ વધી જ્યારે સેવા ક્ષેત્રમાં ઘટાડો

ઉત્પાદન તથા સેવા ક્ષેત્રનો સંયુકત પ્રાથમિક પીએમઆઈ નવેમ્બરમાં વધી ૫૬.૩૦ જોવા મળ્યો છે. ઓકટોબરમાં સંયુકત પીએમઆઈ૫૬.૨૦ રહ્યો હતો. ૫૦થી ઉપરના ઈન્ડેકસને જે તે ક્ષેત્રનું વિસ્તરણ થયાનું ગણાય છે.

વર્તમાન મહિનામાં ઉત્પાદન ક્ષેત્રનો પ્રારંભિક પીએમઆઈ ૫૬.૦૦ સાથે નવ મહિનાની ટોચે રહ્યો હતો જે ઓકટોબરમાં ૫૪.૭૦ જોવા મળ્યો હતો. બીજી બાજુ સેવા ક્ષેત્રની પ્રવૃત્તિ ધીમી પડી છે. સેવા ક્ષેત્રનો પીએમઆઈ જે ઓકટોબરમાં ૫૫.૮૦ હતો તે નવેમ્બરમાં પ્રારંભિક અંદાજમાં ઘટી ૫૫.૩૦ રહ્યો છે.

ઘરઆંગણે નવા ઓર્ડરના ટેકા સાથે



ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિમાં વધારો જોવા મળ્યો છે. જ્યારે સેવા ક્ષેત્રમાં વિદેશમાંથી સારા ઓર્ડર મળ્યા છે, પરંતુ ઘરઆંગણે તેમાં નબળાઈ જોવા મળી છે.

નવા વેપારમાં જૂન બાદ સૌથી ઝડપી વધારો જોવા મળ્યો છે. બજારની સાનુકૂળ સ્થિતિને કારણે આ વૃદ્ધિ જોવા મળી છે. ફાર્મા, કેમિકલ્સ, ઈલેકટ્રોનિકસ, મેટલ્સ સહિતના ક્ષેત્રોમાં સારી માગ નીકળી છે. નિકાસ ઓર્ડરમાં પણ વધારો જોવા મળ્યો હોવાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

વેપારની સ્થિતિને ધ્યાનમાં રાખી ઉત્પાદન ક્ષેત્રની કંપનીઓએ કર્મચારીઓની ભરતીમાં વધારો કર્યો છે જ્યારે સેવા ક્ષેત્રની કંપનીઓએ કર્મચારીબળમાં ઘટાડયો છે. એક વર્ષમાં પહેલી જ વખત ઘટાડો જોવા મળ્યો છે.

કાચા માલના ખર્ચ મોરચે ઉત્પાદન તથા સેવા ક્ષેત્રને રાહત રહી છે, પરંતુ કામકાજ પાછળનો ખર્ચ સાધારણ વધ્યો છે. નવેમ્બરમાં બિઝનેસ કોન્ફિડેન્સ વધ્યો છે અને આગામી બાર મહિના માટેનો આશાવાદ મે બાદ સૌથી ઊંચો રહ્યો છે.

સતત બે નાણાં વર્ષમાં આર્થિક વિકાસ દર સાત ટકા રહેવા S&Pની ધારણા

મુંબઈ, તા. ૨૩

અશિયા-પેસિફિક વિસ્તારમાં આર્થિક વિકાસની દ્રષ્ટિએ ભારત તથા વિયેતનામની સ્થિતિ મજબૂત જોવા મળી રહી છે જ્યારે ચીનના આર્થિક વિકાસ દરમાં ઘટાડો થવાની શકયતા જોવાઈ રહી છે. વર્તમાન તથા આગામી નાણાં વર્ષમાં ભારતનો આર્થિક વિકાસ દર સાત ટકા રહેવાની એસએન્ડપી ગ્લોબલ રેટિંગ્સ દ્વારા ધારણાં મૂકવામાં આવી છે. એશિયા-પેસિફિક વિસ્તારમાં ભારત સૌથી ઝડપથી વિકસતું રાષ્ટ્ર છે.

એશિયા પેસિફિકમાં ભારત તથા વિયેતનામની મજબૂત સ્થિતિ જ્યારે ચીનમાં નબળાઈ

અલ નિનોને કારણે એશિયા પેસિફિક વિસ્તારમાં ખાદ્ય પદાર્થોના ભાવ ખાસ કરીને ભારતમાં વધવાની સંભાવના છે. ડિસેમ્બર, સુધીમાં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા રેપો રેટમાં બીજા ૨૫ બેઝિસ પોઈન્ટનો વધારો આવવાની પણ ધારણાં મૂકવામાં આવી છે.

ઊર્જાના ઊંચા ભાવ સૌથી મોટા બૃહદ્ પડકારો તરીકે જળવાઈ રહેશે એમ એસએન્ડપીએ એશિયા-પેસિફિક માટેના આર્થિક આઉટલુકમાં જણાવ્યું છે. ૨૦૨૭માં ભારત તથા વિયેતનામ આ વિસ્તારના સૌથી ઝડપથી વિકસતા દેશો બની રહેવાની પણ અપેક્ષા વ્યકત કરાઈ હતી.

જો કે ચીનનો વિકાસ દર જે ૨૦૨૬માં ૪.૫૦ ટકા રહેવાની ધારણાં છે તે ૨૦૨૭માં ઘટી ૪.૩૦ ટકા રહેવા અંદાજ છે. વિયેતનામનો વિકાસ દર આગામી વર્ષમાં વધી ૭.૫૦ ટકા રહેવા ધારણાં છે.

ખાદ્યતેલોમાં બેતરફી વધઘટઃ વિશ્વ બજારમાં પામતેલમાં આગળ ધપતી મંદી

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,સોમવાર

મુંબઈ તેલ-બિયાં બજારમાં આજે કપાસિયા તેલ તથા મસ્ટર્ડ-સરસવ તેલના ભાવ વધ્યા હતા જ્યારે પામતેલ, સોયાતેલ તથા સનફલાવર તેલના ભાવ ઘટાડા પર રહ્યા હતા. કોપરેલના ભાવ નરમ હતા. દિવેલ તથા હાજર એરંડાના ભાવ આંચકા પચાવી ધીમો સુધારો દર્શાવી રહ્યા હતા. નવા વેપાર ધીમા હતા.

મલેશિયાની સરકાર પામતેલની નિકાસ ડયુટી દૂર કરશે

મુંબઈ ખોળ બજારમાં આજે ટનના ભાવ સોયાખોળના રૂ.૫૦૦ ઉંચકાયા હતા જ્યારે અન્ય ખોળો શાંત રહ્યા હતા. વિશ્વ બજારમાં મલેશિયા પામતેલ વાયદાના ભાવ આજે ૭૭થી ૯૧ પોઈન્ટ વધુ તૂટ્યા હતા. વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ઘટતાં તેની અસર પણ વૈશ્વિક ખાદ્યતેલોના ભાવ પર દેખાઈ હતી. ઘરઆંગણે સૌરાષ્ટ્ર ખાતે સિંગતેલના ભાવ આજે ધીમા ઘટાડા વચ્ચે ૧૭૭૫થી ૧૮૦૦ રહ્યા હતા. જ્યારે ત્યાં કોટન વોશ્ડના ભાવ રૂ.૧૩૩૦થી ૧૩૩૫ તથા કોટન રિફાઈન્ડના ભાવ રૂ.૧૩૭૦ જ્યારે પામતેલના ભાવ રૂ.૧૨૪૫ તથા સોયાતેલના ભાવ રૂ.૧૩૫૫ રહ્યા હતા. કંડલા ખાતે પામોલીનના ભાવ રૂ.૧૨૮૫ તથા સોયાતેલના ભાવ રૂ.૧૪૦૦ રહ્યા હતા.

દરમિયાન, મસ્ટર્ડ-સરસવની આવકો આજે રાજસ્થાનમાં ૬૦ હજાર ગુણી તથા ઓલ ઈન્ડિયા બે લાખ ગુણી આવી હતી. રાજસ્થાન-જયપુર ખાતે મસ્ટર્ડ-સરસવ તેલના ભાવ રૂ.૨૧૧૦થી ૨૧૭૦ રહ્યા હતા. મલેશિયામાં પામતેલના ભાવ તૂટતાં હવે ત્યાંથી થતી પામતેલની નિકાસ પરનો ટેક્સ દૂર કરવા હિલચાલ શરૂ થયાના વાવડ દરિયાપારથી મળી રહ્યા હતા. ઘરઆંગણે, હઝીરા ખાતે સોયાતેલના ભાવ નવેમ્બરની વિવિધ ડિલીવરીના રૂ.૧૩૭૧થી ૧૩૭૪ રહ્યા હતા. સૌરાષ્ટ્ર ખાતે આજે મગફળીના ભાવ ૨૦ કિલોના જાતવાર રૂ.૧૩૦૦થી કરીને ઉંચામાં ભાવ રૂ.૧૭૦૦થી ૧૭૨૫ બોલાઈ રહ્યા હતા. મુંબઈ હાજર બજારમાં આજે સિંગતેલના ભાવ રૂ.૧૮૬૦ જ્યારે કપાસિયા તેલના ભાવ રૂ.૧૪૨૦ રહ્યા હતા. મુંબઈ પામતેલના ભાવ રૂ.૧૩૦૦ તથા સોયાતેલના ભાવ રૂ.૧૪૩૦ અને સનફલાવરના ભાવ રૂ.૧૫૦૦ તથા રિફાઈન્ડના ભાવ રૂ.૧૬૨૦ રહ્યા હતા.

સાયબર વીમા બજારનું કદ પાંચ વર્ષમાં વધી ત્રણ ગણું જોવા મળશે

મુંબઈ, તા. ૨૩

ડિજિટાઈઝેશનની સાથોસાથ સાયબર હુમલામાં થઈ રહેલા વધારાને પરિણામે સાયબર વીમાની આવશ્યકતા પણ વધી રહી છે અને આગામી પાંચ વર્ષમાં સાયબર વીમાનું કદ ત્રણ ગણું જોવા મળવાની ધારણાં મૂકવામાં આવી છે.

ભારતમાં સાયબર હુમલામાં વર્ષે વીસ અબજ ડોલરના નુકસાનનો અંદાજ

ડિજિટાઈઝેશન તથા આંતરરાષ્ટ્રીય નાણાં વ્યવહારોમાં વધારાની સાથે સાયબર જોખમો પણ વધી રહ્યા છે તેને ધ્યાનમાં રાખી મોટી ટેકનોલોજી તથા આઈટી સેવા કંપનીઓ તરફથી સાયબર કવચની માગમાં વધારો થઈ રહ્યો છે.

નાણાં વર્ષ ૨૦૩૦-૩૧ સુધીમાં સાયબર વીમા બજારનું કદ ૩૨.૧૦ કરોડથી ૫૯.૪૦ કરોડ ડોલર સુધી પહોંચવાની એક રિસર્ચ પેઢીએ ધારણાં મૂકી છે.

આગામી પાંચ વર્ષમાં આ બજારના કદમાં વાર્ષિક ૧૮થી ૧૯ ટકા વૃદ્ધિ થવાની ધારણાં છે.

નાણાં વર્ષ ૨૦૨૫માં સદર બજારનું કદ ૧૧.૫૦ કરોડ ડોલર-૨૫.૫૦ કરોડ ડોલર રહ્યુ હતું. સાયબર હુમલાને કારણે ભારતમાં વર્ષે વીસ અબજ ડોલરનું નુકસાન થતુ હોવાનો અંદાજ છે.

કેશ એન્ડ ફ્યુચર
ઓપ્શન સ્ટ્રેટેજીસ

નિફ્ટી ડિસેમ્બર ફ્યુચર : ૨૫૫૦૫

બુધવારના રોજ નિફ્ટીની રેન્જ ૨૫૨૦૦ થી ૨૫૬૦૦ વચ્ચે જોવાય.

બેંક નિફ્ટી ડિસેમ્બર ફ્યુચર : ૬૨૯૨૩

બુધવારના રોજ બેંક નિફ્ટીની રેન્જ ૬૨૦૦૦ થી ૬૪૦૦૦ વચ્ચે જોવાય.

ફ્યુચર માર્કેટ

- લોરસ લેબ્સ : (૨૩૮૨)નો ડિસેમ્બર માસનો ફ્યુચર ૨૩૮૨ ઉપર ૨૩૨૦નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૨૪૪૦, ટાર્ગેટ -૨ ૨૪૭૦ સુધી સુધારાની શક્યતા છે.

- ટાટા સ્ટીલ : (૧૬૪)નો ડિસેમ્બર માસનો ફ્યુચર ૧૬૪ નીચે ૧૭૨ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૧૫૭, ટાર્ગેટ -૨ ૧૫૪ સુધી ઘટાડાની શક્યતા છે.

કેશ માર્કેટ

- ઝેટવર્ક મેન્યુફેક્ચરિંગ : (૧૮૨) ૧૮૨ ઉપર ૧૭૪ સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૧૮૭, ટાર્ગેટ-૨ ૧૯૨ સુધી સુધારાની શક્યતા છે.

- કર્નેક્સ માઈક્રોસિસ્ટમ્સ : (૧૫૮૧) ૧૫૮૧ નીચે ૧૬૫૦ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૧૫૪૫, ટાર્ગેટ -૨ ૧૫૨૫ સુધી ઘટાડાની શક્યતા છે.

- નિલેશ કોટક

બેટરીના ઊંચા ખર્ચને કારણે સ્ટોરેજ પ્રોજેક્ટ્સ જોખમમાં મુકાયા : ઈકરા

અમદાવાદ, તા. ૨૩

ભારતના મહત્વાકાંક્ષી બેટરી એનર્જી સ્ટોરેજ વિસ્તરણ સામે નાણાકીય જોખમો વધી રહ્યા છે. આક્રમક બોલી (અત્યંત નીચા દરે મેળવેલા) ધરાવતા પ્રોજેક્ટ્સ હવે અમલીકરણ તરફ આગળ વધી રહ્યા છે, ત્યારે બેટરીના વધતા ભાવ અને રૂપિયાના અવમૂલ્યનને કારણે ખર્ચમાં થતા વધારાને પહોંચી વળવા માટે બહુ ઓછો અવકાશ રહ્યો છે, ભલેને ૧૩૫.૮ ગીગાવોટ-અવર ક્ષમતા માટે સરકારી સહાય ઉપલબ્ધ હોય તેમ ઈકરાએ જણાવ્યું હતું.

મૂલ્યાંકન દર્શાવે છે કે પ્રતિ મેગાવોટ પ્રતિ માસ રૂ. ૨.૬૦-૨.૮૦ લાખના કેપેસિટી ટેરિફ પર ફાળવવામાં આવેલા પ્રોજેક્ટ્સનો ક્યુમ્યુલેટિવ ડેટ સર્વિસ કવરેજ રેશિયો પ્રતિ કિલોવોટ-અવર ૭૦ ડોલરના બેટરી પેક ખર્ચ માત્ર ૧.૧૭-૧.૨૭ ગણો જ રહેશે. આ બાબત ડેવલપર્સ પર સ્પર્ધાત્મક ભાવે ઉપકરણો મેળવવા અને પ્રોજેક્ટના વળતરને સુરક્ષિત રાખવા માટેના દબાણને દર્શાવે છે.

ચલણમાં થતી વધઘટ નિર્ણાયક પરિબળ

આ તારણો એવા સમયે સામે આવ્યા છે જ્યારે ભારતની રિન્યુએબલ એનર્જી ક્ષમતામાં થતો ઉમેરો ટ્રાન્સમિશન નેટવર્કના વિસ્તરણ કરતા સતત આગળ વધી રહ્યો છે. ખાસ કરીને રાજસ્થાન અને ગુજરાતમાં, જેના કારણે ગ્રીડ પરનું ભારણ (કંજેશન) વધી રહ્યું છે અને વધારાના વીજ ઉત્પાદનને શોષી લેવા તેમજ બિન-સૌર કલાકો દરમિયાન વીજ પુરવઠો પૂરો પાડવા માટે સ્ટોરેજની જરૂરિયાત ઊભી થઈ છે. બેટરીના ભાવમાં થયેલો ઉછાળો, રૂપિયાનું અવમૂલ્યન અને આક્રમક બોલીઓને કારણે પ્રોજેક્ટની સધ્ધરતા માટે સમયસર બેટરીની ખરીદી, મજબૂત લાંબા ગાળાના પુરવઠા કરારો અને ઓફટેક ટાઈ-અપ્સ અત્યંત મહત્વપૂર્ણ બની ગયા છે.

સોના-ચાંદી બજાર

અમદાવાદ		મુંબઈ	
ચાંદી ચોરસા	૧૫૨૦૦૦-૧૫૫૦૦૦	ચાંદી	૧૫૨૬૨૫
ચાંદી રૂપુ	૧૫૧૮૦૦-૧૫૪૮૦૦	સોનું (૯૯.૫)	૧૨૪૪૪૫
ચાંદી સિક્કા જુના	૨૫૦૦-૨૮૦૦	સોનું (૯૯.૯)	૧૨૪૮૪૫
સોનું (૯૯.૯)	૧૨૮૫૦૦-૧૨૯૫૦૦	**રાજકોટ**	
સોનું (૯૯.૫)	૧૨૮૨૦૦	ચાંદી	૧૫૩૫૦૦
હોલમાર્ક	૧૨૬૯૧૦	૨૪ કેરેટ ૧૦ ગ્રામ	૧૩૧૦૦૦
		સીક્કા (૧ ગ્રામ)	૧૩૧૦૦
		૨૨ કેરેટ ૧૦ ગ્રામ	૧૧૬૪૦૦

અમદાવાદના બજારો

તેલતેલીબિયા			
સિંગતેલ નવો ડબો (૧૫ કિલો)	૨૯૫૦-૩૨૩૦	સોયાબીન નવો ડબો	૨૫૦૦
સિંગતેલ નવો ડબ્બો (૧૫ લીટર)	૩૦૩૦	દિવેલ	૨૭૦૦
કપાસીયાતેલ નવો ડબો (૧૫ કિલો)	૨૪૫૦-૨૬૨૦	પામોલીન જુનો ડબો	૨૧૦૦
રાઈસ બ્રાન્ડ (૧૫ કિલો)	૨૫૦૦	પામોલીન નવો ડબો	૨૩૦૦
		કોપરેલ	૪૩૦૦
		વનસ્પતિ	૨૦૦૦-૨૩૦૦
		મોળું સરસીયું	૩૩૦૦
		તીખું સરસીયું	૩૫૦૦
		સનફલાવર	૨૬૫૦
		મકાઈ તેલ	૨૩૨૫૦

રાજકોટ છેલ્લા ભાવ

રાજકોટ સીંગતેલ લુઝ ૧૭૭૫
રાજકોટ મગફળી ૧૮૭૦-૧૮૮૦
સોનુ ૨૪ કેરેટ ૧૩૧૦૦૦
૧ કિલો ચાંદી ૧૫૩૫૦૦

ચીમનભાઈ માર્કેટ

૨૦ કિલો

બટાકા દેશી ૧૦૦-૧૫૦
બટાકા ડીસા ૧૨૦-૨૮૦
ડુંગળી મહારાષ્ટ્ર ૭૦૦-૧૧૦૦
ડુંગળી સૌરાષ્ટ્ર ૪૦૦-૮૦૦

અમદાવાદ ફુલ બજાર

ગુલાબ ૨૫૦-૩૦૦
ટગર ૬૦૦-૮૦૦
ડમરો ૧૨-૧૫
લીલી ૧૫-૨૦
હજારી ગલ ૬૦૦-૮૦૦

BSE સૌથી વધુ ઘટ્યા

કંપની	બંધ ભાવ	ઘટાડો (ટકામાં)
ટાટા સ્ટીલ	૧૬૩.૨૫	૮.૧૬
એક્સિસ બેંક	૧૩૮૯.૮૫	૩.૯૫
ICICI બેંક	૧૫૮૫.૪૦	૩.૩૯
HDFC બેંક	૮૧૮.૦૦	૩.૨૨
SBI	૩૧૧૩૧.૧૦	૨.૯૧
કોટક બેંક	૫૦૩.૦૦	૨.૫૨
લાર્સન	૪૧૦૨.૦૦	૨.૩૬
અલ્ટ્રાટેક	૧૨૬૨૧.૯૦	૨.૩૬
બજાજ ફાય.	૧૦૬૬.૬૫	૨.૦૮
રિલાયન્સ	૧૩૫૨.૫૦	૧.૬૪
હિંદ લીવર	૨૦૨૦.૯૫	૧.૬૧
ટ્રેન્ટ	૩૨૦૦.૦૦	૧.૬૧
NTPC	૩૧૫.૯૦	૧.૫૩
પાવરગ્રીડ	૨૬૫.૦૦	૧.૩૦
BEL	૩૯૬.૦૦	૧.૨૬
ભારતી એરટેલ	૨૧૩૦.૦૦	૧.૧૮
મહિન્દ્રા	૩૫૦૦.૦૦	૧.૧૭
સન ફાર્મા	૧૮૬૩.૯૫	૧.૧૨

NSE સૌથી વધુ ઘટ્યા

કંપની	બંધ ભાવ	ઘટાડો (ટકામાં)
ટાટા સ્ટીલ	૧૬૩.૦૦	૮.૪૩
એક્સિસ બેંક	૧૩૮૮.૬૦	૩.૯૭
HDFC બેંક	૮૧૭.૮૦	૩.૩૩
ICICI બેંક	૧૫૮૫.૬૦	૩.૩૨
હિંદાલકો	૯૦૦.૪૫	૩.૧૩
SBI	૧૧૩૨.૬૫	૨.૭૯
ટાટા મોટર્સ પેસે.	૨૫૯.૦૦	૨.૭૬
લાર્સન	૪૦૯૯.૯૦	૨.૫૯
કોટક બેંક	૫૦૨.૮૫	૨.૫૧
બજાજ ફાય	૧૦૯૫.૫૦	૨.૩૬
જીયો ફીન	૨૧૯.૭૦	૨.૩૪
HDFC લાઈફ	૫૭૪.૯૫	૨.૩૩
અલ્ટ્રાટેક	૧૨૬૫૦.૦૦	૨.૨૩
કોલ ઈન્ડિયા	૩૮૨.૦૦	૨.૦૫
ટાટા કન્ઝ્યુમર	૧૧૩૩.૦૦	૧.૯૮
રિલાયન્સ	૧૩૫૧.૦૦	૧.૯૨
NTPC	૩૧૫.૪૫	૧.૮૮
JSW સ્ટીલ	૧૩૧૧.૯૦	૧.૮૮

છેલ્લા ભાવ

મુંબઈ ચાંદી ૧૫૨૬૨૫
મુંબઈ સોનું (૯૯.૫) ૧૨૪૪૪૫
મુંબઈ સોનું (૯૯.૯) ૧૨૪૮૪૫
અમ. ચાંદી ૧૫૫૦૦૦
અમ. સોનું (૯૯.૯) ૧૨૯૫૦૦
અમ. સોનું (૯૯.૫) ૧૨૯૨૦૦
અમ. સિંગતેલ નવો ડબો ૩૨૩૦
અમ. કપાસિયા નવો ૨૬૨૦

ગુજરાત સમાચાર
ક્લાસિફાઈડ
ટ્યુડકી જાહેરખબર
CLASSIFIEDS
Call : 8799236001/2/3
નોકરી વિષયક
પ્રાઈમ પ્રોપર્ટી
નોકરી નિમંત્રક

શ્રી સિધ્ધિવિનાયક ગ્રીનટેક ઈન્ડ.નો આઈપીઓ 25 નવેમ્બરે ખુલશે

સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

બીજી ઇનિંગમાં ન્યુઝીલેન્ડ ૧૨૦ ઓવરો રમી ગયું અને પાંચ જ વિકેટ પડી

હતાશા સાથે ભારતે પ્રથમ ટેસ્ટ ડ્રો કરી ન્યુઝીલેન્ડના બેટ્સમેનોની મક્કમ લડત

વેલિન્ગટન, તા. ૨૩

વેલિંગ્ટનના બેસિન રિઝર્વ મેદાન પર ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાયેલી પ્રથમ ટેસ્ટનો અંત નિરાશાજનક ડ્રો સાથે આવ્યો છે. ભારતે પ્રથમ દાવમાં ૭૨૦ રનનો વિશાળ સ્કોર બનાવીને ૩૫૨ રનની સરસાઈ મેળવી હતી. મેચના અંતિમ દિવસે ભારતને જીત માટે ન્યૂઝીલેન્ડની આઠ વિકેટ લેવાની હતી. એક સમયે ભારત જીત તરફ આગળ વધી રહ્યું હતું, પરંતુ ડેરિલ મિચેલ અને ગ્લેન ફિલિપ્સે અડગ બેટિંગ કરીને ભારતીય બોલરોને સફળતા મેળવવા દીધા નહીં. ન્યૂઝીલેન્ડે બીજા દાવમાં કુલ ૧૨૦ ઓવર રમીને પાંચ વિકેટે ૨૩૯ રન કર્યા અને મેચ ડ્રો જાહેર થઈ. નિકોલ્સને પ્રથમ ઇનિંગમાં ૧૭૫ રનની ઇનિંગ બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.

પાંચમા દિવસની રમત શરૂ થઈ ત્યારે ન્યૂઝીલેન્ડે બીજા દાવમાં બે વિકેટે ૧૧૯ રન કર્યા હતા. ભારતને જીતવા માટે હજુ આઠ વિકેટની જરૂર હતી. પ્રથમ સત્રમાં ભારતીય બોલરોએ બે સફળતા મેળવીને આશા જગાવી હતી. વોશિંગ્ટન સુંદરે ડેવોન કોનવેને ૬૫ રનના વ્યક્તિગત સ્કોરે પેવેલિયન મોકલ્યો. કોનવેના બેટ અને પેડને અડીને ઊછળેલો બોલ વિકેટકીપર રિષભ પંતે સરસ કેચ લઈને ઝડપી લીધો. ત્યાર પછી પ્રસિદ્ધ કૃષ્ણાએ રચિન રવીન્દ્રને ૩૭ રને આઉટ કર્યો. કેએલ રાહુલે ગલીમાં તેનો કેચ પકડ્યો હતો.

ભારતને ત્યાર પછી પણ વિકેટ મળવાની આશા હતી. ટોમ બ્લન્ડેલ ૧૫ રન કરીને અંશુલ કંબોજના બોલ પર પંતના હાથે કેચઆઉટ થયો.

ભારતે રિવ્યૂનો સફળ ઉપયોગ કરીને આ વિકેટ મેળવી હતી. આ વિકેટ બીજા સેશનમાં પડી હતી.આ સાથે ન્યૂઝીલેન્ડનો સ્કોર પાંચ વિકેટે ૧૭૬ રન થયો. ભારતને લાગ્યું કે હવે બાકીની પાંચ વિકેટ પણ ઝડપથી મળી શકે છે, પરંતુ ત્યાર પછી મિચેલ અને ફિલિપ્સે ભારતીય આક્રમણ સામે દીવાલ બનીને ઊભા રહેવાનું નક્કી કર્યું.

ડેરિલ મિચેલ અને ગ્લેન ફિલિપ્સે છઠ્ઠી વિકેટ માટે અણનમ ૬૩ રન ઉમેર્યા. રન બનાવવા કરતાં વિકેટ બચાવવાનું બંનેનું લક્ષ્ય હતું. મિચેલે ૧૮૬ બોલમાં અણનમ ૪૯ રન કર્યા, જ્યારે ફિલિપ્સે ૧૨૬ બોલનો સામનો કરીને અણનમ ૨૬ રન બનાવ્યા. બંનેએ ૨૫૮ બોલ સુધી પોતાની વિકેટ જાળવી રાખી. તેમની આ ભાગીદારી ૪૩ ઓવર સુધી ચાલી.

ફિલિપ્સે જરૂર પડ્યે રન બનાવ્યા, પરંતુ જોખમ લેવાનું ટાળ્યું. મિચેલે પણ ભારતીય બોલરોને કોઈ સહેલી તક આપી નહીં. ક્યારેક બોલને રિફેન્ડ કર્યો, ક્યારેક





સમય પસાર કર્યો અને જરૂર પડે ત્યારે બાઉન્ડરી પણ ફટકારી. બંનેની આ બેટિંગે ભારતની જીતની આશા ધીમે ધીમે ઓછી કરી નાખી. અંતે શુભમન ગિલે રમત પૂરી કરવાનો નિર્ણય લીધો અને બંને ટીમોના ખેલાડીઓએ હાથ મિલાવીને ડ્રો સ્વીકાર્યો.

પીચ બોલરોને મદદરૂપ ન બની

મેચની શરૂઆતમાં બેસિન રિઝર્વની પીચ પર ઘાસ હતું અને ઝડપી બોલરોને મદદ મળતી હતી. ભારતે ટોસ જીતીને પહેલાં બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો અને તેનો ફાયદો પણ મળ્યો. જસપ્રીત બુમરાહે ચાર વિકેટ અને આકાશ દીપે ત્રણ વિકેટ મેળવીને ન્યૂઝીલેન્ડને એક સમયે ૭૦ રનમાં પાંચ વિકેટ ગુમાવવાની સ્થિતિમાં મૂકી દીધું હતું.

પરંતુ ત્યાર પછી પીચ ધીમે ધીમે બેટિંગ માટે અનુકૂળ બની ગઈ. હેનરી નિકોલ્સ અને ગ્લેન ફિલિપ્સે છઠ્ઠી વિકેટ માટે ૨૧૬ રનની ભાગીદારી કરીને ટીમનો સ્કોર ૩૬૮ પર પહોંચાડ્યો.

જો કે ભારતે કે. એલ. રાહુલના ૧૩૬, પંતના ૧૨૮, ગિલના ૯૮, જયસ્વાલના ૮૫, પડીક્કલના ૮૦, જુરેલના ૭૮ રનની મદદથી ન્યૂઝીલેન્ડની અને વિદેશી ભૂમિ પરનો મોટો સ્કોર ખડો કરીને ૯ વિકેટે ૭૨૦ રને ઇનિંગ ડિક્લેર કરી હતી.

ભારતે ૩૫૨ રનની જંગી સરસાઈ મેળવી હતી. ન્યુઝીલેન્ડને ઓલ આઉટ કરવા પાંચ સેશનથી વધુનો સમય હતો. ચોથા દિવસની રમતના અંતે બે વિકેટે ૧૧૯ રનનો સ્કોર ૪૫ ઓવરોમાં હતો. આજે ન્યુઝીલેન્ડે ૭૫ ઓવરો રમી માત્ર ૧૨૦ રન જ ઉમેર્યા અને વધુ ત્રણ વિકેટ આજે ગુમાવી હતી.

ન્યુઝીલેન્ડે એક તબક્કે સળંગ આઠ ઓવરો મેડન રમી હતી.

ન્યુઝીલેન્ડ પ્રથમ ઇનિંગ : ૩૬૮, ભારત પ્રથમ ઇનિંગ : ૭૨૦/૯ ડીક્લેર : ન્યુઝીલેન્ડના બીજી ઇનિંગમાં ૨૩૯/૫

	રન	બોલ	૪	૬
લાથમ કો. પંત બો. બુમરાહ	૦	૨	૦	૦
કોન્વે કો. પંત બો. સુંદર	૬૫	૧૬૫	૭	૦
નિકોલ્સ કો. જુરેલ બો. કિષ્ના	૩૧	૬૯	૩	૦
રવીન્દ્ર કો. રાહુલ બો. કિષ્ના	૩૭	૧૨૬	૪	૦
મિચેલ અણનમ	૪૯	૧૮૬	૪	૧
બ્લન્ડેલ કો. પંત બો. કમ્બોજ	૧૫	૫૪	૧	૦
ફિલિપ્સ અણનમ	૨૬	૧૨૬	૨	૦
વધારાના (બાય ૧૦, નોબોલ ૧, વાઇડ ૫)	૧૬			
(પાંચ વિકેટે ૧૨૦ ઓવરોમાં)	૨૩૯			

વિકેટનો ક્રમ :- ૧-૦ (લાથમ ૦.૨), ૨-૬૦ (નિકોલ્સ ૨૨.૧), ૩-૧૩૨ (કોન્વે ૫૫.૫), ૪-૧૩૯ (રવીન્દ્ર ૫૯.૬), ૬-૧૭૬ (બ્લન્ડેલ ૭૬.૬)

બોલિંગ :- બુમરાહ ૨૦-૨-૪૨-૧, આકાશ દીપ ૨૦-૬-૪૭-૦, કંબોજ ૨૨-૫-૪૫-૧, કિષ્ના ૧૯-૧૦-૨૩-૨, સુંદર ૩૫-૧૪-૬૫-૧, પડીક્કલ ૧-૦-૨૦-૦, જયસ્વાલ ૨-૦-૪-૦, જુરેલ ૧-૦-૧-૦

મિચેલના ૧૮૬ બોલમાં ૪૯* અને ફીલિપ્સના ૧૨૬ બોલમાં ૨૬* : બંને વચ્ચે ૪૩ ઓવરોમાં ૬૩ રનની ભાગીદારી

ભારતને હવે બાકી રહેલ તમામ છ ટેસ્ટ જીતવી જ પડે તેમ છે

ટેસ્ટ ડ્રો થતાં ભારતને માટે હવે WTCની ફાઇનલમાં પહોંચવા માટે કપરાં ચઢાણ

ભારત બાકીની છ ટેસ્ટ જીતે તે પૂરતું નથી : અન્ય ટોપ ટીમો પણ હારતી રહે તે મહત્વનું છે

WTC : પોઇન્ટ ટેબલ

ટીમ	મેચ	જીત	હાર	ડ્રો	PCT
૧. સાઉથ આફ્રિકા	૮	૬	૨	૦	૭૫.૦૦
૨. ઓસ્ટ્રેલિયા	૧૩	૯	૪	૦	૬૯.૨૩
૩. ન્યુઝીલેન્ડ	૭	૪	૧	૨	૬૬.૬૭
૪. ભારત	૧૨	૫	૪	૩	૫૦.૦૦
૫. બાંગ્લાદેશ	૯	૩	૪	૨	૪૦.૭૪
૬. ઇંગ્લેન્ડ	૧૬	૭	૮	૧	૩૮.૫૫
૭. વેસ્ટ ઇંડિઝ	૧૪	૩	૮	૩	૨૭.૩૮
૮. શ્રીલંકા	૮	૧	૩	૪	૧૩.૫૪
૯. પાકિસ્તાન	૧૧	૩	૭	૧	૧૨.૧૨

વેલિન્ગટન, તા. ૨૩

ન્યૂઝીલેન્ડ સામે વેલિંગ્ટનના બેસિન રિઝર્વ ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટમાં ભારત વિજયની નજીક પહોંચ્યા પછી પણ ડ્રોથી સંતોષ માનવો પડ્યો છે. આ પરિણામે માત્ર બે ટેસ્ટની શ્રેણીમાં ભારતની સ્થિતિ જ નહીં, પરંતુ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલમાં પહોંચવાની આશાઓને પણ મોટો ફટકો પડ્યો છે.

હજુ રેસમાં

ભારત હજુ ફાઇનલની રેસમાંથી બહાર થયું નથી, પરંતુ હવે તેની પાસે ભૂલ કરવાની કોઈ ખાસ તક રહી નથી. પોતાના બાકીના તમામ મુકાબલા જીતવા ઉપરાંત અન્ય ટીમોનાં પરિણામો પણ ભારતની તરફેણમાં આવે તે જરૂરી બન્યું છે.

આ ડ્રોનું સૌથી મોટું નુકસાન ભારતના પોઇન્ટ્સ પર્સન્ટેજમાં જોવા મળ્યું છે. વેલિંગ્ટન ટેસ્ટ પહેલાં ભારતનો પોઈન્ટ્સ પર્સન્ટેજ ૫૧.૫૨ ટકા હતો, જે હવે ઘટીને ૫૦ ટકા થયો છે. ભારતે અત્યાર સુધી ૧૨ ટેસ્ટમાં પાંચ જીત, ચાર હાર અને ત્રણ ડ્રો નોંધાવ્યા છે. આ સાથે તે WTCના પોઇન્ટ ટેબલમાં ચોથા સ્થાને છે. બીજી તરફ ન્યૂઝીલેન્ડનો પોઇન્ટ પર્સન્ટેજ ૭૨.૨૨ ટકાથી ઘટીને ૬૬.૬૭ ટકા થયો છે અને તે બીજા સ્થાનેથી ત્રીજા સ્થાને સરક્યું છે. આ ડ્રોનો સૌથી મોટો લાભ ઓસ્ટ્રેલિયાને થયો છે, જે ૬૯.૨૩ ટકાના પોઇન્ટ પર્સન્ટેજ સાથે બીજા સ્થાને પહોંચી ગયું છે. દક્ષિણ આફ્રિકા ૭૫ ટકા સાથે ટોચ પર છે.

છ ટેસ્ટ બાકી

ICCની ૨૦૨૫-૨૭ની WTC સાઇકલમાં ભારતની હવે છ ટેસ્ટ બાકી છે. ૨૭ નવેમ્બરથી કાઇસ્ટચર્ચમાં ન્યૂઝીલેન્ડ સામે બીજી ટેસ્ટ રમાશે. ત્યાર પછી આવતા વર્ષે જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં ઓસ્ટ્રેલિયા સામે ભારત પાંચ ટેસ્ટની ઘરઆંગણે શ્રેણી રમશે. એટલે ભારત પાસે ફાઇનલની દોડમાં પાછા ફરવા માટે છ જ મેચ છે.

ભારત જો આ છેય ટેસ્ટ જીતી જાય



તો તેનો અંતિમ પોઇન્ટ પર્સન્ટેજ ૬૬.૬૭ ટકા સુધી પહોંચી શકે છે. પરંતુ આટલી સફળતા છતાં ફાઇનલમાં સ્થાન નિશ્ચિત થઈ જાય એવું નથી. કારણ કે ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકા પણ પોતાના બાકી રહેલા મુકાબલામાં પોઇન્ટ્સ મેળવશે.

અન્ય ટીમ પર નજર

ભારતે પોતાના તમામ મુકાબલા જીતવાની સાથે આ ત્રણમાંથી ઓછામાં ઓછી કેટલીક ટીમોના પરિણામો પણ પોતાની તરફેણમાં આવે તેવી આશા રાખવી પડશે.

ભારત માટે સૌથી મહત્ત્વની શ્રેણી ઓસ્ટ્રેલિયા સામેની પાંચ ટેસ્ટની રહેશે. ઓસ્ટ્રેલિયા હાલમાં બીજા સ્થાને છે અને ભારત સામેની શ્રેણી તેના માટે પણ નિર્ણાયક બની શકે છે. ભારત જો ઓસ્ટ્રેલિયાને ૫-૦થી હરાવે તો ઓસ્ટ્રેલિયાના પોઇન્ટ્સ પર્સન્ટેજને મોટો ફટકો પડશે અને ભારતની સ્થિતિ મજબૂત બનશે.

જો કે ન્યૂઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકાના પરિણામો પણ ગણતરીમાં રહેશે. જો ન્યૂઝીલેન્ડ ભારત સામેની બીજી ટેસ્ટ જીતે અને પછી ઓસ્ટ્રેલિયા સામેની ચારેય ટેસ્ટ હારી જાય, તો ભારત ઓસ્ટ્રેલિયા સામે ૫-૦થી શ્રેણી જીતીને બંને ટીમોથી આગળ રહી શકે છે. બીજી તરફ ભારત ફાઇસ્ટચર્ચ ટેસ્ટ જીતે અને ઓસ્ટ્રેલિયા ન્યૂઝીલેન્ડને ૪-૦થી હરાવે, તો ભારત માટે ઓસ્ટ્રેલિયા સામે ૫-૦ અથવા ૪-૦ની શ્રેણી જીત ફાઇનલમાં સ્થાન નિશ્ચિત કરી શકે છે. આ ગણતરીઓ દર્શાવે છે કે ભારત માટે દરેક ટેસ્ટનું મહત્ત્વ કેટલું વધી ગયું છે.

આખરી દિવસની મેચમાં ન્યુઝીલેન્ડે ૭૫ ઓવરો રમી ત્રણ વિકેટ ગુમાવી ૧૨૦ રન જ ઉમેર્યા : વેલિન્ગટનમાં ૫૮ વર્ષથી ટેસ્ટ નહીં જીતવાનો ભારતનો સિલસિલો જારી રહ્યો

ભારતની ટીમની પસંદગી અંગે ગાંગુલીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું

ભારતની ટીમમાં વોશિંગટન સુંદરના સ્થાને કુલદીપ યાદવને રમાડવા જેવો હતો

વેલિન્ગટન, તા. ૨૩

ન્યૂઝીલેન્ડ સામે વેલિંગ્ટનમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ ડ્રોમાં પૂરી થયા બાદ ભારતીય ટીમની પસંદગી અંગે ચર્ચા શરૂ થઈ છે. આ પરિણામ પછી પૂર્વ ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલીએ ટીમ મેનેજમેન્ટની બોલિંગ પસંદગી સામે સવાલ ઉઠાવ્યા છે. તેમનો મુખ્ય પ્રશ્ન હતો કે જ્યારે ભારતને વિદેશી પીચ પર વિકેટ ઝડપવા માટે વિશેષજ્ઞ સ્પિનરની જરૂર હતી ત્યારે કુલદીપ યાદવ કે માનવ સુથાર જેવા બોલરોને તક કેમ ન મળી.

ગાંગુલીની પોસ્ટ

ગાંગુલીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું હતું કે, 'વિદેશમાં ટેસ્ટ મેચ જીતવા માટે એક સાચા વિશેષજ્ઞ સ્પિનરની જરૂરિયાત સમજવી પડશે, ખાસ કરીને એવી પીચ પર જે સમય જતાં બેટિંગ માટે સરળ બનતી જાય. ટેસ્ટ ક્રિકેટમાં એક વિશેષજ્ઞ સ્પિનર હોવો જ જોઈએ. વોશિંગ્ટન સુંદર ઓલરાઉન્ડર તરીકે રમી શકે છે. તો પછી કુલદીપ કે માનવ સુથાર ક્યાં છે?'

વોશિંગ્ટન સુંદરની પસંદગી અંગે ગાંગુલીનો મત એવો છે કે તે ઉપયોગી ઓલરાઉન્ડર છે અને તેની બેટિંગ ટીમને



વધારાની મજબૂતી આપે છે. પરંતુ તેને જ ટીમનો મુખ્ય વિકેટ લેનારો સ્પિનર માનવો યોગ્ય નથી. વોશિંગ્ટને આ ટેસ્ટમાં બંને દાવ મળીને ૫૫ ઓવર બોલિંગ કરી હતી અને કુલ એક જ વિકેટ મેળવી હતી. બીજા દાવમાં તેણે ૩૫ ઓવર નાખીને ૬૫ રન આપ્યા હતા અને ડેવોન કોનવેની વિકેટ મેળવી હતી.

કુલદીપની ક્ષમતા

કુલદીપ યાદવ ભારતનો ડાબોડી ચાઇનામેન બોલર છે. તેની બોલિંગમાં ફ્લાઇટ, ડિપ અને ટર્ન ઉપરાંત ગુગલી જેવી વિવિધતા છે. તે માત્ર રન રોકવા કરતાં વિકેટ મેળવવાની ક્ષમતા માટે ઓળખાય છે.

ગાંગુલીના સવાલનો એક મહત્ત્વનો ભાગ એ છે કે વિદેશી ટેસ્ટમાં જ્યારે પીચ સપાટ બનતી જાય ત્યારે કુલદીપ જેવા વિકેટ લેનારા સ્પિનરની હાજરી કેપ્ટનને વધારાનો વિકલ્પ આપી શકે છે.

માનવ પણ જરૂરી

ગાંગુલીએ કુલદીપની સાથે માનવ સુથારનું નામ પણ લીધું છે. માનવ ડાબોડી ઓર્થોડોક્સ સ્પિનર છે. તેને પણ ભારતની ટીમમાં સાથે લઈ જવા જેવો હતો.

બંને હરિફો ૨૦ વર્ષના હોય તેવો સૌપ્રથમ મુકાબલો

આજથી ડી. ગુકેશ અને સિંદારોવ વચ્ચે ચેસના વર્લ્ડ ચેમ્પિયન બનવા માટેનો જંગ

જીનીવા, તા. ૨૩

ભારતના વર્તમાન વિશ્વ ચેમ્પિયન ડી. ગુકેશ અને ઉઝબેકિસ્તાનના યુવા ગ્રાન્ડમાસ્ટર સિંદારોવ વચ્ચે વિશ્વ ચેસ ચેમ્પિયનશિપનો ખિતાબ જીતવા માટે જંગ આવતીકાલથી શરૂ થશે.



આ મુકાબલાની વિશેષતા એ છે કે બંને ખેલાડીઓની ઉંમર માત્ર ૨૦ વર્ષ છે. વર્લ્ડ ચેમ્પિયનશિપના ઇતિહાસમાં આટલી નાની ઉંમરના બે ખેલાડીઓ વચ્ચેનો આ પ્રથમ ક્લાસિકલ વર્લ્ડ ટાઇટલ મુકાબલો હશે. એક તરફ ૨૦૨૪માં વિશ્વવિજેતા બનેલો ભારતનો ગુકેશ પોતાનો તાજ બચાવવા ઊતરશે, તો બીજી તરફ કેન્ડિડેટ્સ ટુર્નામેન્ટ જીતીને પડકારક તરીકે ઊભરી આવેલો સિંદારોવ પહેલી જ વખત વિશ્વ ચેમ્પિયન બનવાનું સપનું લઈને બેઠો છે.

આ મેચ ૨૪ નવેમ્બરથી શરૂ થઈને ૧૨ ડિસેમ્બર સુધી ચાલશે. કુલ ૧૪ મેચ રમાશે.

આજે મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકીમાં ભારત - ચીન વચ્ચે ટક્કર

બીજી ટેસ્ટ : બાંગ્લાદેશ ૯૧માં ઓલ આઉટ : રબાડા અને જાન્સેનની ૩-૩ વિકેટ : સાઉથ આફ્રિકા ૮૮/૧

ખરેખર તો સિરાજ છેલ્લી ૧૧ ટેસ્ટમાં ૪૩ વિકેટ ઝડપી સૌથી સફળ બોલર છે

વર્તમાન ફોર્મને જોતા સિરાજને ઇલેવનમાં સ્થાન ન મળ્યું:ગિલની ગુગલી

વેલિન્ગટન, તા. ૨૩

ન્યૂઝીલેન્ડ સામે વેલિંગ્ટનમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચ ડ્રોમાં પરિણમી. આ પરિણામ પછી ભારતીય ટીમની બોલિંગની પસંદગી અંગે ચર્ચા શરૂ થઈ હતી. ખાસ કરીને ભારતના અનુભવી ઝડપી બોલર મોહમ્મદ સિરાજને પ્લેઇંગ ઇલેવનમાંથી બહાર રાખવાનો નિર્ણય ચર્ચાના કેન્દ્રમાં રહ્યો.

વેલિંગ્ટન ટેસ્ટ પછી પત્રકારો સાથેની વાતચીતમાં ગિલે કહ્યું હતું કે, 'સિરાજ એક સારો ખેલાડી અને ઉત્તમ બોલર છે. તેણે ભારત માટે ઘણું સારું પ્રદર્શન કર્યું છે. પરંતુ એ બધાથી પહેલાં તે મારો સારો મિત્ર છે. અમે ઘણું સાથે રમ્યા છીએ અને શરૂઆતના દિવસોથી એકબીજાને ઓળખીએ છીએ. તેને ટીમમાંથી બહાર રાખવાનો નિર્ણય મારા માટે પણ ખૂબ મુશ્કેલ હતો.'

ગિલે વધુમાં જણાવ્યું કે મેચ પહેલાં તેણે સિરાજ સાથે વ્યક્તિગત રીતે વાત કરી હતી અને તેને નિર્ણયનું કારણ સમજાવ્યું હતું. ગિલના જણાવ્યા પ્રમાણે, 'મેં તેની સાથે વાત કરી હતી અને મેચ



પહેલાં જ જણાવી દીધું હતું કે આ મેચમાં તે રમવાનો નથી. તે આ નિર્ણય સાથે સંપૂર્ણપણે સહમત હતો કે નહીં તે હું કહી શકું નહીં. અન્ય બોલરને પસંદ કરવાનું કારણ વર્તમાન ફોર્મ પર દેવાયેલ ભાર મહત્વનો હતો તેમ પણ ગિલેઉમેર્યું હતું.

જો કે સિરાજને બહાર રાખવા માટેનું આ કારણ ચાહકોને ગળે ઉતર્યું નથી કેમ કે વર્તમાન વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ચક્રમાં ભારતનો સૌથી વધુ વિકેટ લેનારો બોલર રહ્યો છે. તેણે ૧૧ ટેસ્ટમાં ૪૩ વિકેટ મેળવી હતી. વિદેશની ધરતી પર પણ સિરાજનો રેકોર્ડ નોંધપાત્ર રહ્યો છે. ઇંગ્લેન્ડ સામેની પાંચ ટેસ્ટની શ્રેણીમાં તેણે ૨૩ વિકેટ મેળવી હતી અને ભારતની બોલિંગમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

પત્રકારોએ ગિલને સીધો સવાલ કર્યો હતો કે સિરાજ અને રવીન્દ્ર જાડેજા જેવા અનુભવી ખેલાડીઓની ચોકસાઈ અને બોલિંગથી મેચનું પરિણામ બદલાઈ શક્યું હોત? ગિલે ટૂંકમાં જવાબ આપ્યો હતો, 'મને એવું નથી લાગતું.' તેના મતે ભારતે આ મેચ માટે ઉપલબ્ધ શ્રેષ્ઠ બોલિંગ સંયોજન પસંદ કર્યું હતું.

આજથી સૈયદ મોદી બેડમિન્ટન સ્પર્ધા: ૨૨ દેશોના ખેલાડીઓ ભાગ લેશે

અલ્કારાઝની સિદ્ધિ : ૨૩ વર્ષની વય સુધીમાં ચારેય ગ્રાન્ડ સ્લેમ અને ATP ફાઇનલ્સ જીતી

અલ્કારાઝે ઝવેરેવને હરાવી કારકિર્દીમાં પ્રથમ વખત ATP ફાઇનલ્સ ટાઇટલ જીત્યું

તુરીન, તા. ૨૩

સ્પેનનના યુવા ટેનિસ સ્ટાર કાર્લોસ અલ્કારાઝે આખરે પોતાના નામે એક વધુ પ્રતિષ્ઠિત સિદ્ધિ નોંધાવી છે. વિશ્વના નંબર-૧ ખેલાડી જર્મનીના એલેક્ઝાન્ડર ઝવેરેવને સીધા સેટમાં પરાજય આપીને અલ્કારાઝે કારકિર્દીમાં પ્રથમ વખત એ. ટી. પી ફાઇનલ્સનો ખિતાબ જીતી લીધો છે. ફાઇનલમાં અલ્કારાઝે ૬-૨, ૭-૬(૬)થી વિજય મેળવી વર્ષનો અંત યાદગાર બનાવ્યો હતો.

ગયા વર્ષે આ જ ટુર્નામેન્ટની ફાઇનલમાં સિનર સામે હારનો સામનો કરનાર અલ્કારાઝ માટે આ જીત ખાસ મહત્ત્વ ધરાવે છે. આ વખતે તેણે કોઈ ભૂલ કર્યા વિના ટાઇટલ પોતાના નામે કર્યું છે. ખાસ વાત એ છે કે આ મુકાબલામાં તેણે બીજા સેટના ટાઇબ્રેકરમાં ત્રણ સેટ પોઇન્ટ બચાવીને મેચ જીતી હતી. એટલે કે એક તબક્કે સેટ ગુમાવવાની સ્થિતિમાં પહોંચ્યા પછી પણ તેણે અસાધારણ માનસિક મજબૂતી બતાવી હતી.



આ વિજય સાથે અલ્કારાઝે ટેનિસના ઇતિહાસમાં પોતાનું નામ વધુ એક વિશિષ્ટ યાદીમાં સામેલ કર્યું છે. આ વર્ષે તેણે ઓસ્ટ્રેલિયન ઓપન જીતીને માત્ર ૨૩ વર્ષની ઉંમરે ચારેય ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ જીતવાની સિદ્ધિ મેળવી હતી. હવે ATP ફાઇનલ્સનો ખિતાબ જીતતાં તે ચારેય ગ્રાન્ડ સ્લેમ અને ATP ફાઇનલ્સ બંને જીતનારા ઇતિહાસનો ચોથો ખેલાડી બન્યા છે.

આ પહેલાં આ સિદ્ધિ આન્દ્રે અગાસી, રોજર ફેડરર અને નોવાક જોકોવિચના નામે હતી.

ટુર્નામેન્ટમાં જીતવા બદલ તેને ૫૧.૭૧ લાખ ડોલરનું વિજેતા ઇનામ પણ મળ્યું છે.

અલ્કારાઝે ફાઇનલમાં ઝવેરેવને ૬-૨,૭-૬(૬)થી પરાજય આપ્યો

યુનાઇટેડના નવા મેનેજર પોચેટીનોની પહેલી મેચમાં જ હાર

ઇંગ્લિશ પ્રિમિયર લીગ : લિવરપુલે માંચેસ્ટર યુનાઇટેડને ૪-૦થી પરાજય આપ્યો

એનફિલ્ડ, તા. ૨૩

ઇંગ્લિશ પ્રીમિયર લીગમાં હાઇ-વોલ્ટેજ મુકાબલામાં લિવરપૂલે પોતાના પરંપરાગત હરીફ માંચેસ્ટર યુનાઇટેડને ૪-૦થી હરાવીને શાનદાર વિજય નોંધાવ્યો હતો. મેચની આઠમી મિનિટે જ ડિફેન્ડર લેની યોરોને રેડ કાર્ડ મળતાં યુનાઇટેડની મુશ્કેલીઓ વધી ગઈ હતી.

આ ફાઉલ બદલ મળેલી ફ્રી-કિકનો લિવરપૂલે તરત જ લાભ લીધો હતો. સોબોસ્લાઇએ દસમી મિનિટે શાનદાર લો શોટ ફટકારીને બોલને ગોલપોસ્ટમાં પહોંચાડ્યો હતો. આમ લિવરપૂલે ૧-૦ની સરસાઈ મેળવી હતી.

હજુ માંચેસ્ટર યુનાઇટેડ આ આઘાતમાંથી બહાર આવ્યું નહોતું ત્યાં



૧૩મી મિનિટે ફ્લોરિયન વિર્ટ્ઝે બીજો ગોલ નોંધાવ્યો હતો.

૧૭ વર્ષીય રિયો ન્ગુમોહાએ ૬૬મી મિનિટમાં ત્રીજો ગોલ કરીને માંચેસ્ટર યુનાઇટેડની વાપસીની આશા લગભગ સમાપ્ત કરી દીધી હતી.

મેચની ૮૨મી મિનિટે અવેજી ખેલાડી તરીકે મેદાનમાં આવેલા વિક્ટર મુનોઝે ચોથો ગોલ નોંધાવ્યો હતો.

માંચેસ્ટર યુનાઇટેડના નવા મેનેજર મૌરિસિયો પોચેટિનો માટે આ પ્રથમ મેચ હતી જેમાં તેણે પરાજય સહન કર્યો હતો.

આઠમી મિનિટમાં યોરોને રેડ કાર્ડ મળ્યું તે યુનાઇટેડને ભારે પડ્યું

નેપાળને કુદરતી આફતો વખતે ભારતે મદદ કરીઃ બાલેન શાહ

ભારત નેપાળને રૂ.૧૫,૦૦૦ કરોડ ફાળવશે અને આઈઆઈટી સ્થાપશે

(પીટીઆઈ) નવી દિલ્હી,તા.૨૩

પીએમ મોદીએ નેપાળના પીએમ બાલેન્દ્ર શાહ સાથે વ્યાપક ચર્ચાવિચારણા કર્યા પછી ભારતીય રુપિયામાં ૧૫,૦૦૦ કરોડનું પેકેજ નેપાળને આપવાની જાહેરાત કરી છે. તેની સાથે ઉત્તરપ્રદેશના અયોધ્યાથી નેપાળના જનકપુર ધામ વચ્ચે રેલ્વે ટ્રેન દોડાવવાની પણ જાહેરાત કરી છે.

ઉત્તરપ્રદેશના અયોધ્યાથી નેપાળના જનકપુર ધામ વચ્ચે રેલ્વે ટ્રેન દોડાવવાની પણ જાહેરાતઃ સાંસ્કૃતિક આદાનપ્રદાન વધશે

બંને નેતાઓએ નેપાળમાં ભારતની સહાયતાવાળી કેટલીક યોજનાઓનો પ્રારંભ પણ કર્યો છે. તેની સાથે નેપાળમાં આઈઆઈટી સ્થાપવાની જાહેરાત પણ કરવામાં આવી છે. પીએમ મોદીએ જણાવ્યું હતું કે નેપાળ વગર અમારા ધામ પણ અધૂરા અને રામ પણ અધૂરા છે.બાલેન શાહે પણ જણાવ્યું હતું કે નેપાળને મદદ કરવામાં ભારત અગ્રેસર છે.

આ ઉપરાંત બંને પીએમએ બંને દેશ વચ્ચેના સંબંધ નવી ઊંચાઈએ લઈ જવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. તેની સાથે બંને દેશ વચ્ચેના સંબંધ હિમાલય જેવા અડીખમ અને સમુદ્ર જેવા ઊંડા છે તેમ જણાવ્યું હતું. બાલેન શાહે જણાવ્યું હતું કે આધારભૂત અને વિશ્વસનીય ભાગીદાર તરીકે ભારત હંમેશા નેપાળ માટે ઊભુ રહ્યુ છે. નેપાળની દરેક કુદરતી આફતોમાં ભારતે હંમેશા સાથ આપ્યો છે.

અપીલોને બે શ્રેણીમાં વહેંચવાનો નિર્દેશ

મતદાર યાદીમાંથી નામ કપાયા હોય એમની અપીલ પહેલા સાંભળો : સુપ્રીમ

નવીદિલ્હી,તા.૨૩

સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળ સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર-'સર') ને લગતી અપીલોની સુનાવણી કરતી ટ્રિબ્યુનલોને અપીલોને બે શ્રેણીમાં વહેંચવાના નિર્દેશ સાથે સૂચના આપી છે કે તેઓ મતદાર યાદીમાંથી નામ દૂર કરવાની કામગીરીને પડકારતી અરજીઓને પ્રાથમિકતા આપે, જયારે નામ ઉમેરવાની કામગીરીને પડકારતી અરજીઓની સુનાવણી હમણાં મોકૂફ રાખે.

પશ્ચિમ બંગાળમાં 'સર' સાથે જોડાયેલી ટ્રિબ્યુનલો વધારવા પણ સુપ્રીમનું સૂચન

દેશના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાન્ત, ન્યાયમૂર્તિ જોયમાલ્ય બાગચી અને ન્યાયમૂર્તિ વી. મોહનાની ખંડપીઠે સોમવારે આ આદેશની સાથે, ચૂંટણી પંચને કલકત્તા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સાથે વિચારણા કરી પશ્ચિમ બંગાળમાં 'સર' સાથે સંકળાયેલી ટ્રિબ્યુનલોની સંખ્યા વધારવા માટે પણ જણાવ્યું.

સુપ્રીમ કોર્ટે ટ્રિબ્યુનલોને જણાવ્યું કે મતદાર યાદીમાંથી નામ હટાવવાની કામગીરીને પડકારનારી અપીલોને, યાદીમાં નામ ઉમેરવાની કામગીરીને પડકારનારી અપીલોથી અલગ કરવામાં આવે તથા નામ હટાવવા સંબંધી અરજીઓને પ્રાથમિકતા આપે, ખાસ કરીને એ વિધાનસભા ક્ષેત્રોમાં, જ્યાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી યોજાવાની છે. ખંડપીઠે ચૂંટણી પંચને કોલકાતાના વિભિન્ન સ્થળોએ યોગ્ય સ્થળો નક્કી કરવા પણ સૂચના આપી, કે જેથી ટ્રિબ્યુનલો સુધી સહેલાઈથી પહોંચી શકાય અને પડતર અપીલોનો જલદીથી નિકાલ થઈ શકે.

કોલકાતા નગર નિગમના અધિકાર-ક્ષેત્રોમાં આવતા મતદારો સાથે સંબંધિત અપીલોને પ્રાથમિકતા અપાવી જોઈએ, એમ ખંડપીઠે કહ્યું. સુપ્રીમ કોર્ટ મતદાર યાદીઓના 'સર' સાથે સંકળાયેલી ફરિયાદોની સુનાવણી માટે ગઠિત ટ્રિબ્યુનલો સામે પડતર અપીલોના નિકાલની પ્રક્રિયાને સુવ્યવસ્થિત અને ઝડપી કરવાના ઉપાયોના અનુરોધને લગતી અરજીઓની સુનાવણી કરી રહી હતી.

રશિયામાં ભારતીય ગગનયાત્રીઓની તૈયારીઓ



ભારતના પહેલા માનવ અંતરિક્ષ મિશન 'ગગનયાન'ની તૈયારી હવે વધુ રસપ્રદ તબક્કામાં પહોંચી છે. રશિયામાં ટ્રેનિંગ લઈ રહેલા ભારતીય અવકાશયાત્રીઓનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઇરલ થયો છે. તેમાં અવકાશયાત્રીઓ વિમાનની અંદર હવામાં તરતા, ગોળ-ગોળ ફરતા અને હવામાં જ ઊંધા-ચત્તા થતા જોવા મળે છે. પૃથ્વી પર ગુરુત્વાકર્ષણ બળ ઓછું હોય ત્યારે શરીરની હિલચાલ કેવી હોય છે તેનો અનુભવ કરાવવા માટે આ સ્પેશિયલ ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. ચંદ્ર અને મંગળ પર પૃથ્વી કરતાં ગુરુત્વાકર્ષણ બળ ઘણું ઓછું છે. પૃથ્વી પર કોઈ વ્યક્તિનું વજન ૬૦ કિલો હોય તો ચંદ્ર પર તેનું વજન અંદાજે ૧૦ કિલો જેટલું અને મંગળ પર લગભગ ૨૩ કિલો જેટલું હશે. ચંદ્રનું ગુરુત્વાકર્ષણ પૃથ્વીના આશરે છઠ્ઠા ભાગ જેટલું છે, જ્યારે મંગળનું આશરે ૩૮ ટકા છે. આવા વાતાવરણમાં ચાલવું, કૂદકો મારવો, શરીરનું સંતુલન જાળવવું અને સાધનોનો ઉપયોગ કરવો પૃથ્વી કરતાં અલગ હોય છે. તેથી અવકાશયાત્રીઓને અગાઉથી આ પરિસ્થિતિનો અનુભવ કરાવવામાં આવે છે.

ગ્રાહકો બ્રાન્ચ, એટીએમ, ઈન્ટરનેટ કે મોબાઈલ બેન્કિંગ દ્વારા કોઈપણ ડિજિટલ ચેનલ ચાલુ કે બંધ કરી શકશે

પોતાના ખાતામાં ડિજિટલ ટ્રાન્ઝેક્શન કરવાની ક્ષમતા ન ધરાવતા ખાતેદારો માટે રીઝર્વ બેન્ક 'ટ્રસ્ટેડ પર્સનની વ્યવસ્થા દાખલ કરશે

ડિજિટલ બેન્કિંગમાં

(પહેલા પાનાનું ચાલુ)

ટ્રાન્ઝેક્શન્સમાં વધી રહેલી છેતરપિંડીને અટકાવવા માટે ૨૩ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ મહત્વપૂર્ણ ડ્રાફ્ટ સુધારાનો નિર્દેશો આપીને ખાતેદારો સાથે થતાં ફ્રોડ ઓછા કરવાનો પ્રયાસ કર્યો છે. આ પ્રસ્તાવો રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ કોમર્શિયલ બેન્ક્સ માટે લાગુ કરવાનો નિર્ણય કર્યો છે. આ ફેરફારો રિસ્પોન્સિબલ બિઝનેસ કન્ડક્ટની વ્યવસ્થામાં પાંચમો સુધારો દાખલ કરતા આદેશ ૨૦૨૬ હેઠળ ૨જૂ કરવામાં આવ્યા છે.

આ સુધારો કોમર્શિયલ બેન્કો, સ્મોલ ફાઈનાન્સ બેન્કો, પેમેન્ટ્સ બેન્કો, રિજનલ રૂરલ બેન્કો, લોકલ એરિયા બેન્કો અને શહેરી તથા ગ્રામીણ સહકારી બેન્કોને લાગુ પડશે.

યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ, મર્ચન્ટ પેમેન્ટ્સ અને સ્ટેન્ડિંગ ઈન્સ્ટ્રક્શન, ઈ-મેન્ડેટ કે એનએસીએચના માધ્યમથી કરવામાં આવતા રિકરિંગ પેમેન્ટ્સ આ વ્યવસ્થામાં આવરી લેવાયા નથી. અગાઉ એપ્રિલ ૨૦૨૬ના ચર્ચાપત્રમાં ૭૦ વર્ષથી વધુ વયના ગ્રાહકો માટે વિચારાયેલી આ સુવિધા હવે તમામ ખાતેદારો માટે પ્રસ્તાવિત છે, જ્યારે ફરજિયાત એક કલાકના કૂલિંગ પિરિયડનો વિકલ્પ પડતો મૂકીને ગ્રાહક-નિયંત્રિત વિકલ્પ પસંદ કરાયો છે.

નવું ખાતું ખોલતી વખતે તમામ ડિજિટલ પેમેન્ટ ચેનલો ડિફોલ્ટ રૂપે બંધ રાખવી પડશે અને ગ્રાહકની સ્પષ્ટ સંમતિ તથા ઓથેન્ટિકેશન બાદ જ શરૂ થશે. નવી શરૂ થયેલી ચેનલ પર પ્રથમ ૨૪ કલાક માટે જોખમ આધારિત પ્રારંભિક ટ્રાન્સફર મર્યાદા રહેશે.

ગ્રાહકો બ્રાન્ચ, ઓટો ટેલરિંગ મશીન-એટીએમ, ઈન્ટરનેટ કે મોબાઈલ બેન્કિંગ દ્વારા કોઈપણ ડિજિટલ ચેનલ ચાલુ કે બંધ કરી શકશે, પ્રતિ વ્યવહાર, પ્રતિ લાભાર્થી અને દૈનિક મર્યાદા નક્કી કરી શકશે, ચોક્કસ સમયગાળા માટે ચેનલ બ્લોક કરી શકશે તેમજ ડેબિટ, ક્રેડિટ અને પ્રીપેડ કાર્ડના સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ઉપયોગ પર નિયંત્રણ રાખી શકશે.

તેની સાથે જ બેન્કની 'બેદરકારીદ ની વ્યાખ્યા વિસ્તૃત કરી દેવામાં આવી છે. નવી વ્યાખ્યા હેઠળ બેન્કે મલ્ટી-ફેક્ટર ઓથેન્ટિકેશન ન આપવું પડશે. તેમાં ફરજિયાત એલર્ટ ન મોકલવા, ચોવીસે કલાક અને સાતેય દિવસ ફરિયાદ ચેનલ ન રાખવી, ફરિયાદ પર ત્વરિત પગલાં ન લેવા, નિયંત્રણો કે ટ્રસ્ટેડ પર્સન વ્યવસ્થાનો અમલ ન કરવો, સિસ્ટમ ખામી, સુરક્ષા ભંગ અથવા સ્ટાફ, થર્ડ-પાર્ટીની મિલીભગતનો સમાવેશ થાય છે.

ચીનનું ૧૦૦

(પહેલા પાનાનું ચાલુ)

હતુ. આ જહાજ બેલવાનમાં રિફ્યુલિંગ માટે રોકાયું હતું.

ઈન્ડોનેશિયન નૌકાદળને તેની હિલચાલ શંકાસ્પદ લાગતા તેને ચકાસવાનો નિર્ણય લીધો.

ઈન્ડોનેશિયન નેવીના રિજનલ કોમરેડ એડમિરલ ડેની સેપ્ટિયાનાએ આ જપ્ત કરેલા જહાજની વિગતો આપી હતી.નૌકાદળના પેટ્રોલ વેસલ કેઆરઆઈ સિગલુ-૮૫૭એ નિર્ધારિટ રુટથી અલગ રુટે જતાં આ જહાજને

શંકાસ્પદ જહાજની ચકાસણી દરમિયાન દસ્તાવેજોમાં પણ વિસંગતતા જણાઈ

શંકાસ્પદ જહાજ ચીનથી નીકળીને બાંગ્લાદેશ જતું હતું

શંકાસ્પદ સ્થિતિમાં ફરતું જોયું હતું. પેટ્રોલિંગ ટુકડીએ ચકાસણી માટે જહાજનો સંપર્ક કર્યો હતો. તેના પછી ચકાસણી દરમિયાન તેના દસ્તાવેજો અને કાર્ગોમાં વિસંગતતા જોવા મળતાં તેને જપ્ત કરવામાં આવ્યું હતું.

ઈન્ડોનેશિયન નૌકાદળ મુજબ આ જહાજ કુલ ૧૬ કન્ટેનર લઈને જઈ રહ્યું હતું. તેમા ૧૫ તો સોડિયમ પરક્લોરેટના હતા. તેનો કુલ જથ્થો ૪૦૫ ટનનો હતો. આ કેમિકલ ઈન્ડસ્ટ્રીયલ એપ્લિકેશન્સ ધરાવતું સ્ટ્રેટેજિક ઓક્સીડાઈસિંગ એજન્ટ છે. તેનો ઉપયોગ રોકેટના ઉત્પાદનમાં અને મિસાઈલ પ્રોપેલન્ટ બનાવવા કરી શકાય છે. રીયર એડમિરલ ડેનીએ જણાવ્યું હતું કે જપ્ત કરવામાં આવેલા જથ્થામાંથી કમસેકમ ૧૦૦ મિસાઈલ સરળતાથી બનાવી શકાય છે.

નૌકાદળે આ ઉપરાંત ૫૪ પેલેટ્સ પણ જપ્ત કરી હતી, તેમા લાખોની સંખ્યામાં અનરજિસ્ટર્ડ ફોર-જી એલટીઈ બ્લેન્ક સિમકાર્ડ હતા. આ જહાજ ચીનના લિયાનયુગાંગ બંદર પરથી બાંગ્લાદેશના મોંગલા પોર્ટ પર જવા નીકળ્યું હતું. તે ૮મી નવેમ્બરના રોજ મોંગલા પહોંચવાનું હતું, પરંતુ તેણે ઈન્ડોનેશિય સમુદ્રમાં અનશેડ્યુલ્ડ સ્ટોપ લીધું હતું. આ કાર્ગોના આયાતકારની ઓળખ હજી સુધી પ્રસ્થાપિત થઈ નથી. આ જહાજ બાંગ્લાદેશ પહોંચે તે પહેલા જ તેને આંતરી લેવાયું છે. આ જહાજના દસ્તાવેજોમાં પણ વિસંગતતા જોવા મળી છે. તેના દસ્તાવેજો ૮ ઓક્ટોબર ૨૦૨૭ સુધી અધિકૃત હતા, પરંતુ તેની અધિકૃતતાનો દરજ્જો સસ્પેન્ડેડ બતાવે છે. હવે જહાજનો એડમિનિસ્ટ્રેટિવ રેકોર્ડ ચકાસાઈ રહ્યો છે. તેની નેવિગેશન પરમિટની અધિકૃતતાની અને જોખમી માલસામગ્રીનું પરિવહન કરવાની તેને છૂટ છે કે નહીં તેની ચકાસણી થઈ રહી છે.

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

પક્ષના સાંસદોને તોડવાની કોશિષ કરે છે.

શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના નેતા સંજય રાઉતનો દાવો છે કે, સરકાર પાસે જરૂરી આંકડા નહીં હોવાથી એનડીએ શિયાળુ સત્રને ટાળી રહી છે. સાંસદોને ખરીદવા માટે ૧૫૦ કરોડ રૂપિયાની રકમ નક્કી કરવામાં આવી છે. આ કામ માટે મહારાષ્ટ્ર સરકારના એક મંત્રીને સક્રિય કરવામાં આવ્યા છે. સરકાર જીદ અને ઘમંડ પર ઉતરી આવી છે.

રાહુલે ભાજપ અને આરએસએસને અસંસ્કારી કહ્યા

રાહુલ ગાંધીએ સોશ્યલ મીડિયા પર એક તસવીર શેર કરી છે. મહારાષ્ટ્રની એલીફન્ટ કોતરોમાંની અર્ધનારીશ્વરની મૂર્તિની તસવીર રાહુલે શેર કરી છે જે આશરે ૧૫૦૦ વર્ષ જૂની છે. રાહુલે પોસ્ટમાં લખ્યું છે કે તેઓ ભારતની આધ્યાત્મિક અને ધાર્મિક ભાવનાઓને સમજી રહ્યા છે. ભાજપ અને આરએસએસ અસંસ્કારી, લોભી, જાતીવાદી અને પુરુષ પ્રધાન છે. તેમને આપણી આધ્યાત્મિક અને ધાર્મિક પરંપરાઓની સમજણ નથી. આ પહેલા રાહુલે શિવ-પાર્વતીની તસવીર શેર કરી હતી જેમાં પાર્વતી ભગવાન શિવના ખોળામાં બેઠા હતા. 'જમતી વખતે મારી માતા, પિતાની ગોદમાં બેસતા હતા.' જેવા નિવેદન પછી રાહુલ ગાંધી ટ્રોલ થયા હતા અને એમણે શિવ-પાર્વતીની તસવીર શેર કરી હતી.

ચંદ્રશેખર આઝાદએ ૯ વિધાનસભા પ્રભારીઓની યાદી બહાર પાડી

ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી ૨૦૨૭ની તૈયારી શરૂ થઈ ગઈ છે. આઝાદ સમાજ પાર્ટીએ વિધાનસભા પ્રભારીઓની ચોથી યાદી બહાર પાડી છે. ભવિષ્યમાં આ પ્રભારીઓના નામોની જાહેરાત ઉમેદવાર તરીકે થશે. ચોથી યાદીમાં છ વિધાનસભા બેઠકોના પ્રભારીઓના નામ જાહેર કરવામાં આવ્યા છે. આમાંથી ત્રણ ઓબીસી, એક મુસ્લિમ અને બે એસસી જ્ઞાતિના છે. હાથરસ સદર બેઠક પરથી રમેશ ચંદ્રને પ્રભારી બનાવવામાં આવ્યા છે. આગ્રાની એત્માડપુર બેઠક પર પ્રભારી તરીકે રીંકુ શેઠને નિમવામાં આવ્યા છે. શાહજહાપુરની કટરા બેઠકના પ્રભારી સલીમ ચાંદ ઉર્ફ ચાંદબુબા બન્યા છે. એજ રીતે શાહજહાપુર સદર બેઠક પરથી હરીરામ વર્માને પ્રભારી બનાવવામાં આવ્યા છે. ગોંડાની કર્નલગંજ વિધાનસભા બેઠક પર ઉષા દેવી નિષાદ અને ગોરખપુરની પીપરાઇચ બેઠક પરથી વિજય શાહની પ્રભારી રહેશે. ચંદ્રશેખર આઝાદની પાર્ટીએ ઓવૈસીની પાર્ટી સાથે ગઠબંધન કર્યું છે. ૨૦૨૨ની ચૂંટણીમાં આઝાદ સમાજ પાર્ટીને એક પણ બેઠક મળી નહોતી.

પંજાબમાં ચૂંટણી પહેલા નવુ ગઠબંધન

પંજાબમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પહેલા નવુ ગઠબંધન બની રહ્યું છે. જેલમાં કેદ સાંસદ અમૃત પાલના પક્ષ અકાલી દળ -વારીસ પંજાબ દે, શીરોમણી અકાલી દળ (પુનરસુરજીત) અને બહુજન સમાજ પાર્ટીનું ગઠબંધન થશે. આ માટે ફરીદ કોર્ટ ખાતે અકાલી દળ (પુનરસુરજીત)ના પ્રમુખ જ્ઞાની હરપ્રિત સિંહ અને બસપા પ્રદેશ પ્રમુખ અવતાર સિંહ કરીમપુરીની મીટીંગ થઈ હતી. બસપા અને અમૃત પાલના પક્ષો પહેલેથી જ ગઠબંધન માટે રાજી છે. અકાલી દળ પુનરસુરજીત ફરીદ કોર્ટના સિનિયર નેતા અમનીંદર સિંહ બન્નીએ બસપા સાથે મળીને વિધાનસભા ચૂંટણી લડવાની તૈયારી કરવાની વાતને સમર્થન આપ્યું છે. આ ત્રણે પક્ષના ગઠબંધનને કારણે સ્થાનિક વિરોધીઓને ટક્કર આપવામાં સરળતા રહેશે. સાંસદ અમૃત પાલના પક્ષનો મજબૂત આધાર ૨૫ બેઠકોવાળા માઝા વિસ્તારમાં છે. ત્યાં બસપાની કોર વોટબેંક દલીત છે જેનું વર્ચસ્વ ૨૩ બેઠકો પર છે.

ક્રિકેટર ચહલ માટે રાજકારણમાં સફળ થવું અતિ મુશ્કેલ

ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ ઉગતા સુરજને નમન કરે એ રીતે ભાજપમાં જોડાઈ ગયા છે. એમને પક્ષની નવી નેશનલ ઓબીસી મોરચા કાર્યકારણીમાં સ્થાન પણ મળ્યું છે. ચહલને આ કાર્યકારણીમાં ખાસ આમંત્રીત બનાવવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશથી રાજ્યસભાના સભ્ય અમર પાલ મોર્યના કહેવાથી તેઓ ભાજપમાં જોડાયા છે. અમરપાલ ઓબીસી મોર્ચાના રાષ્ટ્રીય પ્રમુખ છે. થોડા દિવસો પહેલા ભાજપએ ભૂતપૂર્વ ક્રિકેટર હરભજન સિંહને પંજાબ વિધાનસભા ચૂંટણીની જવાબદારી સોંપી હતી. યુઝવેન્દ્ર ચહલ કયારે પણ લોકપ્રિય ક્રિકેટર રહ્યા નથી. એમનાથી વધુ લોકપ્રિય ક્રિકેટરો વિરેન્દ્ર સહેવાગ, યુવરાજ સિંહ કે મહેન્દ્ર સિંહ ધોનીએ પણ રાજકારણથી દુર રહેવાનું પસંદ કર્યું છે. રાજકારણમાં ફક્ત તમે ભૂતપૂર્વ ક્રિકેટર હો એટલે સફળતા મળી જતી નથી.

ધનરાજ હત્યાકાંડ માટે ત્રણ ભાજપ-આરએસએસના કાર્યકરો દોષિત

કેરળની એક સ્થાનીક કોર્ટે ૨૦૧૬માં પયનનુરમાં સીપીઆઈ(એમ) નેતા સીવી ધનરાજની હત્યા કેસમાં ત્રણ ભાજપ -આરએસએસ કાર્યકરોને દોષિત જાહેર કર્યા છે. જ્યારે બીજા ૧૬ આરોપીઓને છોડી દીધા છે. તલિપમ્બાના કોર્ટના ન્યાયાધીશ કે એન પ્રશાંતએ ટી પી બીજુ (૩૪), એમ વી પીન (૩૪) અને એમ વૈશાખ (૩૧)ને ગુનેગાર જાહેર કર્યા છે. એજી માલાના સીપીઆઈ(એમ) શાખાના મંત્રી ધનરાજની હત્યા ૧૧મી જુલાઈ ૨૦૧૬માં થઈ હતી. એ વખતે તેઓ રમંથલીમાં પોતાના ઘરે પરત આવી રહ્યા હતા. ફરિયાદ પક્ષ પ્રમાણે હુમલો કરનારાઓનું ટોળુ મોટરસાઈકલ પર એમનો પીછો કરી રહ્યું હતું. ધનરાજના ઘર નજીક આ ટોળાએ ધારદાર હથિયારોથી એમના પર હુમલો કર્યો હતો અને એમની માતા અને પત્ની સામે જ એમને કાપી નાખ્યા હતા.

'કેરળના વિકાસ પર ધ્યાન આપો, રાજકીય ઝઘડા છોડો'

કેરળના તિરુવનંતપુરમના કોંગ્રેસી સાંસદ શશી થરૂરએ પોતાના પક્ષના જ નેતાઓને સલાહ આપી છે. એમની સલાહ છે કે, કોંગ્રેસના તમામ નેતાઓએ વિકાસ પર ધ્યાન આપવું જોઈએ. રાજ્યના વિકાસની સમસ્યા મોટી છે. આવા સમયે રાજકીય ઝઘડામાં સમય બરબાદ કરવો જોઈએ નહીં. થરૂરે કહ્યું હતું કે, 'મારા સાથીઓ, તમને મારી સલાહ છે કે, કામ પર પુરુ ધ્યાન આપો. અમારી સામે વિકાસની મોટી સમસ્યા છે. હમણા પરિસ્થિતિ એવી છે કે રાજ્ય લગભગ દેવાળુ ફુકવાની તૈયારીમાં છે. આનું કારણ અગાઉની સામ્યવાદી સરકારની ગંભીર બેદરકારી અને નિષ્ફળતા છે. કેરળની આર્થિક સ્થિતિને અગાઉની સરકારે ખૂબ નુકસાન કર્યું છે. આપણે આગળ આવવું પડશે. મૂડી રોકાણ લાવવું પડશે. મૂડી રોકાણમાં જે નિયમો બંધક બને છે એ દુર કરવા પડશે.

યુરોપ અને

(પહેલા પાનાનું ચાલુ)

ઠંડા રાખવા મોટો પડકાર છે.

વિજ્ઞાનીઓ આ મિશનને ઓછામાં ઓછું એક પૃથ્વી વર્ષ ચાલુ રાખવાની આશા રાખે છે, જે બુધના ચાર વર્ષ જેટલું છે. અગાઉ નાસાનું મેરિનર-૧૦ ત્રણવાર બુધ પાસેથી પસાર થયું હતું, જ્યારે મેસેન્જર ૨૦૧૧માં તેની કક્ષામાં પહોંચ્યું હતું અને ૨૦૧૫માં ગ્રહ સાથે અથડાયું હતું. બુધ વિશે મર્યાદિત માહિતી ઉપલબ્ધ હોવાથી કોલંબો મિશન ભવિષ્યના સંશોધન માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે.

પબ્લિક - ઓફિસમાં

(પહેલા પાનાનું ચાલુ)

એકાઉન્ટ સુધી ગેરકાયદે પહોંચ બનાવી શકાય છે.

કોઈ સાયબર અપરાધી તમારા વોટ્સએપ એકાઉન્ટનો ઉપયોગ કરીને તમારા મિત્રો, સંબધીઓ અને સહકર્મીઓને મેસેજ મોકલી શકે છે. તે પોતાને તમારો પરિચિત બતાવી નાણા મંગાવી શકે છે અથવા કોઈ બનાવટી લિંક કે મેસેજ દ્વારા લોકો સાથે છેતરપિંડી કરવાનો પ્રયત્ન કરી શકે છે.

તેથી આઈફોરસીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે કાર્ય પૂર્ણ થયા પછી દર વખતે વોટ્સએપ વેબમાંથી મેન્યુઅલી લોગઆઉટ કરવામાં આવે. ફક્ત ટેબ કે બ્રાઉઝર વિન્ડો બંધ કરી કોમ્પ્યુટર પરથી ઉભા થઈ જવું સુરક્ષિત રીત નથી.

નાસ્ડાકમાં

(પહેલા પાનાનું ચાલુ)

પણ કડાકો બોલતા તે લગભગ ચાર ટકા તૂટ્યા હતા. બ્રેન્ટ ક્રૂડ ૯૦ ડોલરથી પણ નીચે ઉતરીને ૮૯ ડોલરથી પણ નીચે ઉતરી ગયુ હતુ અને ડબલ્યુટીઆઈ ક્રૂડ પણ ૮૩ ડોલરથી ઘટીને ૮૦ ડોલરની આસપાસ રહેતા અમેરિકન શેરબજારમાં જબરદસ્ત તેજી જોવા મળી હતી.

હુઆંગના પરત ફરવાના લીધે એનવિડિયાની આગેવાની હેઠળ અગાઉના બંધ ૨૨,૬૧૭.૧૩ સામે સાત ટકા એટલે કે ૧,૫૦૦થી પણ વધુ પોઈન્ટ વધીને ૨૪,૩૫૪ની ટોચે પહોંચીને હાલમાં ૨૪,૦૦૦ની આસપાસ ચાલી રહ્યો છે. એનવિડિયાના શેરે ૩૩ ટકાનો ઉછાળો નોંધાવતા ૧૬૭ ડોલરની ટોચ બનાવી હતી.

આ ઉપરાંત સોનાએ લગભગ ૧૫૦ ડોલરથી પણ વધુનો ઉછાળો નોંધાવતા પ્રતિ ઔંસ ૩,૬૫૦ ડોલરની સપાટી વટાવી હતી. સોનું પણ ચાર ટકાથી વધારે ઉછળ્યું છે.

હવામાન સ્થિતિ, સુરક્ષા ઉપાયોને ધ્યાનમાં રાખી નિર્ણય લેવાયો

અમેરિકન સેના આયોવામાં પાંચ ટન વિસ્ફોટકોનો નાશ કરશે

નવી દિલ્હી, તા. ૨૩

અમેરિકન સેનાએ આયોવા સ્થિત એક સૈન્ય દારૂ ગોળા પ્લાન્ટમાં લગભગ પાંચ ટન અસ્થિર લીડ એઝાઇડને નિયંત્રિત રીતે નષ્ટ કરવાની પ્રક્રિયા બુધવાર માટે પુનર્નિર્ધારિત કરી છે.

આ માટે હવામાનની સ્થિતિ અને સુરક્ષા ઉપાયોનું કારણ દર્શાવવામાં આવ્યું છે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે પર્યાવરણ જૂથોએ આ અભિયાનને કોર્ટમાં પડકાર્યો છે.

સેના પર્યાવરણીય મંજૂરી વગર આગળ વધવા માટે ઇમરજન્સી જોગવાઇઓનો ઉપયોગ કરવા માંગે છે. એક પોસ્ટમાં સેનાએ જણાવ્યું હતું કે મિડલટાઉન સ્થિત આયોવા આર્મી એમ્યુનિશન પ્લાન્ટમાં વિસ્ફોટકોનો નાશ કરવાનું કાર્ય હવે બુધવારે કરવામાં આવશે જેથી હવામાનની સ્થિતિ અનુકૂળ રહે અને તમામ સુરક્ષા ઉપાયો અમલમાં મૂકી શકાય.

નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે સેના અને અમારા સહયોગી વિભાગ આ ક્ષેત્રમાં તમામ અમેરિકનોની સુરક્ષા માટે રાત દિવસ કાર્ય કરી રહ્યાં છે.

તમામ અમેરિકનોનું આરોગ્ય અમારી પ્રથમ પ્રાથમિકતા રહી છે અને રહેશે.

આ અભિયાન મૂળ સ્વરૂપે શુક્રવારે માટે નક્કી કરવામાં આવ્યું હતું પરંતુ પ્રજાની ચિંતાઓ અને કાયદાકીય કાર્યવાહીને કારણે તેને અનેક વખત ટાળવું પડ્યું હતું.

આ અગાઉ સેનાએ ગુરૂવારે જાહેરાત કરી હતી કે વિસ્ફોટકો નાશ કરવાનું કાર્ય ૨૩ નવેમ્બર સોમવારે કરવામાં આવશે.

જેન્સેન હુઆંગ મહાન દેશભક્ત, રાષ્ટ્રીય સુરક્ષાને કોઈ જોખમ નથી : ટ્રમ્પે એનવિડિયાનો નિર્ણય આવકાર્યો

જેન્સેન હુઆંગની

(પહેલા પાનાનું ચાલુ)

હતો. હુઆંગ અને અમેરિકન સરકારના વરિષ્ઠ અધિકારીઓ વચ્ચે મંત્રણાના પગલે બોર્ડે તાત્કાલિક અસરથી તેમની પુનઃ નિમણૂકને મંજૂરી આપી છે. બોર્ડે જણાવ્યું હતું કે તેમને હુઆંગે આપેલી સમજૂતીથી સતોષ થયો છે અને કંપનીને દોરી જવાની તેમની ક્ષમતામાં તેમને વિશ્વાસ છે.

કંપનીના બોર્ડે જણાવ્યું હતું કે અમેરિકન સરકારી અધિકારીઓ પાસેથી મળેલી માહિતીના આધારે તેમને વિશ્વાસ બેઠો છે કે હુઆંગના પરત ફરવાથી રાષ્ટ્રીય સુરક્ષા પર કોઈ જોખમ નહીં સર્જાય. હુઆંગના પરત ફરવાના કારણ એનવિડિયાનો શેર ૩૨ ટકા જેટલો ઉછળ્યો હતો. આ શેર હુઆંગની કબૂલાત પછી લગભગ ૩૩ ટકા તૂટ્યો હતો. જ્યારે નાસ્ડાક સાત ટકાથી પણ વધુ ઉછળ્યો હતો.

એનવિડિયા બોર્ડના ચેરમેન હાર્વે સી જોન્સનું માનવું છે કે બોર્ડ માને છે કે જેન્સેન એનવિડિયાને દોરવા માટે યોગ્ય વ્યક્તિ છે. જોન્સ બોર્ડના ચેરમેન તરીકે જારી રહેશે. જ્યારે હુઆંગ સીઈઓ અને બોર્ડ ડિરેક્ટર તરીકેની કામગીરી શરૂ કરશે. જ્યારે વચગાળાના સીઈઓ તરીકે કામગીરી સંભાળનારા કોલેટ કેસ એનવિડિયાના ચીફ ફાઇનાન્સિયલ ઓફિસર તરીકેની તેમની અગાઉની ભૂમિકા પર પરત ફરશે. જો કે હુઆંગના પરત ફરવાનો અર્થ એવો નથી કે ફોરીન ઈન્ટેલિજન્સની તપાસ પૂરી થઈ ગઈ છે. એનવિડિયાએ જણાવ્યું હતું કે હુઆંગને ટાર્ગેટ કરવામાં આવ્યા છે તેની તપાસ કરવા માટે સ્વતંત્ર સમિતિ રચવામાં આવી છે. આ સમિતિ કોઈ તારણ પર પહોંચાય નહીં ત્યાં સુધી તેની તપાસ જારી રાખશે. સમિતિએ સમગ્ર પ્રક્રિયામાં મદદ કરવા સ્વતંત્ર વકીલની નિમણૂક કરી છે. કંપનીએ અલગ નેશનલ સિક્યોરિટી એન્ડ એક્સપોર્ટ કમિટીની રચના કરી છે. આ સમિતિ સ્વતંત્ર ડિરેક્ટરોની બનેલી છે. આ સમિતિ ટ્રેડ કોમ્પ્લાયન્સ અને રાષ્ટ્રીય સુરક્ષાને લગતા જોખમો પર ચાંપતી નજર રાખશે.

કંપની રાષ્ટ્રીય સુરક્ષાને લગતી બાબતોમાં અનુભવ ધરાવતા કાયદાકીય સલાહકારો લાવી રહી છે. કંપનીએ જણાવ્યું હતું કે તે આ કેસમાં લઈને ચાલતી સરકારી તપાસ અને ચકાસણીમાં સરકારને સતત સહયોગ આપતી રહેશે.

હુઆંગ બૈજિંગમાં હોવાની સંભાવના

અમેરિકા મેગાસ્પીડ અને એલિસ હુઆંગની તપાસ કરશે

વોશિંગ્ટન,તા.૨૩

અમેરિકાના ડિરેક્ટર ઓફ ઈન્ટેલિજન્સ જે ક્લેટોને જણાવ્યું હ

એક જ કસ્ટમર માટે બનાવવામાં આવેલી સુપરકાર...











દુનિયામાં એવા કરોડપતિઓ અને અબજોપતિઓ છે, જેમની પાસે મોંઘામાં મોંઘી સુપરકાર હોય છે. પરંતુ જ્યારે બજારમાં મળતી કોઈ કાર તેમની કલ્પના પ્રમાણેની ન હોય ત્યારે તેઓ કાર કંપનીને પોતાની પસંદગી મુજબ નવી કાર તૈયાર કરવાનો ઓર્ડર આપે છે. અમેરિકાની કંપનીએ આવા જ એક કસ્ટમર માટે તૈયાર કરેલી ખાસ કાર **Eximius 1** રજૂ કરી છે. આ કારમાં ૧,૧૯૫ હોર્સપાવર છે. તે માત્ર ૨.૭ સેકન્ડમાં લગભગ ૧૦૦ કિમીની સ્પીડ પકડી શકે છે. તેની અંદાજિત ટોપ સ્પીડ ૩૨૨ કિમીથી વધુ છે. **પેટ્રોલ એન્જિન અને બેટરીનો પાવર :** **Eximius 1**માં ૬.૨ લિટરનું વીટ પેટ્રોલ એન્જિન આપવામાં આવ્યું છે. આ એન્જિન ૫૫૦ હોર્સપાવર પેદા કરે છે. જ્યારે તેની બેટરીમાંથી ૬૪૫ હોર્સપાવર મળે છે. બંને મળીને કુલ ૧,૧૯૫ હોર્સપાવર આપે છે. આ પ્લગ-ઈન સિરીઝ હાઈબ્રિડ કાર છે. સામાન્ય હાઈબ્રિડ કારથી અલગ, આ સિસ્ટમમાં પેટ્રોલ એન્જિન જનરેટરની જેમ વીજળી ઉત્પન્ન કરવામાં મદદ કરે છે અને ઈલેક્ટ્રિક મોટર કારને આગળ ચલાવે છે. એટલે તેમાં પેટ્રોલ અને વીજળી બંનેની ટેકનોલોજીનો ઉપયોગ થાય છે. **કારના દરેક ખૂણામાં ખાસ ડિઝાઈન :** આ કારની બોડીમાં મોટા પ્રમાણમાં કાર્બન ફાઈબરનો ઉપયોગ થયો છે. આ મટિરિયલ મજબૂત હોવાની સાથે હળવું પણ હોય છે. તેના કારણે કારનું વજન ઘટાડવામાં અને પરફોર્મન્સ સુધારવામાં મદદ મળે છે. કાર સામાન્ય મોડલ કરતાં લગભગ ૫ સેમી વધુ પહોળી છે. તેમાં ૨૧ ઈંચનાં મેગ્નેશિયમ વ્હીલ્સ આપવામાં આવ્યાં છે, જે વજન ઘટાડવામાં મદદ કરે છે. પાછળની તરફ મોટું જીટી વિંગ અને ખાસ ડિફ્યુઝર લગાવવામાં આવ્યું છે. ટોપ સ્પીડે કારને રસ્તા પર સ્થિર રાખવામાં આ ડિઝાઈન મદદરૂપ બને છે.

Eximius 1 ની ટોપ સ્પીડ 322 કિમી છે : તે 0 ટુ 100ની સ્પીડ માત્ર 2.7 સેકન્ડમાં પકડી શકે છે

6.2 લિટરનું V-8 પેટ્રોલ એન્જિન 550 હોર્સપાવર જ્યારે, બેટરી 645 હોર્સપાવર પેદા કરે છે

છેલ્લી ઘડીએ મુલતવી રખાતાં તર્કવિતર્ક

રશ્મિકાની મૈસાની રીલિઝ પાંચ દિવસ પહેલાં જ મોકૂફ

મુંબઈ, તા. ૨૩

પાંચ ભાષામાં એકસાથે દેશભરમાં ૨૭ નવેમ્બરે રિજૂ થનારી રશ્મિકા મંધાનાની નવી ફિલ્મ 'મૈસા'ની રજૂઆત અચાનક મોકૂફ રાખવાની જાહેરાત સોશ્યલ મિડિયા પર કરવામાં આવી હતી.



આ રજૂઆત શા માટે મુલતવી રખાઈ તે અંગે તરેહ તરેહની અટકળો થઈ રહી છે. જોકે, નિર્માતાઓએ કોઈ ચોક્કસ કારણ આપ્યું ન હતું.

રશ્મિકા ખુદ આ ફેરફાર અંગે અજાણ હતી. તેણે નિર્માતાઓની પોસ્ટને રુદનનાં ઈમોજી સાથે શેર કરી હતી. તેણે જણાવ્યું હતું કે હવે નવી તારીખની તેને પોતાને પણ જાણ નથી.

રશ્મિકાએ આ ફિલ્મમાં ગોંડ આદિવાસી છોકરીની ભૂમિકા ભજવી છે જેને અન્યાય સામે લડવાની ફરજ પાડવામાં આવે છે. રશ્મિકાની સાથે આ ફિલ્મમાં ઈશ્વરી રાવ, રાહુલ રવિન્દ્રન, સુમથિરાકની અને નિધિ સિંહે પણ મહત્વની ભૂમિકાઓ ભજવી છે.

ફિલ્મ હવે કઈ તારીખે રજૂ થશે તે અંગે ખુદ રશ્મિકા પણ અંધારામાં

શિમલામાં ઘર છે, મુંબઈનું ઘર આલિયાને વેચ્યું

૨૫૦૦ કરોડની નેટવર્થની વાતો ખોટી, તેના ૧૦ ટકા પણ નથી: અનુપમ ખેર

મુંબઈ, તા. ૨૩

ગૂગલ પર અનુપમ ખેરની નેટવર્થ ૫૦૦ કરોડ રૂપિયા અંદાજવામાં આવે છે તે બાબતે અનુપમ ખેરે જણાવ્યું હતું કે મારી પાસે તેના દસ ટકા પણ સંપત્તિ નથી. સંપત્તિ વિશેના આ ખોટા દાવાઓને કારણે તે દોસ્તોમાં મજાકનું કારણ બની ગયો છે. દોસ્તો આ બધું જોઈ તેમાંથી થોડાં પૈસા અમને પણ આપ કહી મજાક ઉડાવે છે તેમ અનુપમે ઉમેર્યું હતું.



મુંબઈમાં પોતે ભાડે શા માટે રહે છે તે બાબતે અનુપમે જણાવ્યું હતું કે દસ વર્ષ અગાઉ મેં ભાડે રહેવાનો નિર્ણય લીધો હતો. પત્ની કિરણ ખેર સાંસદ થઈ ચંદીગઢમાં શિફ્ટ થઈ તે પછી મુંબઈની મારી સંપત્તિ મેં આલિયા ભટ્ટને વેચી દીધી હતી. એ પછી મારે મુંબઈમાં સંપત્તિ ખરીદવાનું કોઈ કારણ નહોતું. હું અને મારો ભાઈ બંને ભાડે રહીને ખુશ છીએ.

અનુપમ ખેરે જણાવ્યું હતું કે સિમલામાં મારું પોતાનું આઠ બેડરૂમનું ઘર છે જે આજીવન લગભગ ૬૦ વર્ષ સુધી ભાડે રહેનારી મારી માતા માટે લીધું હતું.

અઢળક સંપત્તિ વિશેના ખોટા ઓનલાઈન દાવા બાદ દોસ્તો પૈસા માગી રહ્યા છે

બંનેના ડેટિંગની ખબરો પર આડકતરી મહોર

અનીત અને અહાન એરપોર્ટ પર કેમેરાપર્સનથી બચવા માટે ભાગ્યાં

મુંબઈ, તા. ૨૩

મોહિત સૂરીની આગામી ફિલ્મમાં ફરી સાથે કામ કરી રહેલાં અહાન પાંડે અને અનીત પડ્ડા એરપોર્ટ પર સાથે દેખાયાં હતાં. જોકે, તેઓ કેમેરાપર્સન્સને જોતાં જ તેમનાથી બચીને ભાગ્યાં હતાં. તેમની આ ચેષ્ટાથી તેમના વચ્ચે અફેરની ચર્ચાઓને સમર્થન મળ્યું છે.

એરપોર્ટ પર અહાન લાલ હૂડી, સફેદ ટી શર્ટ અને લાઈટ બ્લુ જિન્સમાં હળવા મિજાજમાં જણાયો હતો જ્યારે અનીતે ગ્રીન ટોપ અને બ્રાઉન ટ્રાઉઝર પહેર્યું હતું. અનીતે કેમેરાથી બચવાના પ્રયાસમાં પોતાનું માથું નમાવી દીધું હતું. તેણે પોતાનો ચેહેરો બ્લેક કેપ અને ડાર્ક



સનગ્લાસીસથી ઢાંકી લીધો હતો.

તાજેતરમાં બંનેએ એકસરખાં ગુલાબી રંગના કપડાં પહેરી સાથે દિવાળી ઉજવી હતી. અહાન પાંડેએ ચિકી પાંડે અને ડીન પાંડનો પુત્ર છે. ચંકી પાંડે તેના કાકા થાય છે. અહાનની માતા ડીન પાંડેએ તેમની આ ઉજવણીના ફોટો સોશિયલ મિડિયા પર શેર કર્યા હતા.

અનીત અને અહાન પોતાને સારા મિત્રો ગણાવે છે પણ અનીત પાંડે પરિવારના ઘણાં પ્રસંગોમાં સામેલ થતી આવી છે. અગાઉ અહાનની બહેન અલ્લાના પાંડેના બેબીશાવર પ્રસંગે પણ તેણે અહાન અને અનન્યા સાથે ગેમ્સમાં ભાગ લીધો હતો.

અનીતે દિવાળી સહિતના તહેવાર અહાનના પરિવાર સાથે જ મનાવ્યા હતા

હાલ પાર્ટ ટુની સ્ક્રિપ્ટ લખાઈ રહી છે

કિંગ પછી સિદ્ધાર્થ આનંદ જ્વેલથીફ-ટુમાં વ્યસ્ત બની જશે

મુંબઈ, તા. ૨૩

શાહરુખ ખાનની 'કિંગ' ફિલ્મ રજૂ થયા બાદ નિર્દેશક સિદ્ધાર્થ આનંદ 'જ્વેલ થીફ ટુ' બનાવવામાં વ્યસ્ત થઈ જશે.



મૂળ ફિલ્મમાં સૈફ અલી ખાન હિરો હતો. જોકે, હવે નવી ફિલ્મમાં કદાચ સૈફ સહિતના કલાકારોને રિપ્લેસ કરાય તેવી સંભાવના છે.

ફિલ્મનું ૨૦૨૭થી શૂટિંગ શરૂ કરી દેવામાં આવશે. હાલ ફિલ્મની સિક્વલ લખાઈ રહી છે.

હિરો અને વિલન બંનેને બદલી મોટા સ્કેલ પર સિક્વલ બનાવવાની સિદ્ધાર્થ આનંદની યોજના હોવાનું જાણવા મળ્યું છે. 'ધૂમ ટુ' જે રીતે બનાવવામાં આવી હતી તે રીતે 'જ્વેલ થીફ ટુ'ને પણ મોટાપાયે નવી સ્ટારકાસ્ટ સાથે બનાવવામાં આવશે.

૨૦૨૭થી શૂટિંગ શરૂ કરશે, પાર્ટ ટુમાં સૈફ અલી ખાન રિપ્લેસ થઈ શકે

ચીને ૧૦૩થી વધુ મોટા દેશોના રાજકીય, આર્થિક, સામાજિક માળખામાં જાસુસી માટે ઘુસણખોરી કરેલી છે

હનીટ્રેપ તો ક્યારેક સાયબર એટેક, યુએસમાં ચીનની જાસૂસી નવી નથી!

વિશ્વની સૌથી મૂલ્યવાન અને અગ્રણી ટેક કંપનીઓમાં સામેલ એનવિડિયાના ટોચના અધિકારી અને સીઈઓ જેન્સન હુઆંગના એક શંકાસ્પદ ચીની જાસૂસ સાથેના અંગત સંબંધોના અહેવાલોએ સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચાવી દીધો છે. આ સમગ્ર ઘટનાક્રમના પર્દાફાશ બાદ વિશ્વભરના દેશો ચીનના આંતરરાષ્ટ્રીય જાસૂસી નેટવર્કને લઈને ફરી એકવાર અત્યંત સતર્ક બની ગયા છે. ખાસ કરીને અમેરિકામાં ગુપ્તચર એજન્સીઓએ ચીનના આ વધતા જતા જોખમોને પહોંચી વળવા માટે અત્યંત ગોપનિય ચેતવણી પણ જારી કરી છે. જોકે, ચીનના ગુપ્તચર અને જાસૂસી તંત્રની આવી હરકતો સામે આવી હોય તેવી આ કોઈ પહેલી ઘટના નથી. ડ્રેગનનો વિશ્વભરની શક્તિશાળી હસ્તીઓ, કોર્પોરેટ અને ટેક જગતના નિષ્ણાતો તેમજ વિદેશી સેનાના ઉચ્ચ અધિકારીઓની સંવેદનશીલ માહિતી એકત્ર કરવા માટે જાસૂસી જાળ બિછાવવાનો દાયકાઓ જૂનો ઈતિહાસ રહ્યો છે. ભૂતકાળમાં એવી અનેક ઘટનાઓ બની ચૂકી છે, જ્યારે ચીની જાસૂસોએ પોતાના ષડયંત્રો દ્વારા પશ્ચિમી દેશોની સુરક્ષા અને અર્થવ્યવસ્થાને ભારે નુકસાન પહોંચાડ્યું હોય. ચીન દ્વારા છેલ્લાં ૨૫ વર્ષમાં જ અમેરિકામાં જાસુસીની મોટી અને ગંભીર કહી શકાય તેવી ૨૨થી વધુ ઘટનાઓને આકાર આપવામાં આવ્યો હતો. આ તમામ ઘટનાઓ બની ગયા બાદ પકડાઈ હતી અને હાલમાં પણ આ જ મોડસ ઓપરેન્ડી ઉપર કામ કરવામાં આવી રહ્યું છે.

> **ચીન દ્વારા છેલ્લાં ૨૫ વર્ષમાં જ અમેરિકામાં જાસુસીની મોટી અને ગંભીર કહી શકાય તેવી ૨૨થી વધુ ઘટનાઓને આકાર આપવામાં આવ્યો હતો. આ તમામ ઘટનાઓ બની ગયા બાદ પકડાઈ હતી અને હાલમાં પણ આ જ મોડસ ઓપરેન્ડી ઉપર કામ કરવામાં આવી રહ્યું છે : વર્ષ ૨૦૨૨માં ચીનના સરકાર સમર્થિત કુખ્યાત હેકિંગ જૂથ છઁ૪૧ દ્વારા ઉત્તર અમેરિકા, યુરોપ અને એશિયાની લગભગ ૩૦ બહુરાષ્ટ્રીય કંપનીઓને નિશાન બનાવીને ઓપરેશન કુકૂબીઝ ચલાવવામાં આવ્યું હતું. મેન્યુફેક્ચરિંગ, ઉર્જા અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રની આ કંપનીઓના સર્વરમાંથી એન્જિનિયરિંગ બ્લુપ્રિન્ટ્સ, ઔદ્યોગિક ડિઝાઈન અને પેટન્ટ ફોર્મ્યુલા સહિત સેંકડો ગીગાબાઈટ ગોપનિય ડેટાની ચોરી કરવામાં આવી હતી : ચીની જાસુસીના જે કેસ સામે આવ્યા તેમાંથી ૪૯ ટકા કેસમાં ચીની સેના અથવા સરકારી અધિકારીની સીધી સંડોવણી સામે આવી છે. તે ઉપરાંત ૪૧ ટકા કેસમાં ચીની નાગરિકોનો પણ ઉપયોગ કરાયાના પુરાવા આવ્યા છે. તે સિવાય ૧૦ ટકા કેસમાં ચીને બીજા દેશોના નાગરિકોને પ્યાદા બનાવીને જાસુસી કરાવી હોવાનું પણ સામે આવ્યું છે**

ચીને હનીટ્રેપની સાથે સાથે ડિજિટલ યુગમાં સાયબર જાસૂસીને પણ પોતાનું મુખ્ય હથિયાર બનાવ્યું, જેનું સૌથી મોટું ઉદાહરણ વર્ષ ૨૦૦૯માં સામે આવ્યું હતું. તે સમયે તિબેટના ધર્મગુરુ દલાઈ લામાના કમ્પ્યુટર સિસ્ટમમાં થયેલી ઘૂસણખોરીની દસ મહિના સુધી ચાલેલી તપાસ દરમિયાન ઈન્ફોવોર મોનિટરના સંશોધકોએ એક વિશાળ ચીની સાયબર જાસૂસી નેટવર્ક પકડી પાડ્યું હતું. આ નેટવર્કે વિશ્વના ૧૦૩ દેશોની રાજકીય, આ થક અને સામાજિક સંસ્થાઓના કમ્પ્યુટર્સમાં ગુપ્ત રીતે ગોપનિય સરકારી માહિતી મેળવવાનો અને તેને બેઇજિંગ પહોંચાડવાનો ગંભીર આરોપ લાગ્યો હતો. લ્યુંગે એફબીઆઈની જાણ બહાર આ સંવેદનશીલ દસ્તાવેજો ચીનને સોંપ્યા હતા. જ્યારે આ કૌભાંડ ખુલ્યું, ત્યારે ૨૦૦૩માં એફબીઆઈએ લ્યુંગ અને સ્મિથ બંનેની ધરપકડ કરી હતી, જ્યાં બંનેએ જાસૂસીના સીધા આરોપોને બદલે તપાસ એજન્સી સમક્ષ ખોટા નિવેદનો આપવાનો ગુનો કબૂલ્યો હતો.

ચીને હનીટ્રેપની સાથે સાથે ડિજિટલ યુગમાં સાયબર જાસૂસીને પણ પોતાનું મુખ્ય હથિયાર બનાવ્યું, જેનું સૌથી મોટું ઉદાહરણ વર્ષ ૨૦૦૯માં સામે આવ્યું હતું. તે સમયે તિબેટના ધર્મગુરુ દલાઈ લામાના કમ્પ્યુટર સિસ્ટમમાં થયેલી ઘૂસણખોરીની દસ મહિના સુધી ચાલેલી તપાસ દરમિયાન ઈન્ફોવોર મોનિટરના સંશોધકોએ એક વિશાળ ચીની સાયબર જાસૂસી નેટવર્ક પકડી પાડ્યું હતું. આ નેટવર્કે વિશ્વના ૧૦૩ દેશોની રાજકીય, આ થક અને સામાજિક સંસ્થાઓના કમ્પ્યુટર્સમાં ગુપ્ત રીતે પ્રવેશ મેળવી લીધો હતો. આ વ્યાપક સાયબર હુમલાનો હેતુ તિબેટીયન નિર્વાસિત નેતાઓ, માનવાધિકાર કાર્યકરો અને વિશ્વભરની પ્રભાવશાળી રાજદ્વારી તેમજ આર્થિક સંસ્થાઓની ગુપ્ત રણનીતિઓ અને સંદેશાવ્યવહાર પર સતત નજર રાખવાનો હતો. સંશોધકો દ્વારા આ નેટવર્કને જાહેર કરવામાં આવ્યા બાદ વિશ્વના અનેક દેશોએ પોતાની સાયબર સુરક્ષા વ્યવસ્થાને મજબૂત કરવાની દિશામાં નક્કર પગલાં ભર્યા હતા.

રાજકીય વર્તુળોમાં પગપેસારો કરવા માટે ચીનની ગુપ્તચર એજન્સી મિનિસ્ટ્રી ઓફ સ્ટેટ સિક્યુરિટી કેવી રીતે કામ કરે છે, તેનો ઘટસ્ફોટ ૨૦૧૧થી ૨૦૧૫ દરમિયાન અમેરિકામાં ક્રિસ્ટીન ફેંગ પ્રકરણમાં થયો હતો. એમએસએસની શંકાસ્પદ ઓપરેટર ક્રિસ્ટીન ફેંગે રાજકીય અભિયાનો માટે ફંડ એકત્ર કરવા, નેટવર્કિંગ અને શારીરિક સંબંધોના માધ્યમથી તત્કાલીન અમેરિકી સાંસદ એરિક સ્વાલવેલ અને મધ્ય-પશ્ચિમ અમેરિકાના ઓછામાં ઓછા બે મેયર સહિતના અનેક ઉભરતા નેતાઓ સાથે ગાઢ સંપર્ક કેળવ્યા હતા. આ અભિયાનનો મુખ્ય આશય અમેરિકાના રાજકીય ગલિયારાઓમાં પ્રભાવ જમાવવાનો, ત્યાંની આંતરિક રાજકીય પ્રક્રિયાઓને સમજવાનો અને ભવિષ્યમાં નીતિ-નિર્માણને ચીનના પક્ષમાં પ્રભાવિત કરવાનો હતો. વર્ષ ૨૦૧૫માં એફબીઆઈએ સાંસદ સ્વાલવેલને આ અંગે ચેતવણી આપતા તેમણે ફેંગ સાથેના તમામ સંબંધો તોડી નાખ્યા હતા, પરંતુ અમેરિકી ગુપ્તચર વિભાગની કાર્યવાહીની ગંધ આવી જતાં ફેંગ ગુપ્ત રીતે અમેરિકા છોડીને ચીન ભાગી ગઈ હતી. લશ્કરી રહસ્યો ચોરવા માટે પણ ચીને પ્રેમજાળનો બખૂબી ઉપયોગ કર્યો છે, જે ૨૦૧૨થી ૨૦૧૪ દરમિયાન અમેરિકાના બેન્જામિન બિશપ કેસમાં સ્પષ્ટ જોવા મળ્યું હતું. અમેરિકી સેનાના ભૂતપૂર્વ લેફ્ટનન્ટ કર્નલ અને પ્રશાંત કમાનના રિફેન્સ કોન્ટ્રાક્ટર બેન્જામિન બિશપે પોતાની ૨૭ વર્ષીય ચીની પ્રેમિકાને અમેરિકાની અત્યંત સંવેદનશીલ લશ્કરી યોજનાઓ, દક્ષિણ કોરિયા સાથેના સંયુક્ત લશ્કરી અભિયાનો અને ચીની નૌકાદળની સંપત્તિઓને લગતી ગોપનિય તસવીરો તેમજ દસ્તાવેજો સોંપી દીધા હતા. ચીનનો આશય અમેરિકાની યુદ્ધ યોજનાઓ, પ્રશાંત મહાસાગર ક્ષેત્રમાં તેની સૈન્ય રણનીતિઓ અને પશ્ચિમી હથિયારોની ક્ષમતા વિશે અંદરની માહિતી મેળવવાનો હતો.

ટેકનોલોજી અને સેમિકન્ડક્ટર ક્ષેત્રે આત્મનિર્ભર બનવા માટે ચીને વર્ષ ૨૦૧૮માં અમેરિકી કંપની માઈક્રોન ટેકનોલોજીના ડેટાની ચોરી કરવાનું મોટું ષડયંત્ર રચ્યું હતું. ચીનની સરકારી કંપની ફુજિયન જિનહુઆ અને તાઈવાનની કંપની યુએમસીએ સાથે મળીને માઈક્રોન ટેકનોલોજીની ડાયનેમિક રેન્ડમ-એક્સેસ મેમરી ચિપ્સ સંબંધિત વ્યાપારિક રહસ્યો ચોરવાની યોજના બનાવી હતી. આ યોજના હેઠળ માઈક્રોનના ભૂતપૂર્વ કર્મચારીઓએ યુએમસીમાં જોડાતા પહેલા કંપનીની ૯૦૦થી વધુ ગોપનિય ફાઈલો ડાઉનલોડ કરી લીધી હતી. ચીન વર્ષો સુધી સંશોધન અને વિકાસ પાછળ અબજો ડોલર ખર્ચ્યા વિના સીધી જ અમેરિકાની ચોરેલી ટેકનોલોજીના આધારે પોતાના ઘરેલુ સેમિકન્ડક્ટર ઉદ્યોગને ઝડપથી ઊભો કરવા માંગતું હતું. આ મામલે અમેરિકી ન્યાય વિભાગે ફુજિયન જિનહુઆ, યુએમસી અને ત્રણ વ્યક્તિઓ સામે વ્યાપારિક રહસ્યોની ચોરી કરવાના ષડયંત્ર બદલ ગંભીર ગુના દાખલ કર્યા હતા. એરોસ્પેસ અને ઉડ્ડયન ક્ષેત્રે જેટ્સના વિકાસમાં તેનો ઉપયોગ કરવાનો હતો. જોકે, આ કેસમાં ઐતિહાસિક કાર્યવાહી કરતા યાનજુન શૂની વિદેશમાં ધરપકડ કરીને તેને અમેરિકા લાવવામાં આવ્યો હતો, જેનાથી તે અમેરિકામાં મુકદમો ચલાવવા માટે પ્રત્યાર્પિત થનારો પ્રથમ ચીની ગુપ્તચર અધિકારી બન્યો હતો અને નવેમ્બર ૨૦૨૧માં ફેડરલ જ્યુરીએ તેને આ થક જાસૂસીનો દોષિત ઠેરવ્યો હતો.

વર્ષ ૨૦૨૨માં ચીનના સરકાર સમર્થિત કુખ્યાત હેકિંગ જૂથ **APT૪૧** દ્વારા ઉત્તર અમેરિકા, યુરોપ અને એશિયાની



લગભગ ૩૦ બહુરાષ્ટ્રીય કંપનીઓને નિશાન બનાવીને ઓપરેશન કુકૂબીઝ ચલાવવામાં આવ્યું હતું. મેન્યુફેક્ચરિંગ, ઉર્જા અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રની આ કંપનીઓના સર્વરમાંથી એન્જિનિયરિંગ બ્લુપ્રિન્ટ્સ, ઔદ્યોગિક ડિઝાઈન અને પેટન્ટ ફોર્મ્યુલા સહિત સેંકડો ગીગાબાઈટ ગોપનિય ડેટાની ચોરી કરવામાં આવી હતી. આ સાયબર હુમલાનો આશય ખરબો ડોલરની બૌદ્ધિક સંપદા ચોરીને ચીની કંપનીઓને ફાયદો પહોંચાડવાનો અને પશ્ચિમી કંપનીઓની પ્રગતિને વર્ષો પાછળ ધકેલવાનો હતો.

પણ ચીનની નજર હંમેશા પશ્ચિમી ટેકનોલોજી પર રહી છે. ૨૦૧૮થી ૨૦૨૧ દરમિયાન ચીનના રાજ્ય સુરક્ષા મંત્રાલયના ડેપ્યુટી ડિવિઝન ડાયરેક્ટર યાનજુન શૂએ વિવિધ યુનિવર્સિટીઓમાં પ્રેઝન્ટેશન આપવાના બહાને અમેરિકાની અગ્રણી વિમાન નિર્માતા કંપનીઓના એન્જિનિયરોની ભરતી કરીને તેમની પાસેથી જેટ એન્જિન અને ઉડ્ડયન ટેકનોલોજી ચોરવાનો પ્રયાસ કર્યો હતો. ડ્રેગનનો ઉદ્દેશ્ય અમેરિકાની વાણિજ્યિક અને લશ્કરી ઉડ્ડયન ટેકનોલોજી હાંસલ કરીને પોતાના C૯૧૯ એરલાઈનર અને ફાઈટર

ચીનની જાસૂસીના ૫૪ ટકા કેસ આ થક ડેટા ચોરીના હોય છે

અમેરિકી ગુપ્તચર એજન્સીઓને શંકા છે કે સિંગાપોરની ડેટા સેન્ટર કંપની 'મેગાસ્પીડ'ની ભૂતપૂર્વ એક્ઝિક્યુટિવ એલિસ હુઆંગને ચીનના રાજ્ય સુરક્ષા મંત્રાલય દ્વારા એનવિડિયાના સીઈઓ જેન્સન હુઆંગ સાથે અંગત સંબંધો વિકસાવીને સંવેદનશીલ માહિતી એકત્ર કરવા માટે તૈયાર કરવામાં આવી હતી. આ સાથે જ મેગાસ્પીડ કંપની પર અમેરિકાના કડક નિકાસ પ્રતિબંધોને બાયપાસ કરીને પ્રતિબંધિત એનવિડિયા AI ચિપ્સ ગુપ્ત રીતે ચીની સંસ્થાઓને પહોંચાડવાનો પણ ગંભીર આરોપ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની વૈશ્વિક દોડમાં આગળ રહેવા માટે ચીનને એનવિડિયાની 'બ્લેકવેલ' જેવી અત્યાધુનિક AI ચિપ્સની સખત જરૂર છે, અને તેથી જ તે જાણવા માંગતું હતું કે એનવિડિયા ચીન માટે કેવી રીતે ચિપ્સ ડિઝાઈન કરે છે અને અમેરિકી નીતિ-નિર્માતાઓ ભવિષ્યમાં કેવા નિયમો લાવવાના છે.

આ સમગ્ર ઘટનાઓ જોતા જે બાબતો સામે આવી છે તે આંચકાજનક અને વિચાર કરવા યોગ્ય છે. જાણકારોના મતે ચીને છેલ્લાં ૨૫ વર્ષમાં અમેરિકામાં જે જાસુસી કરાવી છે તેમાંથી ૫૪ ટકા કેસ આર્થિક ડેટા અને માહિતીઓ મેળવવા માટેના હતા. તે ઉપરાંત ૨૯ ટકા કેસમાં તેણે સૈન્ય ટેકનોલોજી અને આધુનિક ટેકનોલોજી લેવાનો પ્રયાસ કર્યો હતો. તે ઉપરાંત ૧૭ ટકા કેસ અમેરિકી નેતાઓ, સરકારી સંસ્થાઓ કે મોટી હસ્તીઓની જાણકારી મેળવવા માટેના હતા. ચીની જાસુસીના જે કેસ સામે આવ્યા તેમાંથી ૪૯ ટકા કેસમાં ચીની સેના અથવા સરકારી અધિકારીની સીધી સંડોવણી સામે આવી છે. તે ઉપરાંત ૪૧ ટકા કેસમાં ચીની નાગરિકોનો પણ ઉપયોગ કરાયાના પુરાવા આવ્યા છે. તે સિવાય ૧૦ ટકા કેસમાં ચીને બીજા દેશોના નાગરિકોને પ્યાદા બનાવીને જાસુસી કરાવી હોવાનું પણ સામે આવ્યું છે.

હર કી પૌડી ખાતે શ્રદ્ધાળુઓનું ઘોડાપુર



કાર્તિક પૂર્ણિમાની પૂર્વસંધ્યાએ ઉત્તરાખંડના હરિદ્વારમાં આવેલા પ્રસિદ્ધ હર કી પૌડી ઘાટ પર શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી. મોટી સંખ્યામાં લોકોએ ગંગા નદીમાં પવિત્ર સ્નાન કર્યું હતું અને દીવા પ્રગટાવી પૂજા-અર્ચના કરી હતી. ગંગાના કિનારે આવેલા ઘાટ પર ભક્તોની અવરજવરથી ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો. હિન્દુ પંચાંગ પ્રમાણે કાર્તિક મહિનાની પૂર્ણિમાએ આ પર્વ ઉજવવામાં આવે છે. આ દિવસે ગંગા સહિત પવિત્ર નદીઓમાં સ્નાન, દાન અને પૂજાનું વિશેષ મહત્ત્વ છે. ધાર્મિક માન્યતા પ્રમાણે આ દિવસે પવિત્ર નદીમાં સ્નાન કરવાથી પુણ્ય મળે છે.

આંધ્રના પૂર્વ CM જગન અને બહેન ઘર બહાર ઝઘડતા તમાશો

નવી દિલ્હી,તા.૨૩

આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી વાય. એસ. જગન મોહન રેડ્ડી અને એમના બહેન વચ્ચે સંપત્તિનો વિવાદ ચાલુ છે. ગઈકાલે રવિવારે એ વખતે મોટો તમાશો થઈ ગયો, જ્યારે પોલીસે શર્મિલાને ઘરમાં જતાં રોકી લીધા ! આ જ ઘરમાં પૂર્વ સી.એમ. રહે છે. આંધ્રપ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ શર્મિલા રેડ્ડીને પોલીસે જ્યારે અદાલતી આદેશનો કાગળ બતાવ્યો ત્યારે તેઓ ત્યાંથી જતાં રહ્યાં હતાં. આ આદેશમાં શર્મિલાને કર્ણાટકના પાટનગર બેંગલુરુના યેલહંકા સ્થિત નિવાસ સ્થાનના પ્રાંગણમાં પ્રવેશ નહિ કરવા દેવાનો હુકમ હતો. શર્મિલાને શહેરના એરફોર્સ ચાર રસ્તા ખાતે રોકવામાં આવ્યાં હતાં.

આંધ્રપ્રદેશ કોંગ્રેસ સમિતિએ જણાવ્યું કે પ્રદેશ અધ્યક્ષ શર્મિલા રેડ્ડીએ પોલીસ કર્મીઓને એમની કાર્યવાહી અંગે પ્રશ્નો કર્યા. અખબારી અહેવાલ મુજબ રવિવારે શર્મિલા અને પોલીસ વચ્ચે લગભગ ૨૦ મિનિટ સુધી ચર્ચા ચાલતી રહી. પોલીસે શર્મિલા અને એમના માતાને જણાવ્યું હતું કે એમને યેલહંકા સ્થિત નિવાસ સ્થાનમાં જવાની પરવાનગી નથી. કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ શર્મિલાનો દાવો છે કે બેંગલુરુની ઉપરોક્ત મિલકતમાં એમનો પણ હિસ્સો છે. જો કે પોલીસ નહિ માનતા માતા-પુત્રીએ છેવટે હોટલમાં જવું પડ્યું.

યુરોપના સૌથી મોટા આઈસ રિંકનો નજારો



એક તરફ, ઐતિહાસિક કિલ્લો તેની સામે ભવ્ય સ્થાપત્ય અને વચ્ચે સફેદ બરફની ચાદર પર સરકતા લોકો... જાણે કોઈ હોલીવૂડ ફિલ્મનો નજારો હોય તેવું દ્રશ્ય હંગેરીની રાજધાની બુડાપેસ્ટના સિટી પાર્ક આઈસ રિંક ખાતે જોવા મળ્યું. શિયાળાની કાતિલ ઠંડી વચ્ચે અહીં બરફ પર સ્કેટિંગ કરતા લોકોનો ઉત્સાહ અને આસપાસનું ઐતિહાસિક વાતાવરણ મળીને અદભૂત નજારો જોવા મળ્યો હતો. ૨૨ નવેમ્બરે આ આઈસ રિંકે તેની સ્થાપનાનાં ૧૦૦ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી કરી હતી. બરફ પર વિન્ટર ગેમ્સ રમવાની પરંપરા અહીં ૧૮૭૦થી શરૂ થઈ હતી. ૧૯૨૬માં અહીં મોટો ફેરફાર થયો. બરફ જાળવી રાખવા માટે જમીનની નીચે ૬૦ કિલોમીટરથી વધુ લાંબી પાઇપલાઇનનું નેટવર્ક બનાવવામાં આવ્યું. કોંક્રિટના સ્તરની નીચે પાથરવામાં આવેલી આ વ્યવસ્થાને કારણે હવામાન પરની નિર્ભરતા ઘટી અને આ સ્થળ વિશ્વનાં પહેલા તથા સૌથી મોટાં આઉટડોર આર્ટિફિશિયલ આઇસ રિંકમાં સામેલ થયું. આજે ૧૨,૦૦૦ ચોરસ મીટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલું આ આઇસ રિંક યુરોપનાં સૌથી મોટાં આઉટડોર આર્ટિફિશિયલ આઇસ રિંકમાંનું એક છે. તેની એક તરફ નિયો-બારોક શૈલીમાં બનેલું સ્કેટિંગ હોલ અને બીજી તરફ ઐતિહાસિક વાજદાહુન્યાદ કેસલ આવેલો છે. બંને બિલ્ડિંગ ઐતિહાસિક વારસાની શ્રેણીમાં આવે છે.

તમામ રાજ્યોમાં હાથ ધરાયેલા સરવેમાં દાવો

દેશમાં ૧૩ ટકા લોકો મકાન, કાર, એસી છતાં ગરીબોનું રાશન મેળવે છે

નવી દિલ્હી, તા. ૨૩

સરકાર દ્વારા અપાતા રાશનના લાભાર્થીઓમાં ૧૩ ટકા લોકો એવા છે કે જે આ યોજનાને લાયક જ નથી, જોકે તેમ છતા તેઓ નિયમિત રીતે રાશન મેળવી રહ્યા છે. આ ૧૩ ટકા લોકોમાં એવા પણ સામેલ છે કે જેઓની પાસે પાકા મકાન, કાર અને એર કંડીશનર (એસી) પણ છે. આ લોકો પાસે તમામ સુખ સુવિધા હોવા છતા તેઓ પ્રધાન મંત્રી ગરીબ કલ્યાણ યોજનાના લાભાર્થીઓ તરીકે ફાયદો ઉઠાવી રહ્યા છે.

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનામાં છબરડો કે પછી ભ્રષ્ટાચાર? સરવેના તારણ બાદ અનેક સવાલો ઉઠ્યા

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કરવામાં આવેલા સરવે મુજબ અનેક એવા પરિવારજનો છે કે જે રાજ્ય સરકારો તરફથી નક્કી કરાયેલી શરતોમાં જેવી સુવિધા છે, એટલુ જ નહીં આ ૧૩ ટકામાંથી ઘણા એવા છે કે જેમના પરિવારમાંથી કોઈને કોઈ પાસે સરકારી નોકરી પણ છે. પ્રાપ્ત રિપોર્ટ મુજબ

અનેક પાસે સરકારી નોકરી, ત્રણથી વધુ રૂમવાળું મકાન છતાં લાભાર્થી, બંગાળ, તમિલનાડુ, બિહાર ટોચના સ્થાને

સામેલ નથી થતા જોકે તેમ છતા તેઓ રાશન મેળવી રહ્યા છે. આ એવા લોકો છે કે જેમને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા મુજબ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાનો લાભ મળી રહ્યો છે. સરવેમાં સામે આવ્યું કે ત્રણ કરતા વધુ રૂમ ધરાવતા મકાનો, કાર, એક કન્ડિશનર રિપાર્ટમેન્ટ ઓફ ફૂડ એન્ડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન ડીએફપીડી દ્વારા આ સરવે હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં ૫૧૩૦૩ લાભાર્થીઓને સામેલ કરવામાં આવ્યા હતા, તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશના શહેર તેમજ ગ્રામીણ વિસ્તારોમાં હાથ ધરાયેલા આ સરવેમાં સામે આવ્યું હતું કે પશ્ચિમ બંગાળ, ત્રિપુરા, તમિલનાડુ જેવા રાજ્યોમાં આવા લાભાર્થીઓની સંખ્યા અન્ય રાજ્યો કરતા વધુ છે. ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ સરકાર ગ્રામીણ વિસ્તારમાં ૭૫ ટકા જ્યારે શહેરી વિસ્તારમાં ૫૦ ટકા પરિવારને યોજનાનો લાભ આપી રહી છે. આ તમામ લાભાર્થીઓની કુલ સંખ્યા ૮૧.૩૫ કરોડ છે. રાજ્યો પર નજર કરીએ તો પશ્ચિમ બંગાળમાં છ કરોડ લાભાર્થીઓમાંથી ૩૯ ટકા, તમિલનાડુમાં ૩.૬૩ કરોડમાંથી ૩૮ ટકા, બિહારમાં ૮.૧૪ કરોડમાંથી ૨૫ ટકા, ઓડિશામાં ૨૨ ટકા, મહારાષ્ટ્રમાં ૨૦ ટકા લોકો આ તમામ સુવિધાઓ ધરાવનારા છે.

કેન્દ્ર સરકાર ભ્રષ્ટાચાર પર અંકુશ મૂકવામાં નિષ્ફળ

ભ્રષ્ટાચાર નોકરી અને પગાર બંને ખાઈ રહ્યો છે : શશિ થરૂર

નવી દિલ્હી, તા. ૨૩

ફિક્કીનાં વાર્ષિક સંમેલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉદ્યોગપતિઓને એવો પ્રશ્ન પૂછી લીધો કે જેના પછી નોકરી અને પગાર બંને અંગે ચર્ચા શરૂ થઈ ગઈ છે.

પીએમનું સૂત્ર 'ન ખાઈશ, ન ખાવા દઈશ' ફક્ત બીફ માટે સાચું ભ્રષ્ટાચાર માટે નહીં : કોંગ્રેસ સાંસદ

કોંગ્રેસ સાંસદ શશી થરુરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વાત પર સંમતિ દર્શાવતા જણાવ્યું હતું કે સરકારે નોકરીઓ વધારવા અને પગાર વધુ આપી શકાય તે માટે કોર્પોરેટ ટેક્સમાં ઘટાડો કર્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે જો કે સરકાર ભ્રષ્ટાચાર પર અંકુશ મૂકી શકી નથી તેના કારણે ભ્રષ્ટાચાર નોકરી અને પગાર બંનેને ખાઈ રહ્યો છે.

વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે કંપનીઓને કોર્પોરેટ ટેક્સમાં રાહત આપવામાં આવી છે. ૧૨ લાખ સુધીની આવક પર ટેક્સમાં રાહત આપવામાં આવી છે. તો પછી કર્મચારીઓની સંખ્યા અને પગાર વધારવામાં આવ્યા છે કે નહીં? તેમણે જણાવ્યું હતું કે સરકારે આ પગલું એટલા માટે ભર્યું હતું જેથી કર્મચારીઓની સંખ્યા વધારવામાં આવે અને લોકોનાં પગારમાં વધારો થાય. કોંગ્રેસ સાંસદે જણાવ્યું હતું કે વડાપ્રધાન મોદીએ યોગ્ય વાત જણાવી છે. સરકારે કોર્પોરેટ ટેક્સ એટલા માટે ઘટાડ્યો હતો જેથી વધારે નોકરીઓ ઉત્પન્ન થાય અને કંપનીઓ કર્મચારીઓને વધુ પગાર આપે.

તેમણે જણાવ્યું હતું કે જો કે લાભની વહેંચણી યોગ્ય નથી. આજે નોકરી શોધવી સરળ નથી. આઈઆઈટી ગ્રેજ્યુએટને પણ નોકરી મળી રહી નથી.

નિયમનકાર દ્વારા વર્ષ ૨૦૨૫માં ટેસ્ટિંગ કરાયું હતું

FSSAIએ બિસ્લેરી પછી અન્ય પેકેજડ બોટલોના પાણીની તપાસ શરૂ કરી

નવી દિલ્હી, તા.૨૩

ધ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (એફએસએસએઆઇ)એ બિસલરી કંપની સામે કેસ કરવાની મંજૂરી આપી છે. કંપનીની સીલ્ડ બોટલ પાણીના સેમ્પલને લેબ ટેસ્ટિંગ પછી અસુરક્ષિત હોવાની જાણ થઈ હતી. રવિવારે સોશિયલ મીડિયા પર એફએસએસએઆઇએ આ જાણકારી આપી હતી.

બ્રોમેટનું પ્રમાણ નિયત મર્યાદાની અંદર હોવાનું થર્ડ પાર્ટી લેબ દ્વારા પ્રમાણિત : બિસ્લેરી

એફએસએસએઆઇએ બિસલરી ઇન્ટરનેશનલના ગોવાસ્થિત યુનિટમાંથી 'પેકેજ ડ્રિન્કિંગ વોટર'નું સેમ્પલ લીધું હતું એક બેચમાં બ્રોમેટ નામના કેમિકલ કંપાઉન્ડનું કથિત રીતે વધુ પ્રમાણ મળી આવ્યું હતું. જેમાંથી માનવીઓને કેન્સર થવાની સંભાવના રહે છે. બ્રોમેટની પૂર્વનિર્ધારિત મર્યાદા કરતા પ્રમાણ વધુ હતું. કંપનીએ અપીલ કરી હતી તે પછી સેમ્પલને બીજી ફૂડ ટેસ્ટિંગ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યું હતું. પોલીન્યુક્લીયર એરોમેટિક હાઇડ્રોકાર્બન (પીએએચ)નું પ્રમાણ વધુ હોવાથી અસુરક્ષિત છે તેવું લેબોરેટરીએ કહ્યું હતું.

સોમવારે બિસલેરી ઇન્ટરનેશનલે એક નિવેદનમાં કહ્યું કે એફએસએસએઆઇ તરફથી તેમને કોઇ નોટિસ મળી નથી. એક રેફરલ લેબોરેટરીએ 'બ્રોમેટ'નું પ્રમાણ પૂર્વનિશ્ચિત મર્યાદામાં છે તેવું કહ્યું છે તેવું કંપનીએ કહ્યું હતું.

દેશમાં ૧૪૩ પ્લાન્ટ્સ છે તેમાંથી ગોવા મેન્યુફેક્ચરિંગ યુનિટમાં સપ્ટેમ્બર ૨૦૨૫માં બનેલા એક બેચ સાથે મામલો સંકળાયેલો છે તેવું બિસલરીએ કહ્યું હતું. ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૫મીએ ગોવા યુનિટમાંથી એફએસએસએઆઇએ છ સેમ્પલ લીધા હતા. પાંચ સેમ્પલો લાગુ પડતા માપદંડો અનુસાર હતા. છઠ્ઠા સેમ્પલમાં પ્રતિ લિટર ૧૨ માઇક્રોગ્રામ બ્રોમેટ મળી આવ્યું હતું જ્યારે ૧૦ માઇક્રોગ્રામ પ્રતિ લિટર બ્રોમેટની પૂર્વનિર્ધારિત મર્યાદા અનુસાર હોય શકે છે. ૨૨મી નવેમ્બર ૨૦૨૫મીએ બિસલરીએ અપીલ કરી હતી તે પછી એફએસએસએઆઇએ તે સેમ્પલને ફરી ટેસ્ટિંગ માટે રેફરલ લેબોરેટરીમાં મોકલ્યું હતું. બિસલરીએ કહ્યું કે રેફરલ લેબોરેટરીએ બ્રોમેટનું પ્રમાણ પૂર્વનિર્ધારિત મર્યાદા અનુસાર હોવાનું કહ્યું હતું અને પીએએમ વધુ હોવાનું ધ્યાન દોર્યું હતું. બે પરિણામમાં તફાવત બાબતમાં પ્રશ્નો ઉભા થયા હતા.

એફએસએસએઆઇની મંજૂરી પ્રાપ્ત એક લેબોરેટરીમાં બિસલેરીએ સેમ્પલ મોકલ્યું હતું અને બ્રોમેટ પૂર્વ નિર્ધારિત મર્યાદામાં હોવાનું લેબરિઝલ્ટમાં જણાયું તેવું કંપનીએ પોતાના નિવેદનમાં કહ્યું છે.

બીજી ફેબ્રુઆરી ૨૦૨૬મીએ એક ઔપચારિક પત્ર મોકલીને કંપનીએ ટેસ્ટ રિઝલ્ટ એફએસએસએઆઇની વેસ્ટર્ન રિજિયનલ ઓફિસને મોકલ્યું હતું. કંપનીએ કહ્યું કે તે પછી અમને એફએસએસએઆઇ તરફથી કોઇ વધુ સંદેશવ્યવહાર થયો નથી અને મામલો બંધ છે તેવું અમે સમજી લીધું હતું!

વર્ષ ૨૦૨૭માં પણ યુદ્ધનો માહોલ જળવાઈ રહેશે

હુથીઓ સાઉદી પર ત્રાટક્યા, આગામી વર્ષે ઈરાન પર હુમલાની ટ્રમ્પની ધમકી

વોશિંગ્ટન, તા. ૨૩

યમનના બળવાખોર જુથ હુથી દ્વારા સાઉદી પર હુમલા કરવામાં આવ્યા હતા અને ઓઈલ રિફાઈનરીઓને નિશાન બનાવવામાં આવી હતી, આ દાવો હુથીઓ દ્વારા જારી એક નિવેદનમાં કરવામાં આવ્યો હતો, બળવાખોર જુથે વધુમાં કહ્યું હતું કે અમે સીધા સાઉદીના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન સાધીને આ હુમલો કર્યો હતો. જ્યારે ઈરાને પણ અમેરિકાને વળતા હુમલાની ધમકી આપી છે.

યમન પર સાઉદીના હુમલામાં ૧૧નાં મોત, ૧૯ ઘાયલ હુથીઓએ પણ સાઉદીની રિફાઇનરીને નિશાન બનાવી

હુથીઓએ જણાવ્યું હતું કે સાઉદી અને તેના સમર્થક સૈન્ય દ્વારા કરાયેલા હુમલામાં ૧૧ લોકો માર્યા ગયા હતા, ટ્રમ્પે વર્ષ ૨૦૨૭માં વધુ આકરા હુમલા કરવાની ચેતવણી આપી છે.

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા

અમેરિકાના હુમલાનો આકમક જવાબ આપવા અમારી મિસાઈલો તૈયાર : ઈરાન

બાદમાં સાઉદી પર હુમલો કરવામાં આવ્યો હતો. પશ્ચિમ યમનમાં કરાયેલા આ હુમલામાં ૧૯થી વધુ લોકો ઘાયલ થયા હતા. હાલ સાઉદી અને હુથીઓ બન્ને દ્વારા સામસામે હુમલા કરવામાં આવી રહ્યા છે. જ્યારે ઈરાને પણ અમેરિકાને વળતો હુમલો કરવાની ધમકી આપી છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ઈસ્માઈલ બઘેઈએ કહ્યું હતું કે અમારા પર હુમલો કરવામાં આવ્યો તો તેનો જડબાતોડ જવાબ આપવામાં આવશે. ઈરાનની બેલિસ્ટિક મિસાઈલો તૈયાર જ છે. યોગ્ય સમય પર તેનો ઉપયોગ કરવામાં આવશે અને દુશ્મનો સુધી તેને પહોંચાડવામાં આવશે. જ્યારે ઈઝરાયેલ દ્વારા ગાઝામાં જે હુમલા કરવામાં આવ્યા તેમાં અનેક ઈમારતોનો નાશ કરવામાં આવ્યો છે, આ હુમલાઓને કારણે ગાઝાના નાગરિકો ઘર વિહોણા તો થઈ જ ગયા છે સાથે સાથે હવે ગાઝામાં પર્યાવરણને લઈને અનેક પ્રશ્નો ઉભા થયા છે. ઠેર ઠેર મેટલ, મેડિકલ સામાન વગેરેને કારણે પર્યાવરણને ભારે નુકસાન પહોંચ્યું છે. કેટલોક કાટમાળ સળગી રહ્યો છે, કેટલોક ખંડેર અવસ્થામાં પડ્યો છે. જ્યારે સોશિયલ મીડિયા પર તાજેતરના 'મિડ-ટર્મ-પોલ'નો ઉલ્લેખ કરતાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આગાહી ઉચ્ચારી હતી કે, ડેમોક્રેટસના વિજયથી સ્ટોક માર્કેટમાં કડાકો બોલશે, અને ઈરાન વધુને વધુ આકમક બનતું જશે.

એન્ડી વોરહોલની ૧૯૬૨માં બનાવેલી કૃતિ

સૂપના ડબ્બાનું પેઈન્ટિંગ રૂપિયા ૮૦ કરોડમાં વેચાયું

ન્યૂ યોર્ક, તા.૨૩

સુપરમાર્કેટમાં સામાન્ય રીતે થોડા ડોલરમાં મળતા સૂપના ડબ્બાની તસવીરની કિંમત કરોડો રૂપિયા હોઈ શકે? ન્યૂયોર્કમાં યોજાયેલી હરાજીમાં આ સવાલનો જવાબ મળ્યો છે. વિશ્વપ્રસિદ્ધ કલાકાર એન્ડી વોરહોલની ૧૯૬૨માં બનાવેલી કેમ્પબેલ્સ સૂપ કેન પેઇન્ટિંગ ૯૦.૨૬ લાખ ડોલર એટલે કે અંદાજે રૂ. ૮૦ કરોડથી વધુમાં વેચાઈ છે. ૬૪ વર્ષ જૂની આ કૃતિએ હરાજીમાં કળાપ્રેમીઓનું ધ્યાન ખેંચ્યું છે. ક્રિસ્ટીઝના ન્યૂયોર્ક ખાતે યોજાયેલી હરાજીમાં આ પેઇન્ટિંગની બોલી ૪૦ લાખ ડોલરથી શરૂ થઈ હતી. સ્પર્ધાત્મક બોલી બાદ તે ૯૦.૨૬ લાખ ડોલર થઈ હતી. આ પેઇન્ટિંગની ખાસિયત એ છે કે વોરહોલે તેને હાથથી તૈયાર કરી હતી. તેમણે લિનન પર કેસિન અને ગ્રેફાઇટનો ઉપયોગ કરીને સૂપના ડબ્બાનું ચિત્ર બનાવ્યું હતું. વોરહોલની આ કૃતિ તેમની જાણીતી કેમ્પબેલ્સ સૂપ કેન શ્રેણીનો ભાગ છે. પાછળથી તેમણે આ જ વિષય પર સિલ્કસ્ક્રીન પ્રિન્ટિંગ દ્વારા અનેક કૃતિઓ બનાવી હતી.



એન્ડી વોરહોલે કળાની પરંપરાગત વ્યાખ્યાથી અલગ રસ્તો અપનાવ્યો હતો. તેમણે રોજિંદા જીવનમાં જોવા મળતી વસ્તુઓ, જાહેરાતો, ખાદ્ય પદાર્થોના પેકેટ અને ફિલ્મી કલાકારોને પોતાની કળાનો વિષય બનાવ્યા હતા. કેમ્પબેલ્સ સૂપના ડબ્બા પણ તેમની આવી જ કલ્પનાનું પરિણામ હતા. વોરહોલે એક વખત જણાવ્યું હતું કે તેઓ લગભગ ૨૦ વર્ષ સુધી દરરોજ બપોરે કેમ્પબેલ્સ સૂપ પીતા હતા. આ સામાન્ય વસ્તુને તેમણે પોતાની કળા દ્વારા વૈશ્વિક ઓળખ અપાવી હતી.

ન્યૂ યોર્કના ક્રિસ્ટીઝ ખાતે ૪૦ લાખ ડોલરથી શરૂ થયેલી બોલી ૯૦.૨૬ લાખ ડોલરે પહોંચી

૫૯નો ભોગ લેનારા અગ્નિકાંડના દોષિતને રાહત

ગોધરાકાંડના ગુનેગારની આજીવન કેદ પર સુપ્રીમની રોક, જામીન મળ્યા

નવી દિલ્હી, તા. ૨૩

૨૦૦૨ના ગોધરાકાંડના દોષિત ઈરફાન સીરાજને અપાયેલી સજા પર રોક લગાવી હતી, સ્વાસ્થ્ય સંબંધી ગંભીર બીમારીઓ તેમજ ૧૭ વર્ષ સુધી કેદ રહેવા જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો. અરજદાર ઈરફાનને હૃદયની બીમારી હોવાનું પણ કોર્ટે ધ્યાનમાં લીધુ હતું.

ગુનેગાર ૧૭ વર્ષ કેદ રહ્યો, હૃદયની ગંભીર બીમારી હોવાની દલીલ સુપ્રીમે માન્ય રાખી

દોષિત તરફથી સુપ્રીમ કોર્ટમાં હાજર વકીલે એવી દલીલ કરી હતી કે દોષિત છેલ્લા ૧૭ વર્ષથી જેલમાં કેદ છે અને ગંભીર બીમારીનો સામનો કરી રહેલ છે, જ્યારે રાજ્ય સરકાર તરફથી હાજર વકીલે એવી દલીલ કરી હતી કે જો સુપ્રીમ કોર્ટ અરજદારને માત્ર સ્વાસ્થ્યના આધારે જામીન આપવા માગતી હોય તો અમને તેનો કોઇ વિરોધ નથી.

મામલો ગંભીર છે અને તેના ગુણ દોષ પર અમે કોઇ ટિપ્પણી નથી કરવા માગતા. જ્યારે સુપ્રીમ કોર્ટમાં દોષિત ઠેરવવા સામે પણ અપીલ કરાઇ છે જેની સુનાવણી કરવામાં આવનારી છે.

બાદમાં સુપ્રીમ કોર્ટે દોષિતની તરફેણમાં ચુકાદો આપ્યો હતો અને ગંભીર બીમારીને ધ્યાનમાં રાખીને જામીન મંજૂર કર્યા હતા સાથે જ સજા પર હાલ રોક લગાવી હતી. નોંધનીય છે કે ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ સાબરમતી એક્સપ્રેસ ટ્રેનનો એક ડબો સળગાવાયો હતો, જેમાં ૫૯ લોકોના કમકમાટી ભર્યા મોત નિપજ્યા હતા.

અગ્નિકાંડમાં વિશેષ એસઆઈટી કોર્ટે ૨૦૧૧માં કુલ ૩૧ આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા, જેમાં ૧૧ને ફાંસી જ્યારે ૨૦ને આજીવન કેદની સજા ફટકારાઇ હતી.

એઆઈની ભલામણથી કંપનીને ગ્રાહકો મળશે

હવે, ખરીદી કરતા પહેલા ગૂગલ નહીં, એઆઈને પૂછશે કસ્ટમર

કેલિફોર્નિયા, તા.૨૩

એક સમયે કોઈ વસ્તુ ખરીદવી હોય તો લોકો ગૂગલ પર સર્ચ કરીને અલગ-અલગ વેબસાઇટની કિંમત અને રિવ્યૂ તપાસતા હતા. હવે આ પદ્ધતિમાં ઝડપથી ફેરફાર થઈ રહ્યો છે. ગ્રાહકો સીધા એઆઈને પૂછે છે કે કયો મોબાઈલ સારો છે, ઓછા બજેટમાં કઈ વોશિંગ મશીન ખરીદવી જોઈએ અથવા કઈ બ્રાન્ડની વસ્તુ વધુ સારી છે. એઆઈ ગ્રાહકના બજેટ, પસંદગી અને જરૂરિયાત પ્રમાણે વિકલ્પો સૂચવે છે. આ બદલાવને કારણે ઓનલાઈન ખરીદીની દુનિયામાં એઆઈ એક નવા સર્ચ એન્જિન તરીકે ઉભરી રહ્યું છે.

અમેરિકામાં ૩૩ ટકા અને યુરોપમાં ૩૬ ટકા ગ્રાહકો ખરીદી કરતા પહેલા એઆઈનો ઉપયોગ કરે છે

જાણીતી કન્સલ્ટિંગ કંપનીના નવેમ્બર ૨૦૨૬ના રિપોર્ટ અનુસાર, અમેરિકાના લગભગ ૩૩ ટકા અને યુરોપના ૩૬ ટકા ગ્રાહકો ખરીદીની પ્રક્રિયાના કોઈને કોઈ તબક્કે એઆઈ આસિસ્ટન્ટનો ઉપયોગ કરે છે. ૨૦૨૫માં આ આંકડો અમેરિકામાં ૧૯ ટકા અને યુરોપમાં માત્ર ૮ ટકા હતો. એટલે એક વર્ષમાં યુરોપમાં એઆનો ઉપયોગ કરનારા ગ્રાહકોની સંખ્યા સાડાચાર ગણી થઈ છે.



રિપોર્ટનો સૌથી રસપ્રદ આંકડો એ છે કે રિટેલ કંપનીઓની વેબસાઇટ પર એઆઈ મારફત આવતા ગ્રાહકોનો હિસ્સો હજુ એક ટકાથી ઓછો છે. જોકે, આવા ગ્રાહકોની ખરીદી કરવાની શક્યતા સામાન્ય રીતે અન્ય માધ્યમથી આવતા ગ્રાહકો કરતાં ૯૦ ટકા વધુ છે. તેનું કારણ એ છે કે એઆઈનો ઉપયોગ કરનારા ઘણા ગ્રાહકો પહેલેથી જ પોતાની જરૂરિયાત, બજેટ અને પસંદગી નક્કી કરીને આવે છે. તેઓ માત્ર માહિતી મેળવવા નહીં, પરંતુ ખરીદીનો નિર્ણય લેવા એઆઈની મદદ લે છે.

સીટીઆઈએ એપ્રિલથી ઓક્ટોબર-૨૬ સુધીનાં આંકડા જાહેર કર્યા

સોનું મોંઘું થતાં આયાત ૪૦ ટકા ઘટીને ૨૪.૭ અબજ ડોલર થઈ

નવી દિલ્હી, તા. ૨૩

ભારતમાં સોનાની માંગ અને આયાત અંગેનાં આંકડા જારી કરવામાં આવ્યા છે. ચેમ્બર ઓફ ટ્રેડ ઈન્ડસ્ટ્રી (સીટીઆઈ)નાં ચેરમેન બૃજેશ ગોયેલ અનુસાર એપ્રિલથી ઓક્ટોબર, ૨૦૨૬ની વર્ચ્યે દેશમાં સોનાની આયાત લગભગ ૪૦ ટકા ઘટી ૨૪.૭ અબજ ડોલર રહી ગઈ છે.

ગયા વર્ષે એપ્રિલથી ઓક્ટોબર સુધીમાં ૪૧.૨૪ અબજ ડોલરનાં સોનાની આયાત થઈ હતી

ગયા વર્ષે આ જ સમયગાળામાં ભારતે ૪૧.૨૪ અબજ ડોલરના સોનાની આયાત કરી હતી. એટલે કે ચાલુ વર્ષે ગયા વર્ષની સરખામણીમાં સોનાની આયાતમાં ૧૬.૪૬ અબજ ડોલરનો ઘટાડો થયો છે.

બૃજેશ ગોયેલ અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારતે લગભગ ૭૨ અબજ ડોલરની સોનાની આયાત કરી હતી. જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં આ આંકડો ઘટીને ૩૫ થી ૪૦ અબજ ડોલર રહેવાની શક્યતા છે.

ચાલુ વર્ષે લગ્નની સિઝનમાં લગભગ ૫૨ લાખ લગ્નો થવાનો અંદાજ છે. આ લગ્નોને કારણે ૬ લાખ કરોડ રૂપિયાનો બિઝનેસ થવાનો અંદાજ છે. આ બિઝનેસમાં સોના અને ચાંદી સહિત જ્વેલરીનો હિસ્સો લગભગ ૮ થી ૧૦ ટકા રહેવાનો અંદાજ છે.

ઓછા ભાવને કારણે લગ્ન માટે ઘરેણા ખરીદનારા પરિવારોને રાહત મળી શકે છે.

બીજી તરફ જ્વેલર્સ માટે પણ સ્ટોક સાચવવો સરળ બની શકે છે. આ સ્થિતિમાં આવનારા મહિનાઓમાં સોનાની ખરીદી અને જ્વેલરી બિઝનેસ પર સૌની નજર રહેશે.





મહમૂદ બેગડાના શાસનકાળ દરમ્યાન બાઈ હરિર સુલ્તાની દ્વારા અમદાવાદના અસારવા ખાતે અષ્ટકોણીય વાવ બાંધવામાં આવી હતી. હિન્દુ-ઈસ્લામિક સ્થાપત્ય શૈલીના સમન્વયવાળી પથ્થર પરની બારીક કોતરણી વાવની સુંદરતા વધારી રહી છે. ૧૫મી સદીની આશરે ૧૪૯૯માં બંધાયેલી પાંચ માળની વાવ આજે પણ અદ્‌ભુત જળસંગ્રહની ધરોહર છે. રાજ્યમાં પાણીની અછતના એંધાણ વચ્ચે આ દાદા હરીની વાવમાં આજે બે માળ સુધી પાણી ભરાયેલું જોવા મળે છે. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

આગામી સપ્તાહથી ઠંડીનું પ્રભુત્વ વધશે

અમદાવાદમાં પાંચ દિવસ તાપમાન ૧૭ ડિગ્રીની આસપાસ રહેશે

અમદાવાદ,સોમવાર

અમદાવાદમાં ગત રાત્રિના ૧૮.૯ ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૨.૯ ડિગ્રીનો વધારો થયો હતો. આમ, સામાન્ય દિવસો કરતાં ઠંડીમાં સાધારણ ઘટાડો અનુભવાયો હતો.

નલિયામાં ૧૧.૨ ડિગ્રી સાથે સૌથી નીચું તાપમાન : છેલ્લા ૩ દિવસ કરતાં ઠંડીમાં આંશિક ઘટાડો

આજે દિવસ દરમિયાન સરેરાશ મહત્તમ તાપમાન ૩૧.૭ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ૨૭ નવેમ્બર સુધી તાપમાન ૧૯ ડિગ્રીની આસપાસ રહેશે. ૩૦ નવેમ્બર બાદ તાપમાન ૧૫ ડિગ્રીથી નીચે જાય તેવી સંભાવના છે. આમ, ડિસેમ્બરના પ્રથમ સપ્તાહથી કડકડતી ઠંડી પડી શકે છે.

ગત રાત્રિના ૧૧.૨ ડિગ્રી સાથે નલિયામાં સૌથી નીચું તાપમાન નોંધાયું હતું. અન્યત્ર જ્યાં ૧૬ ડિગ્રીથી નીચું

ક્યાં સૌથી વધુ તાપમાન?

શહેર	તાપમાન	શહેર	તાપમાન
નલિયા	૧૧.૨	સુરેન્દ્રનગર	૧૮.૦
અમરેલી	૧૫.૪	અમદાવાદ	૧૮.૯
ભુજ	૧૫.૭	જુનાગઢ	૧૯.૦
રાજકોટ	૧૬.૦	ભાવનગર	૧૯.૨
ગાંધીનગર	૧૬.૮	દ્વારકા	૧૯.૩
ડીસા	૧૬.૮	સુરત	૨૦.૬
વડોદરા	૧૭.૮	પોરબંદર	૨૧.૮

તાપમાન નોંધાયું તેમાં અમરેલી અને ભુજનો સમાવેશ થાય છે.

સૌરાષ્ટ્રના રેલવે ટ્રેક વનરાજો માટે 'ડેથ-ટ્રેપ' બનવા લાગ્યા!

જેતપુર નજીક ટ્રેન નીચે કપાઈ જતાં બે સિંહણના કમકમાટીભર્યા મોત

જૂનાગઢ, જેતપુર, સોમવાર

સિંહોનાં સંરક્ષણ અને સંવર્ધનના મોટા-મોટા દાવાઓ વચ્ચે સૌરાષ્ટ્રના રેલવે ટ્રેક હવે વનરાજો માટે યમદૂત સાબિત થઈ રહ્યા છે. અગાઉ માત્ર અમરેલી પંથકનો રેલવે ટ્રેક જ સિંહો માટે જોખમી મનાતો હતો, ત્યારબાદ વિસાવદર-જૂનાગઢ વચ્ચેનો મીટરગેજ ટ્રેક રક્તરંજિત બન્યો હતો અને હવે સૌરાષ્ટ્રનો વધુ એક નવો રૂટ એટલે કે ઢસા-જેતલસર રેલવે ટ્રેક પણ સિંહો માટે ગોઝારો સાબિત થયો છે. જેતપુર નજીક વાવડી સ્ટેશન પાસે ટ્રેનની અડફેટે આવી જતાં ત્રણ વર્ષની બે સિંહણોનાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યાં મોત નિપજતાં વન્યપ્રેમીઓમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે.

હવે ઢસા-જેતલસર રૂટ પણ સિંહો માટે ગોઝારો, કોલર ઊંચા કરતી સરકાર સિંહોને પૂરતું જંગલ કે સુરક્ષા આપવામાં સદંતર નિષ્ફળ

ભાવનગરથી પોરબંદર તરફ જઈ રહેલી ટ્રેન નંબર ૫૯૫૬૦ જ્યારે જેતપુરથી આશરે ૬થી ૭ કિલોમીટર દૂર વાવડી રેલવે સ્ટેશન નજીકથી પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક રેલવે ટ્રેક પર બે સિંહણ આવી ચડી હતી. ટ્રેનની ઝડપ વધુ હોવાથી બંને સિંહણો ટ્રેન નીચે કચડાઈ ગઈ હતી અને કરુણ મોત નિપજ્યું હતું.

આ વિસ્તારમાં રેલવે અકસ્માતમાં સિંહના મોતની આ પ્રથમ ઘટના છે, જે સાબિત કરે છે કે સિંહોનો વિચરણ વિસ્તાર સતત વધી રહ્યો છે. ઘટનાની જાણ થતાં જ વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો સ્થળ પર

(અનુસંધાન ૪થે પાને)

માનવી પણ ભયના ઓથાર તળે, સાવજ પણ જોખમમાં

એક તરફ સિંહોના અકાળે મોત થઈ રહ્યા છે, તો બીજી તરફ રેવન્યુ વિસ્તારોમાં સિંહોની વધતી અવરજવરને કારણે માનવ અને વન્યપ્રાણી વચ્ચેના સંઘર્ષ પણ ચરમસીમાએ પહોંચ્યા છે, જેનાથી ગ્રામ્ય વિસ્તારના લોકો પણ સતત ભયના ઓથાર નીચે જીવી રહ્યા છે. જો તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે ટ્રેનની ગતિ મર્યાદિત રાખવા અને સિંહો માટે વૈકલ્પિક સુરક્ષિત રહેઠાણ (કોરિડોર) વિકસાવવા નક્કર પગલાં લેવામાં નહીં આવે, તો સૌરાષ્ટ્રના તમામ રેલવે ટ્રેક એશિયાટિક સિંહોની કબ્રસ્તાન બની જશે તેવી દહેશત પર્યાવરણવિદો વ્યક્ત કરી રહ્યા છે.

વસ્તી વધારાના ગૌરવ વચ્ચે સિંહોનું અસ્તિત્વ દાવ પર

આ કરુણ ઘટનાએ સરકારની વન્યજીવ સંરક્ષણ નીતિ સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. છેલ્લાં કેટલાય વર્ષોથી ગુજરાતમાં સિંહોની વસ્તીમાં ફૂદકે ને ભૂસકે વધારો થઈ રહ્યો છે, જેનું સરકાર માત્ર ગૌરવ લઈને વાહવાહી લૂંટી રહી છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે વસ્તી વધારાની સામે સિંહો માટે જંગલ વિસ્તારમાં કોઈ જ વધારો કરવામાં આવ્યો નથી.

મજબૂરીમાં 'મોતના મુખ' તરફ વળતા વનરાજો

ગીર અને ગિરનારનું જંગલ હવે સિંહો માટે ટૂંકું પડી રહ્યું છે. પોતાના કુદરતી રહેઠાણ અને વિસ્તાર (ટેરિટરી)ની શોધમાં સિંહો જંગલ છોડીને બહારના રેવન્યુ વિસ્તારો, માનવ વસાહતો અને જોખમી ગણાતા રેલવે ટ્રેક તરફ આવવા મજબૂર બન્યા છે. જંગલની બહાર નીકળતા સિંહો ક્યારેક ખુલ્લા કૂવામાં ખાબકીને, ક્યારેક વીજ કરંટ લાગવાથી, તો ક્યારેક હાઈવે પરનાં વાહનો અને રેલવે ટ્રેકની અડફેટે આવીને કમોતે મરી રહ્યા છે.

પરિક્રમાના કારણે ગિરનાર પર માનવ ભારણ વધ્યું તે જવાબદાર?!

ગિરનાર જંગલમાં હાલ પરિક્રમા ચાલી રહી છે જેના કારણે ગિરનારના કેટલાંય સિંહોને નજરકેદ કરવામાં આવ્યા છે. તે સિવાયના ગિરનારમાં લાખોની સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડતાં બાકીનાં સિંહો ચો-તરફ રેવન્યુ વિસ્તારમાં ચક્કર કાપવા મજબૂર બન્યા છે. હવે આ સિંહ ગિરનારના છે કે રાજકોટ સામાજિક વનીકરણ હેઠળની જેતપુર રેન્જમાં વસવાટ કરતા છે, તે અંગે તપાસ કરવામાં આવી રહી છે.

દિવાળી બાદ ફરી પાટનગર આંદોલનોનું એપી સેન્ટર બન્યું

ગાંધીનગરમાં એક સાથે ત્રણ મોરચે આંદોલન : સરકારની મુશ્કેલી વધી

અમદાવાદ,સોમવાર

દિવાળીના તહેવારો પૂર્ણ થતાં જ રાજ્યનું પાટનગર ગાંધીનગર ફરી એકવાર આંદોલનોની આગમાં સપડાયું છે. સરકારના ખોટા વાયદા વચનોએ જ આંદોલનના વેગને હવા આપી છે. વ્યાયામ શિક્ષકો, એઈડ્સ કંટ્રોલ સોસાયટીના કર્મચારીઓ ઉપરાંત ટાટના ઉમેદવારો ઉમટી પડતા સત્યાગ્રહ છાવણી ઉભરાઈ હતી. એકસાથે ત્રણ આંદોલનો વેગવાન બનતા સરકારની મુશ્કેલી વધી છે.

ઓલિમ્પિકના સપના વચ્ચે ભરતી ન થતાં વ્યાયામ શિક્ષકો મેદાને : પડતર પ્રશ્નો મુદ્દે આરોગ્ય કર્મીઓ માસ સીએલ પર

એક તરફ, ગુજરાતમાં ઓલમ્પિક યોજવાની તૈયારી થઈ રહી છે, ત્યારે બીજી તરફ રાજ્યની શાળાઓમાં વ્યાયામ શિક્ષકોની જ અછત પ્રવર્તી રહીછે. રાજ્યમાં ૫,૭૦૦ જગ્યાઓ સામે માત્ર ૧,૭૦૦ વ્યાયામ શિક્ષકો જ ફરજ બજાવી રહ્યા છે, અને તે પણ કરાર આધારિત! ૧૯ મહિના પહેલા સરકારે કાયમી ભરતીનું લોલીપોપ આપ્યું હતું, પરંતુ આજદિન સુધી કોઈ નક્કર કાર્યવાહી ન થતાં રોષે ભરાયેલા વ્યાયામ શિક્ષકોએ સત્યાગ્રહ છાવણી ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરી સરકાર સામે મોરચો માંડ્યો છે.

ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટીના કરાર આધારિત કર્મચારીઓએ પણ હવે સરકાર સામે બાંયો ચઢાવી છે. પગાર વિસંગતતા, ઈન્ક્રીમેન્ટ અને અન્ય પડતર માંગણીઓને લઈને આ કર્મચારીઓ 'માસ સીએલ ' પર ઉતરી જતાં આરોગ્ય સેવાઓ પર અસર પડી રહી છે.

કર્મચારીઓએ ચીમકી ઉચ્ચારી છે કે જો તેમની માંગણીઓ નહીં સંતોષાય તો આગામી 'વિશ્વ એઈડ્સ દિવસ'ના સરકારી કાર્યક્રમનો બહિષ્કાર કરવામાં આવશે.

શિક્ષણ વિભાગના અણઘડ વહીવટ સામે ટાટ ના ઉમેદવારોએ પણ આંદોલનનું રણશિંગું ફૂંક્યું છે. પરીક્ષામાં ૪૭ હજાર પૈકી ૩૦ હજાર જેટલા ઉમેદવારો નાપાસ થતાં પરિણામ સામે ગંભીર સવાલો ઉઠ્યા છે. પુનઃમૂલ્યાંકનની ઉગ્ર માંગ સાથે મોટી સંખ્યામાં ઉમેદવારો ગાંધીનગર ખાતે એકઠા થયા હતા અને ભારે સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું.

તહેવારો બાદ તરત જ શિક્ષણ અને આરોગ્ય જેવા મહત્વના વિભાગો સામે શરૂ થયેલા આ ત્રિપાંખિયા જંગે સરકારને ભીંસમાં મૂકી દીધી છે. હવે જોવાનું એ રહેશે કે સરકાર આ આંદોલનકારીઓની માંગણીઓ સંતોષે છે કે પછી આંદોલન વધુ ઉગ્ર બને છે.

૩૦ હજાર નાપાસ થતાં ટાટ ઉમેદવારોએ પાટનગર માથે લીધું : સરકારના ઠાલા વચનોએ જ આંદોલનને હવા આપી

ભાજપના આંતરિક ખટરાગમાં સુમુલ ડેરીમાં ઉથલપાથલ : એમડીનું એકાએક રાજીનામું

બારડોલી, સોમવાર

સુમુલ ડેરીમાં ચૂંટણી બાદ ભાજપના આંતરિક ખટરાગમાં બદલાયેલા રાજકીય સમીકરણો અને ડિરેક્ટરો વચ્ચે જુથવાદમાં ખેંચતાણની સીધી અસર હવે ડેરીના વહીવટી માળખા પર જોવા મળી છે. ડેરીના મેનેજિંગ ડિરેક્ટર (એમ.ડી) અરુણ પુરોહિતે પોતાની નિવૃત્તિને હજુ ૧૧ મહિના જેટલો સમય બાકી હોવા છતાં પદ પરથી રાજીનામું આપી દીધું છે. બે મહિના અગાઉ આપેલા રાજીનામાને આજે મળેલી બોર્ડ બેઠકમાં સત્તાવાર રીતે મંજૂરી આપી દેવામાં આવી હતી.

નિવૃત્તિના ૧૧ મહિના પહેલા એમ.ડી. અરુણ પુરોહિતે રાજીનામું આપ્યું અને સ્વીકારી પણ લેવાયું : અગાઉ હટાવાયેલા ડૉ.પી.આર.પાંડેને ઈન્ચાર્જ એમ.ડી.નો ચાર્જ

એમ.ડી અરુણ પુરોહિતે કયા કારણોસર સમય પહેલા રાજીનામું આપ્યું તે અંગે સત્તાવાર રીતે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. આજે સોમવારે મળેલી નિયામક મંડળની બેઠકમાં એમ.ડી અરુણ પુરોહિતે આપેલું રાજીનામું મંજૂર કરતાં તેઓ આગામી તા.૩૦ નવેમ્બર સુધી મેનેજિંગ ડિરેક્ટર તરીકે પોતાની ફરજ બજાવશે. ત્યારબાદ બારડોલી નાગરિક સહકારી બેંકના એમ.ડી ડૉ.પી.આર.પાંડેને ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર તરીકેની જવાબદારી સોંપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમની ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી (ઓએસડી) તરીકે નિમણૂક કરવામાં આવી છે અને આ સાથે જ તેમને ઈન્ચાર્જ ડિરેક્ટર તરીકે પોતાની સેવાઓ આપી ચૂક્યા છે. ડેરીના વહીવટનો બહોળો અનુભવ ધરાવતા હોય ફરીથી મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. ડિરેક્ટરો વચ્ચેની આંતરિક ખેંચતાણ અને એમ.ડીનો વધારાનો ચાર્જ પણ સોંપવામાં આવ્યો છે.

સુમુલ ડેરીમાં શું છે આંતરિક ખટરાગ

સુમુલ ડેરીમાં છેલ્લા દાયકાથી ભાજપના બે જૂથ માજી પ્રમુખ માનસિંહ પટેલ અને માજી ઉપપ્રમુખ રાજુ પાઠક વચ્ચે રાજકીય ખટરાગ ચાલતો હતો. ગત ચૂંટણીમાં ભાજપે માનસિંહ પટેલને મેન્ડેટ ન આપતા એમના જૂથના મનાતા ચોર્યાસીના ધારાસભ્ય સંદીપ દેસાઈ અને રાજુ પાઠક વચ્ચે રાજકીય ખટરાગ આગળ વધતાં પ્રમુખ પદની ચૂંટણી પણ ભાજપ મોવડી મંડળે બે વખત મોકૂફ રખાવી હતી. બાદમાં પ્રમુખ પદે ગુજરાત સરકારના માજી મંત્રી કાંતિ ગામીત અને ઉપપ્રમુખ પદે સિનિયર ડિરેક્ટર ભરતસિંહ સોલંકીની નિમણૂંક કરી હતી. બંનેએ શાસન સંભાળ્યા બાદ પણ બંને જૂથ વચ્ચે ખટરાગ અને રાજકીય અણબનાવ બંધ ન થતાં છેવટે વહીવટી ફેરફારના ભાગરૂપે એમ.ડી અરુણ પુરોહિતનું રાજીનામું મંજૂર કરવામાં આવ્યું હોય તેમ જણાય છે.

એમ.ડીના રાજીનામા બાદ હવે સુમુલ ડેરીનું આગામી વહીવટી અને રાજકીય સમીકરણ કેવું રહેશે તેના પર સમગ્ર સહકારી ક્ષેત્રની નજર મંડાઈ છે.



સિંહદર્શનથી ૬ દિવસમાં રૂપિયા ૧.૫૯ કરોડથી વધુની આવક

અમદાવાદ,સોમવાર

દિવાળી પર્વમાં એટલે કે ૯થી ૧૫ નવેમ્બર દરમિયાન સૌરાષ્ટ્રના વિવિધ સફારી પાર્કમાં એશિયાઈ સિંહ દર્શન માટે અંદાજે કુલ ૮૦ હજારથી વધુ પ્રવાસીઓ ઉમટ્યા હતા. જેનાથી ગુજરાત વન વિભાગને રૂપિયા ૧.૫૯ કરોડથી વધુની આવક થઈ છે. વર્ષ ૨૦૨૫ના દિવાળી વેકેશનમાં આ સંખ્યા ૧૮,૧૧૪ રહી હતી. આમ, પ્રવાસીઓની સંખ્યામાં અંદાજે ૧૧.૯૭ ટકાનો વધારો થયો છે. તેવી જ રીતે, વન વિભાગની કુલ આવક ગત વર્ષના રૂ.૩૪ લાખથી વધીને આ વર્ષે રૂ.૩૮ લાખ પર પહોંચી છે, જે અંદાજે ૧૧.૧૦ ટકાની સીધી વૃદ્ધિ દર્શાવે છે.આ વખતે દિવાળીના વેકેશન દરમિયાન સૌથી વધુ ગીર અને દેવળિયામાં જીપ્સી અને બસ સફારી દ્વારા કુલ ૬૦,૬૬૧ પ્રવાસીઓએ સિંહ દર્શન કર્યા હતા જેના થકી આશરે રૂ.૧.૨૧ કરોડની આવક થઈ છે. ગત વર્ષ કરતાં પ્રવાસીઓની સંખ્યા વધતાં કુલ આવક પણ ૨૦૨૫ના આશરે રૂ.૧.૧૫ કરોડથી વધીને ૨૦૨૬માં આશરે રૂ.૧.૨૧ કરોડ પર પહોંચી છે.

ઝારખંડમાં જૈન યાત્રાળુઓની બસ ખીણમાં ખાબકતા સુરતના દંપતીનું મોત

(પ્રતિનિધિ દ્વારા) સુરત,સોમવાર

ઝારખંડના ગિરિડીહ જિલ્લામાં સુરતના જૈન તીર્થયાત્રીઓની બસ ખીણમાં ખાબકતા સુરતના એક દંપતીનું કરુણ મોત નીપજ્યું છે અને ૧૨થી વધુ યાત્રાળુઓ ઈજાગ્રસ્ત થયા હતા. સમેતશિખરજીની યાત્રા પૂર્ણ કરીને પરત ફરી રહેલા સુરતના યાત્રાળુઓની બસને મોડી રાત્રે લગભગ ૧૦ વાગ્યે ગંભીર અકસ્માત નડ્યો હતો. તેમનો ૨૫ વર્ષીય પુત્ર ભાવેશ અન્ય બસમાં હોવાથી તેનો બચાવ થયો છે.

ગાઢ ધુમ્મસને કારણે બસ ખીણાં ખાબકતા કાપડ દલાલ બાબુલાલ જૈન અને પત્ની બદામીદેવીએ જીવ ગુમાવ્યો

સુરતના આશરે ૫૦ જેટલા જૈન યાત્રાળુઓ સમેતશિખરજીનાં દર્શન કરી ૮ થી ૧૦ બસોના કાફલામાં ટાટાનગર રેલવે સ્ટેશન તરફ ટ્રેન પકડવા જઈ રહ્યા હતા. ગાઢ ધુમ્મસને કારણે એક બસના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ રસ્તાની બાજુના ઝાડ સાથે અથડાઈને ખીણમાં ખાબકી ગઈ હતી, જેમાં ૧૨થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. મધુબન પોલીસ અને સ્થાનિક લોકોએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી ફસાયેલા મુસાફરોને બહાર કાઢ્યા હતા. ઈજાગ્રસ્ત યાત્રાળુઓને વધુ સારવાર માટે હઝારીબાગ અને ધનબાદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જેમાંથી બેની હાલત ગંભીર છે. જ્યારે સુરતના કાપડ દલાલ બાબુલાલ વંશરાજ જૈન અને તેમનાં પત્ની બદામીદેવીનું (રહે. સોમચિંતામણી કોમ્પ્લેક્સ, અડાજણ-પાલ રોડ) મૃત્યુ નીપજ્યું હતું. આ બંનેના મૃતદેહોના ત્યાં તીર્થ સ્થળ પર જ અંતિમ સંસ્કાર કરવામાં આવશે.

બાબુલાલ વંશરાજભાઈ જૈન સુરત ટેક્સટાઈલ માર્કેટમાં કાપડ દલાલ તરીકે કામ કરતા હતા. તેમની સાથે તેમનો પુત્ર ભાવેશ પણ તેમને મદદરૂપ થતો હતો. સમગ્ર પરિવાર ખૂબ જ ધાર્મિક પ્રવૃત્તિવાળો હતો. ૧૦ વાગ્યે આ ઘટના બની તેના અડધા કલાક પહેલા એટલે કે ૯-૩૦ વાગ્યે બદામીદેવીએ મુનિસુવ્રત સ્વામી, પાર્શ્વનાથ ભગવાન અને ભૂમિયાજીની પૂજા કરતાં ત્રણ-ચાર વૉટ્સએપ સ્ટેટસ મૂક્યાં હતાં. રાત્રે ૯-૩૦ વાગ્યે તેમણે છેલ્લું સ્ટેટસ મૂક્યું હતું અને ૧૦-૧૫ વાગ્યે સંબંધીઓને બસ અકસ્માતના સમાચાર મળ્યા હતા.

વાવણી વિસ્તાર ૨.૬૧ લાખ હે.થી વધીને ૧૦.૪૩ લાખ હે.

ગુજરાતમાં વાવણીમાં વેગ: સપ્તાહમાં ૭.૮૧ લાખ હેક્ટરમાં બીજ રોપાયા

રાજકોટ,સોમવાર

ગુજરાતમાં અપુરતા વરસાદના કારણે ઓક્ટોબર એન્ડમાં શરુ થયેલું રવિ સીઝનનું વાવેતર તા.૧૬ નવેમ્બર સુધીના ત્રણ સપ્તાહ દરમિયાન તદ્દન મંદ રહ્યું હતું પરંતુ, ગત સપ્તાહથી વાવણી વેગવંતી બની છે. સત્તાવાર અહેવાલ મૂજબ એક સપ્તાહમાં જ ખેડૂતોએ ૭.૮૧ લાખ હેક્ટરમાં વિવિધ ૨૧ પ્રકારની કૃષિપેદાશોના બીજ રોપી દીધા છે.

ત્રણ સપ્તાહ નિરૂત્સાહ બાદ ઘંઉ,ચણાનું ઉત્સાહી વાવેતર રાઈ, ધાણા, જીરુ, લસણ, બટાટાનું વાવેતર વધી ગયું

રાજ્યમાં શિયાળામાં ઓક્ટોબરથી ફેબ્રુઆરીની આ સીઝનમાં સામાન્ય રીતે ઘંઉ,ચણા સહિત ૪૮ લાખ હેક્ટરમાં વાવણી થતી હોય છે. પરંતુ, આ વર્ષે ખાસ કરીને સૌરાષ્ટ્ર-ઉત્તર ગુજરાતના ડેમોમાં ગત વર્ષથી અર્ધો અર્થાત્ માત્ર ૪૫ ટકા જ પાણી સંગ્રહ ઉપરાંત જમીનમાં તળ પણ ઉંડા ગયા છે તે સ્થિતિમાં ગત તા.૧૬ સુધીમાં માત્ર ૨.૬૧ લાખ હે.માં વાવેતર થયું હતું પરંતુ, એક સપ્તાહમાં તે વધીને આજે ૧૦.૪૩ લાખ હેક્ટરને પાર થયું છે. જો કે ગત વર્ષથી તે ૧.૮૫ લાખ હે. ઓછુ છે.

આજ સુધીમાં ૧.૪૬ લાખ હે.માં ઘંઉ, ૧.૭૧ લાખ હે.માં ચણાનું વાવેતર થયું છે જે મોસમનું અનુક્રમે ૧૧ અને ૨૧ ટકા છે. પરંતુ, રાઈનું વાવેતર ૬૦ ટકાને પાર થઈ ૧.૬૫ લાખ હે.માં કરી દેવાયું છે જે ગત વર્ષથી પણ ૨૭ હજાર હેક્ટર વધુ છે.

આ ઉપરાંત મુખ્યત્વે સૌરાષ્ટ્રનો પાક ગણાતા ધાણા,જીરુમાં પણ ખેડૂતોનો ઉત્સાહ જોવા મળ્યા છે. ધાણામાં ૨૯ હજાર અને જીરુમાં ૭૪ હજાર હેક્ટરથી વધુ વાવેતર છે જે ગત વર્ષથી વધી ગયું છે. લસણનું વાવેતર ૪૪ ટકાએ પહોંચ્યું છે જે ગત વર્ષ કરતા નોંધપાત્ર વધીને ૬૮૩૩ હે.માં છે. આ ઉપરાંત બટાટાનું વાવેતર ગત વર્ષે ૬૮ હજાર સામે ચાલુ વર્ષે ૮૯ હજાર હેક્ટરમાં થયું છે.

સુરતના લેબગ્રોન ડાયમંડ ઉદ્યોગને

ચીનનો ઝટકો: રફ હીરાના ભાવમાં ૧૦ ટકા સુધીનો વધારો

(પ્રતિનિધિ દ્વારા) સુરત, સોમવાર

નેચરલ ડાયમંડની સાથે લેબગ્રોન ડાયમંડના કટિંગ અને પોલિશિંગના હબ ગણાતા સુરત શહેરના હીરા ઉદ્યોગ માટે ચીનથી ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. રો-મટિરિયલ્સ અને ઉત્પાદન ખર્ચમાં વધારાનું કારણ આગળ ધરીને ચીનની બે મોટી રફ સપ્લાયર કંપનીઓએ ભાવ વધારવાની જાહેરાત કરતા સુરતના ઉદ્યોગકારોની પડતર કિંમત વધવાની ભીતિ સેવાઈ રહી છે.

ચીનની અગ્રણી કંપની લિઆન ડાયમંડ અને ઝોંગનાન ડાયમંડે નવેમ્બરથી ભાવ વધારો ઝીંક્યો

સુરત માત્ર નેચરલ ડાયમંડ ઉદ્યોગમાં જ નહીં પરંતુ લેબગ્રોન ડાયમંડ ઉદ્યોગમાં પણ આગવી ઓળખ ધરાવે છે. નેચરલની જેમ લેબગ્રોન ડાયમંડનું પણ સુરતમાં કટિંગ અને પોલિશીંગ કરવામાં આવી રહ્યું છે. પરંતુ સુરતના લેબગ્રોન ડાયમંડ ઉદ્યોગ માટે આઘાતજનક સમાચાર ચીનથી આવ્યા છે. ચીનની લિઆન ડાયમંડ (હેનાન) કંપની અને ઝોંગનાન ડાયમંડ કંપની દ્વારા ભાવ વધારાની જાહેરાત કરવામાં આવી છે.

લિઆન ડાયમંડ કંપનીએ ૧ નવેમ્બર ૨૦૨૬થી અમલમાં આવે તેમ રફ લેબગ્રોન ડાયમંડમાં વર્તમાન ભાવ ઉપર ૧૦ ટકાનો વધારો કર્યો છે. જયારે ઝોંગનાન ડાયમંડ કંપનીએ રફ ઉપર કોઈ ફિક્સ નહીં પરંતુ મૂળ ભાવના આધારે યોગ્ય પ્રમાણમાં વધારો કરવાની જાહેરાત કરી છે. ભાવ વધારા પાછળ કાચા અને રો-મટિરીયલ્સના ભાવમાં વધારાને કારણે ઉત્પાદન ખર્ચમાં વધારાનું કારણ જણાવ્યું છું. લેબગ્રોન રફના ભાવ વધારાને પગલે સુરતના વેપારીઓના મત મુજબ રફ માલની પડતર કિંમત વધશે અને આગામી સમયમાં ભાવ વધારાની અસર પોલિશ્ડ ડાયમંડના ભાવ ઉપર પણ જોવા મળશે.

ડભોઈના ભાજપના ધારાસભ્ય ખુલ્લેઆમ કહે છે

રેતી-માટી ચોરી કરનારા પરિવારના સભ્યો હશે તો તેમનો બચાવ કરાશે

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,સોમવાર

ભાજપના સ્નેહમિલન કાર્યક્રમમાં ડભોઈના ધારાસભ્ય શૈલેષ સોટ્ટાના નિવેદનથી રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે. છોટાઉદેપુરમાં રેતી અને માટીની ચોરીના મુદ્દે વાત કરતાં તેમણે પરિવારના સભ્યો સંડોવાયેલા હશે તો તેમનો બચાવ કરવામાં આવશે તેમ જણાવી રેતી ખનન કરનારાના બચાવમાં જાહેરમાં નિવેદન કરતા વિવાદ સર્જાયો છે. જેની ગંભીર નોંધ પ્રદેશ કક્ષાએ પણ લેવાઈ હોવાનું જાણવા મળે છે.

ધારાસભ્ય સોટ્ટા કહે છે : ભાજપના અમુક નેતા એમ માને છે કે સંઘ કે વીએચપીના અગ્રણી પાછળ ફરીશું તો ટિકિટ મળી જશે

છોટાઉદેપુર વિસ્તારમાં રેતી ચોરીના મામલે સીઆઈડીમાં અરજી કરવામાં આવી છે અને તપાસ ચાલી રહી હોવાનો દાવો પણ તેમણે કર્યો હતો. ધારાસભ્યના આ નિવેદનથી ખનન ચોરી સામેની કાર્યવાહી અને તેમાં સંડોવાયેલા લોકોને બચાવવાના સંકેત અંગે સવાલો ઊભા થયા છે.

ડભોઈ ખાતે યોજાયેલા સ્નેહ સંમેલનમાં ભાજપના ધારાસભ્ય શૈલેષ સોટ્ટાએ જણાવ્યું હતું કે, છોટાઉદેપુરમાં માટી અને રેતી ચોરી અંગે સીઆઈડીને અરજી કરવામાં આવી છે અને તેની તપાસ પણ ચાલી રહી છે.

આ મામલે અમારી પાસે રેકોર્ડ છે. 'જ્યાં સુધી આપણા પરિવારના સભ્યો હશે ત્યાં સુધી તેમનો બચાવ કરવામાં આવશે. હું ડંકાની ચોટ પર સમજી વિચારીને આ બોલું છું.

આ ઉપરાંત ધારાસભ્યએ પક્ષમાં

(અનુસંધાન ૪થે પાને)

નવા પુરાવાઓ વિના આકારણી થઈ ગયેલા કેસોને રી-ઓપન નહીં કરી શકાય

કરદાતાએ માહિતી છુપાવી હોવાનું પુરાવા સહિત સ્પષ્ટ થાય ત્યારે જ કેસ રિઓપન થશે

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,સોમવાર

કરદાતાએ મૂળ એસેસમેન્ટ વખતે તમામ હિસાબો, બેલેન્સ શીટ અને દસ્તાવેજો પ્રામાણિકપણે રજૂ કરી દીધા હોય અને આવકનેરા અધિકારીએ તે તપાસીને ઓર્ડર પાસ કરી દીધો હોય, તો તે જ જૂના દસ્તાવેજોના આધારે વધી પછી ફરીથી નોટિસ આપીને આવકવેરા અધિકાર નવેસરથી આકારણી કરવા માટે કેસ ખોલી શકે જ નહિ.

આકારણીના કિસ્સાઓમાં કરદાતાઓને પરેશાન કરવા માટે સુધારાઓ અને ફેરફાર કરાતા હોવાનું જણાતા ટ્રિબ્યુનલનો નિર્ણય

આ નિર્ણય સાથે જ અધિકારીઓ દ્વારા અભિપ્રાય બદલાતા આકારણીના કેસ રિઓપન કરવા પર અંકુશ આવી જશે. માત્ર શંકાને આધારે પણ કેસ રિઓપન કરી શકાશે નહિ. ઘણીવાર આકારણી અધિકારી બદલાય ત્યારે નવા અધિકારીને એવું લાગે છે કે જૂના અધિકારીએ અમુક મુદ્દે કર લગાવવો જોઈતો હતો. કાયદા મુજબ,

નવા આકારણી અધિકારી જૂના આકારણી ઓર્ડરમાં અયોગ્ય જણાતું હોવાનું જણાવી આકારણી રિઓપન ન કરી શકે

રિએસેસમેન્ટની સત્તા એ ભૂલ સુધારવા કે રિવ્યુ કરવા માટે નથી. માત્ર વિચાર બદલાવાથી કે અર્થઘટન બદલાવાથી કેસ ફરી ખોલી શકાય નહીં. કરદાતાએ અગાઉ માહિતી છુપાવી હોવાનું પુરાવા સહિત થાય ત્યારે જ કેસ રિઓપન કરી શકાશે.

આમ કોર્ટે ઓડિટ ઓબ્જેક્શન આધારિત રિએસેસમેન્ટ રદ કરવાનું પસંદ કર્યું છે. આવકવેરા વિભાગ દ્વારા ઘણીવાર અગાઉ પૂર્ણ થઈ ગયેલા એસેસમેન્ટ-આકારણીના કેસ ફરીથી ખોલીને કરદાતાઓને માનસિક તાણ વધારવાની અને કરદાતાઓના સમયનો બગાડવાનું અને બિનજરૂરી કાયદાકીય ખર્ચનો બોજો વધારવાની પ્રવૃત્તિ કરતાં હોવાથી કોર્ટ આકારણી અધિકારીઓનો ઉધડો લીધો છે. તેમ કોર્ટે તેના પર બ્રેક લગાવી છે. પરિણામે આવકવેરા અધિકારીઓ દ્વારા આવકવેરા ધારાની

(અનુસંધાન ૪થે પાને)

